# રાજ્યભક્તિ.

અને

# વફાદારી.

भूपतये नमः

# રાજ્યભક્તિ

યાને

# વફાદારી.

લખનાર,


જયંતિલાલ મોરારજી.

મુ. સાણંદ.


---


પ્રકટ કર્ત્તા.

**ભાનુપ્રસાદ ગણુપતરામ પ્રાણુનાથ ત્રિવેદી**

**BHOROLE.**

ઈ. સ. ૧૯૧૨. પ્રત ૧૦૦૦.

કિંમત રૂ. ૧-૦-૦.

અમદાવાદ
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમા, શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

# પ્રકટકર્ત્તાની પ્રસ્તાવના.

આર્ય ધર્મશાસ્ત્રમાં અન્ય વિષયો સાથે વફાદારી યાને રાજભક્તિના વિષય ઉપર પણ યથાયોગ્ય વિવેચન કરવામાં આવેલું છે, એમ તેના અભ્યાસીઓને જણાયું છે. એવા પુરાણા પણ સર્વમાન્ય અને અતિ આવશ્યક સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરી, જનસમુહના ઉપયોગ માટે તેમની આગળ પુસ્તકાકારે રજુ કરવાની આવશ્યકતા કેટલાંક કારણસર જણાયાથી, તે હેતુ કોઇ ઉત્તમ લેખકના હાથે પાર પાડવા વિચાર થઇ આવતાં રૂ. ૧૦૦)નું ઇનામ કાઢી તે દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સદ્‌ભાગ્યે સદરહુ વિષય ઉપર કેટલાક સાહિત્ય-પ્રેમી લેખકો મળી આવ્યા, અને તેમણે પોતપોતાના નિબંધો મોકલાવ્યા.

આવેલ નિબંધો પૈકી સર્વોત્તમ નિબંધ કયો છે. તે નક્કી કરવા સાક્ષરોની જરૂર જણાવાથી તે સંબંધે ગુજરાતી પંચના મહેરબાન અધિપતિ સાહેબને લખતાં તેઓની સહાયતાથી યોગ્ય ગોઠવણ થઇ કમિટિ નીમવામાં આવી. જે વિદ્વાન કમિટિએ આવેલ નિબંધો તપાસી રા. રા. પુણ્ડરીકનો નિબંધ સર્વોત્તમ ગણી તે મુજબ તેઓને ખબર આપ્યા. જેના પરિણામે હાલનું પુસ્તક ગુજરાતી પ્રજા સમક્ષ રજુ કરવા પ્રસંગ મળ્યો છે.

આ પુસ્તક પ્રકટ કરવામાં આ દેશની પ્રજામાં રાજ્યભક્તિ સબંધે ન્યૂનતાછે માટે સદરહુ પુસ્તક શિખામણરૂપે થઇ પડે તેવો કંઇ પણ ખાસ હેતુ નથી, પરંતુ સમગ્ર વ્યક્તિનાં માણસો કેવી રીતે પોતાના નિત્યકામને અનુસરતાં રહી; રાજ્યભક્તિની ઉત્તમ છાપ પોતાના—તેમજ પોતાના સંબંધીઓ ઉપર પાડી, ઉન્નતિ સાધી શકે તેજ છે. અને આશા છે કે તે હેતુ સચવાઇ શકાશે. વળી તેની સાથે નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુના તા. ૧૨–૧૨–૧૧ ના દિલ્હી દરબારની યાદદાસ્ત શહેનશાહતના ત્રણ પેઢીના નોકરથી જળવાઇ રહેવાનો ઉચ્ચ આશય તેમાં સમાયેલો છે. તેમજ છેલ્લી અનાવૃષ્ટિથી જે હાડમારી ગુજરાતના આ પ્રદેશમાં વેઠવી પડે છે તેમાં સદરહુ પુસ્તકના વેચાણદ્વારા ઉપજેલી રકમમાંથી યોગ્ય મદદ કરવાની છે. તેની સાથે બ્રિટિશ હિંદુસ્તાનમાં જ નહિ પણ કેટલાંક

દેશી રાજ્યોમાં પણ કેટલાક ઉચ્છૃંખલ મનુષ્યોના કૃત્યોથી જે ડાઘ હિંદની વફાદાર પ્રજાને લાગ્યો છે અને જેના પરિણામે તેઓ તરફ શંકાશીલ દૃષ્ટીથી જોવામાં આવે છે, તેવો પ્રસંગ ન આવે તે હેતુથા બચપણથીજ આવી જાતનું શિક્ષણ મળતું રહે, તો રાજ્યભક્તિ વધારે સુદૃઢ થાય એ હેતુને પણ વિસારે મેલવામાં આવ્યો નથી.

છેવટમાં આ પુસ્તકના લેખક રા. રા. પુણ્ડરીક તથા સાક્ષર રા. રા. ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી, બારીસ્ટર એટ–લો. તથા રા. રા. હીરાલાલ નાથાભાઇ પારેખ બી. એ. જેઓએ સદરહુ વિષય ઉપર આવેલ નિબંધો તપાસી યોગ્ય મદદ કરીછે તેમનો તથા રા. રા. સોમાલાલ મંગળદાસ જેમના તરફથી સદરહુ નિબંધની શરૂઆતથી છેવટ સુધી અપૂર્વ સાહાય્યને લીધે સદરહુ પુસ્તક પ્રકટ થયું છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ભોરોલ.<br>પોસ્ટ–વાવ.<br>તા. ૧૫–૪–૧૨.

B. G. P. Trivedi.<br>**બી. જી. પી. ત્રિવેદી.**<br>પ્રકટકર્તા.

---

# નિવેદન.

રાજ્યભક્તિ જેવા વિસ્તીર્ણ-અપરિમિત-વિષય માટે આ નિબંધ એ પ્રસ્તાવના રૂપછે, એમ કહેવું એ પણ સંદિગ્ધતાના વહનમાં તણાયા જેવું છે; છતાં પણ માનવહૃદયની કેટલીક પવિત્ર લાગણીઓ એટલી બધી સુદૃઢ હોયછે, કે તેને હરકોઇ સ્વાભાવિક, આવશ્યક અને પવિત્ર વિચારો સંબધે પુનઃ પુનઃ જાગૃદાવસ્થા ઉત્પન્ન થાયછે, તેટલા માટેજ આ નિવેદન અસ્થાને નહિ થઇ પડે !

જેવી પવિત્રતા અને સહૃદયતાની વિશુદ્ધિથી આ નિબંધની સંકલના કરી વિચારો દર્શાવવામાં આવ્યાછે, તે જો કે વસ્તુવિસ્તારના પ્રમાણમાં બિલકુલ અલ્પછે, એ ખરી વાત; પણ તેની સાથે એ વિચારો ઉપયોગી અને આવશ્યક છે એ ન ભૂલવું જોઇએ.

આપણે સંપૂર્ણ રીતે રાજ્યભક્ત છીએ; આપણે આપણા રાજાને પરમેશ્વર તુલ્ય માનીએ છીઅ; તેની સેવા એ આપણા કલ્યાણનો માર્ગ છે એમ સમજીએ છીએ; રાજ્યસેવા એ આપણી સર્વોત્તમને પ્રથમ ફરજછે, એ આપણા લક્ષ્યની બહાર નથી; આપણા જન્મ સાથેજ આપણે રાજ્યભક્ત છીએ એં અનુભવ આપણો ખોટો નથી; આ પ્રમાણે આપણી ભાવનાઓ સંપૂર્ણરીતે રાજ્યભક્તિથી અંકિત થએલીછે, છતાંય પણ આપણી એ સમજણમાં, માનીનતામાં, સેવ્ય સેવક ભાવનાની ઉચ્ચસ્થિતિમાં, અને રાજ્યભક્તિ સબંધેની જિજ્ઞાસાના પોષણાર્થે, આ નિબધ સાહાય્યભૂત થશે ખરો.

કારણકે આપણું હૃદય એ જિજ્ઞાસુ હૃદયછે. ખરી રીતે કહીએ તો જે વાચક હૃદયમાં અવિરતપણે જિજ્ઞાસાવૃત્તિના પ્રવાહોના ઉદ્બોધ થયા કરેછે તેજ વાચકહૃદય ખરૂં સત્કારીછે. જેનામાં સદ્ વિચાર અને ન્યાય્ય વૃત્તિયુક્ત તુલનાશક્તિછે; જેનામાં ગ્રંથપ્રયોજન અને તેની સાથે કર્ત્તાનો હૃદયયુક્ત સંબંધ સમજવાની શક્તિછે; તથા જેનામાં જમાનાને ઓળખી, માનવ જિવનના કલ્યાણનો પવિત્ર માર્ગ શોધવાની આવડતછે, તેજ મનુષ્ય વાસ્તવિક જિજ્ઞાસુછે એમ કહી શકાય. આ પ્રકારની પવિત્ર જિજ્ઞાસાવૃત્તિથી આ નિબંધનું આદ્યંતવાચન થશે તો રાજ્યભક્તિ એ એક આપણી ખાસ ફરજછે તેની સમજણ થયા વગર નહિ રહે !

એમ છતાંય આ નિબંધ સ્વજ્ઞાનદર્શન કરાવવાના ઉદ્દેશથી, કે લેખકની પક્તિઓમાં સ્થાન મેળવવાના અભિલાષથી, કે ઐહિક સુખોત્પાદક સાધનોનો સંચય કરવ ની કેવલ એક દેશીય વાસનાથી,

કે પ્રતિષ્ઠાની પ્રબળ ઇચ્છાથી નથી લખવામાં આવ્યો; પરન્તુ આપણુ સર્વમાં અંકુરરૂપે રહેલાં સાહજિક કર્ત્તવ્યનું આ ફલ માત્રછે. એટલે નિબંધમાંના દર્શિત વિચારો વાચક સમક્ષ ઉપદેશકરૂપે કાર્ય કરી, પોતાની સ્થિરતા જાળવવા સબંધે મજબૂત દુરાગ્રહ કરે છે એવું નથી. કારણકે જે વસ્તુ કે ભાવના સર્વમાન્યછે તેના સ્વીકાર માટે તેમાં આગ્રહ કે દુરાગ્રહને સ્થાન મળે એવું સંભવેજ નહિ. તેવી બાબતમાં તો પ્રત્યેક મનુષ્ય એ પોતાનોજ ઉપદેશક અને પોતાને સન્માર્ગે પ્રવૃત્તિ કરાવનાર નેતાછે. અર્થાત્ કે આ પ્રકારના વિષયને અને વિચારોને યોગ્ય રીતે ગ્રહણ કરી મનુષ્ય તરીકેની વફાદારી બતાવવી એ પ્રત્યેક માનવીનું કર્ત્તવ્ય જ છે.

પણ રૂઢી ન્યાય્યે માનસિક શુભ ભાવનાઓનો પુનરૂદ્ધાર થવો જરૂરનોછે, તેટલા માટેજ તે ભાવનાઓને લગતાં અને સામાજિક સર્વમાન્ય વિચારો પ્રદર્શિત તથા ચર્ચિત કરનારાં પુસ્તકોનો પ્રચાર થાય તો તે ખોટું નથી. આથી મનુષ્યને પોતાનો ઉપદેશક થતાં વધારે સરળતા શું નહિ પ્રાપ્ત થાય ?

આપણા અત્યારના બાલસમાજને અને સ્ત્રી તથા પુરૂષ વર્ગને આવા પ્રકારના વિચારોનું જ્ઞાન હોવું એ જરૂરનુંછે. સદરહુ નિબંધમાં સ્ત્રીવર્ગ, પુરૂષવર્ગ, અને બાલવર્ગને રાજ્યભક્તિ સંબંધે તેઓના અંતઃકરણમાં કંઇક પ્રકાશ પડે તે માટે યથામતિ કહેવામાં આવ્યું છે, પરંતુ તે માત્ર કંઈકજ છે. આ આવશ્યક વિષય ઉપર આવાં એક નહિ પણ અનેક પુસ્તકો થવાની જરૂરછે.

પ્રુફ સુધારવામાં બનતા પ્રયત્ને સાવચેતી રાખવામાં આવીછે. છતાંય જો ક્યાંક-ક્યાંક દોષ જોવામાં આવે, તો તે તરફ વાચકવર્ગ પોતાનું ઔદાર્ય દર્શાવશે એવો અભિલાષછે. પુનઃ વાચક સમૂદાયને નમ્ર વિનતિ કે નિબંધના વાચનનું વાંચ્યા પછી વિસર્જન કરતાં સંરક્ષણ થશે તો કર્ત્તા તેમજ પ્રકટ કર્ત્તા પોતાનો પ્રયત્ન સફળ થયો માનશે.

અન્તે પ્રકટકર્ત્તા શા. રા. ત્રિવેદીએ પોતાની વફાદારીની ઉત્તમ ફરજ બજાવી, મારા અલ્પ વિચારને પ્રસિદ્ધિમાં લાવવાની યોગ્ય ભયે જે ઉત્તમ તક મેળવી આપી છે, તેમના; તથા જે સાક્ષર કમિટિએ નિબંધ તપાસી તેને પ્રસિદ્ધિ લાયક ગણ્યોછે તે ખાતર તેમના પણ ઉપકારનું વિસ્મરણ નહિ થાય.

પુણ્ડરીક.

## અનુક્રમણી :—

# અર્પણ પત્રિકા.

મહેરબાન વાલાશાન કર્નલ એચ. ડી. મેરીવેધર
સાહેબ બહાદુર, પોલીટીકલ એજન્ટ,
જીલ્લે પાલણપુર.

પરમકૃપાળુ શહેનશાહ પાંચમા જ્યોર્જ
અને
શહેનશાહબાનુ મેરીના—દિલ્હી દરબારના
ચિરસ્મર્ણિય અને અદ્વિતીય પ્રસંગની યાદદાસ્ત તરીકે
લખાવેલ આ ઈનામી નિબંધ—ચાલુ સાલની અના-
વૃષ્ટિને લીધે—ભુખમરો વેઠતા હજારો બલકે લાખો
જીવના સંકટનિવારણ અર્થે આપે કૃપાવંત થઇ,
જે અથાગ પરિશ્રમથી સમગ્ર વ્યક્તિનો
શહેનશાહત પ્રત્યે કદી વિસરાય નહીં તેવો
ભક્તિભાવ ઉત્પન્ન કર્યો છે; તેવા સ્તુત્ય
પ્રયત્નોમાં યત્કિંચિત મદદગાર થઇ
પડવાના શુભ આશયથી લોભાઇ—
આપની રજામંદીથી ઘણાજ
માનપૂર્વક આપને અર્પણ
કરૂં છું.

હું છું
આપનો હમેશનો આજ્ઞાંકિત સેવક
ગણપતરામ પ્રાણનાથ ત્રિવેદી.

# અગત્યની શુદ્ધિ.

| પૃષ્ઠાંક. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|
| ૨ | बुद्धि भक्त प्रिय | बुद्धिः भक्तः प्रियः |
| ૫ | ત્રિગુણાધિન | ત્રિગુણાધીન |
| ૧૪ | द्यौ र्भुवा | द्यौर्भुवा |
| " | पर्वता | पर्वता |
| ૧૭ | स्वामि | स्वामी |
| ૧૭, ૫૪ | સ્મૃદ્ધિ | સમૃદ્ધિ |
| ૧૯ | मनुषेभ्यः | मनुष्येभ्यः |
| ૨૮, ૧૧૨ | द्विभूजः | द्विभुजः |
| ૩૨, ૩૪, ૯૯ | અદ્‌ભૂત | અદ્‌ભુત |
| ૪૮ | સૂબા | સુબા |
| ૬૨ | स्तुति | स्तुतिः |
| ૬૩ | પઢી | પદવી |
| " | कर्मणामपशमः | कर्मणामशमः |

---

| | | |
|---|---|---|
| નિવેદન | જાગૃદાવસ્થા | જાગ્રદવસ્થા |
| " | ખેટા | ખોટા |

# શરૂઆત.

આપણા લોકો મૂળથીજ ધર્મવૃત્તિના ગણાય છે, ને તેથીજ આપણાં ધર્મ પુસ્તકોમાનું તત્વજ્ઞાન ( Philosophy ) પાશ્ચાત્ય દેશોના તત્વજ્ઞાન કરતાં ઉચ્ચતર છે. ખરી રીતે કહીએ તો પૂર્વે આપણે આપણું જિવનસાફલ્ય માત્ર વિદ્યામાંજ નહિ પરન્તુ સત્‌ચિત્‌ ને આનન્દરૂપ તત્વજ્ઞાનમાં માનેલું હતું. મતલબ કે જ્ઞાનના ઉચ્ચ શિખરે વસવામાંજ આપણે અલૌકિક સુખ માનનારા હતા. હજી પર્યંત આપણે અન્ય સામાજિક ભાવના કરતાં ધર્મ ભાવનાને આપણા સંસારમા, વ્યવહારમાં, ને પ્રત્યેક કાર્યમાં અગ્રસ્થાન આપીએ છીએ; અને એ ધર્મવૃત્તિનો પૂરેપૂરો સત્કાર કરીએ છીએ. આપણી એ ભક્તિમય ધર્મવૃત્તિનો લાભ લઇ આપણામા અનેક રાજકર્તાઓએ ને પાશ્ચાત્ય વિદ્વાનોએ વિશ્વાસ મુકેલો છે. વળી આપણે સામાજિકને વૈજ્ઞાનિક સિદ્ધાંતો કરતાં ધાર્મિક સિદ્ધાંતોને વધારે સહેલાઇથી ને સરળતાથી સમજી શકીએ છીએ. તેથીજ દુનીઆમાંના મુખ્ય મુખ્ય ધર્મ સંસ્થાપકોની ગણતરી કરતાં તેમાં ભરતવર્ષના ધર્મ સંસ્થાપકો અગ્રપદે વિરાજે છે. દયાને સમાન ભાવનાના નેતા ભગવાન્‌ બુદ્ધ, અદ્વૈતવાદનો અખંડ ઝરો વહેવરાવી જગતને બ્રહ્મજ્ઞાન દર્શાવનાર જગદ્વિખ્યાત સ્વામિ શંકર, મહાત્મા મનુ આદિ સ્મૃતિકારો, ગૌતમ કપિલ ને પતંજલી આદિ દર્શનકો, હમણાજ થઇ ગએલા ચૈતન્ય, રામાનુજ, વલ્લભાચાર્ય, ને સહજાનંદ તથા કબીર, નૃસિંહ મહેતો વગેરે ભક્ત કવિઓ એ સૌ ભારતવર્ષનાંજ સંતાન છે. સિવાય અજ્ઞાન ને જડ આરબ લોકોને પ્રેમ ને એકતાનો પાઠ શિખવી અંધકારમાંથી ઉજાસમાં દોરી લઇ જનાર મહાત્મા મહમદ પયગંબર, વિશ્વાસનું પરમતત્વ શિખવનાર પ્રભુ તુલ્ય ગણાતા ઇસુક્રિસ્ત, તથા જરથોસ્ત પયગંબર એ વગેરે પણ ભારતવર્ષના ધર્મ ઉજાસમાં ઉછરેલા હોઇ આપણાજ ગણાય.

ખરી વાત છે કે ધર્મના ગૌણુ-લઘુ-સિદ્ધાતો જમાનાને આધીન છે. તેથી બહારથી ધર્મના સ્વરૂપનો વ્યુત્ક્રમ લાગે એ સ્વાભાવિક છે; પરન્તુ તેથી ધર્મના મુખ્ય સિદ્ધાંતોનો, કે હૃદયમાં ચિતરાયેલાં

ધર્મનાં મૂળ તત્વોનો તો કદિ પણ નાશ થતો નથી. આપણામાં આવી રીતે ધર્મની ઉદારતા છે. તેમાં પણ આપણા વડીલોએ, શાસ્ત્રવેત્તાઓએ ને ધર્મોપદેશકોએ સર્વે કરતા ભક્તિ માર્ગને પ્રાધાન્ય આપ્યું છે. ભક્તિ એટલે **શ્રદ્ધાયુક્ત ભાવનાની તલ્લીનતા.** હરકોઈ વસ્તુ કે ભાવના તરફ આપણા આત્માની એકતા થાય અથવા શ્રી કૃષ્ણ ભગવાન્ કહે છે તેમ '**મય્યર્પિત મનોબુદ્ધિ યો મે ભક્ત સ મે પ્રિય**' તે વસ્તુને આપણે મન ને વચન અર્પણ કરીએ ત્યારેજ વાસ્તવિક ભક્ત ને ભક્તિ સ્વરૂપ સમજાય. અગર જો આ પ્રમાણે ભાવનાની તલ્લીનતા થવી એ બહુ પરિસ્થિતિ છે, પરન્તુ તેની પ્રાપ્તિને માટે ચિત્તની એકાગ્રતા ને કંઇક અલ્પ અનુપાધિન જિવન વ્યતિત કરવું એ બનવા જોગ છે. અનુપાધિત જિવન અવસાયિનથી ન ગાળી શકાય એ સ્વાભાવિક છે. તેને માટે તો કર્મ પરાયણતા ને વિવેક વિચારણા જોઇએ. જો કર્મ પરાયણતા ને વિવેક વિચારણાથી હરકોઇ કાર્ય બને તો તેમા અવશ્યમેવ જય મળે. ભક્તિમાર્ગમાં પણ આ બે સત્રોનું અવલંબન આવશ્યક છે. અગર જો ભક્તિ માર્ગની શ્રેષ્ઠતા અત્યુત્તમ છે, પરન્તુ આ બે આલંબન રહિત એ શ્રેષ્ઠતા માત્ર નામનીજ સમજવી. માટે સુખપ્રદ જિવન ગાળવા માટે, ને ભક્તિ માર્ગનું ગૂઢ રહસ્ય સમજવા માટે, કર્તવ્યનિષ્ઠ ને વિવેકી બનવું જરૂરનું છે, ને તેથીજ આપણે પ્રત્યેક કાર્યમાં ભક્તિમય બની શકશું.

વિદ્યાર્થિ વા લેખક પુસ્તકોનું સ્મરણ મનન ને નિદિધ્યાસન કરે છે, તેપણ ભક્તિ. સુથાર ઘડવાનું કાર્ય કરે છે, તેપણ ભક્તિ. વેપારી વેચવાનું વા દ્રવ્ય વિનિમયનું કાર્ય કરે છે, તેપણ ભક્તિ. શિક્ષક શિખવવાનું, વક્તા બોલવાનું ને વૈજ્ઞાનિક શોધખોળનુ કાર્ય કરે છે તે પણ ભક્તિનુંજ માહાત્મ્ય. પક્ષી ઉડે છે, જલચર જળમાં ભ્રમણ કરે છે, સૂર્ય ચંદ્ર નિયમિત પ્રકાશે છે ને વનસ્પતિ પ્રત્યેક ઋતુમાં ફાલે છે તે પણ ભક્તિનોજ પ્રતાપ: કોઇ પણ કાર્યમાં નિયમિત રીતે સદ્વિચાર પૂર્વક ચિત્તની એકાગ્રતાથી મંડયા રહેવું ને તેને સારધાર પાર ઉતારવું તેમાંજ ભક્તિનું વાસ્તવિક રહસ્ય સમાયેલું છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ ભક્તિ વગર થઇ શકતી નથી. શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને શિખામણ આપતાં કહ્યું છે કઃ—

**न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव।**
**न स्वाध्याय स्तपस्त्यागो यथाभक्तिर्ममोर्जिता ॥**

**અર્થ કેઃ**—પરમાત્મા યોગથી, સાંખ્યથી, ધર્મથી (આડંબરરૂપ) સ્વાધ્યાયથી કે દાનથી વશ નથી થતા પરન્તુ ભક્તિથી વશ થાય છે.

આવી રીતે પરમાત્માને વશ કરવાનું અત્યુત્તમ સાધન ભક્તિ છે. આમ પરમાત્મા પણ જ્યારે ભક્તિવડે વશ થાય છે; ત્યારે સામાન્ય પ્રાણી પદાર્થોને ભક્તિથી વશ કરવા એ કંઈ દુઃસહ કાર્ય નથી. પિતા પિતૃભક્તિથી પ્રસન્ન રહે છે; માતા માતૃભક્તિથી પ્રસન્ન રહે છે; દેવ દેવભક્તિ-સેવા-થી પ્રસન્ન રહે છે; મિત્ર મિત્રશ્લાઘાથી પ્રસન્ન રહે છે; સ્ત્રી સ્ત્રીભક્તિ-એક પત્નીવ્રત-થી પ્રસન્ન રહે છે; ગુરૂ ગુરૂભક્તિ-સેવા-થી પ્રસન્ન રહે છે, તેમ રાજા રાજ્યભક્તિથી પ્રસન્ન રહે છે.

પારલૌકિક કલ્યાણ માટે પ્રભુ ભક્તિની આવશ્યકતા છે; તેની સાથે રાજ્યભક્તિની પણ તેટલીજ આવશ્યકતા છે. રાજ્યભક્તિથીજ માણસ પોતાનું જિવન આનંદથી, સુખથી ને સંતોષથી ગાળી શકે છે. રાજાની સત્તા પ્રબળ છે. રાજા એ પરમેશ્વરનો પયગમ્બર છે એમ કહીએતો ચાલે. સમગ્ર વિશ્વવ્યૂહનો સ્વામિ જ્યારે પરમેશ્વર છે ત્યારે વિશ્વના અમુક ભાગનો સ્વામિ રાજા છે. એ રાજાનું કલ્યાણ ઇચ્છવું ને રાજ્યની ચડતી કળા ઇચ્છવી, તેમાંજ આપણો આનન્દ, સુખ ને સંતોષ સમાયેલો છે. રાજાની અપ્રસન્નતા મેળવી કયો માણુસ સુખી થયો છે ? વળી દેવભક્તિ કરતાં રાજ્યભક્તિ કંઇ ઉતરે તેમ નથી. રાજ્યભક્ત નર કર્મવશાત્ સારી કીર્તિ પ્રાપ્ત કરી માનવતો બને એતો શક્ય છે; પરન્તુ તેની સાથે એ ઇષ્ટ કૃપા પ્રાપ્ત કરી લે છે એ ન ભૂલવું જોઇએ. આમ જો ઐહિક સુખ ભોગવાય તોજ પારલૌકિક સુખને માટે સાધન સંપન્ન થવાય છે. દુઃખી સ્થિતિમાં દુઃખનો નિકાલ કરવા માટેજ માત્ર ઉપાય યોજાય છે ને તેમાંજ નિરંતર ચિત્ત ભમતું રહે છે; પરન્તુ સુખી સ્થિતિમાં રહેલો સજ્જન સુખમાં નહિ છકી જતાં પોતાના એ વૈભવથી પારલૌકિક સુખનો સંચય કરે છે.

એટલે જો ખરી રીતે કહીએ તો મોક્ષને માટે બીજાં અનેક સાધનો તૈયાર કરવાં તેમાં ભક્તિ એ આવશ્યક સાધન છે. ભક્તિની

જેહતા કર્ત્તવ્યથી સચવાય છે ને કર્ત્તવ્યના વિશાળ પ્રદેશમાં રાજ્ય ભક્તિરૂપ વિભાગ એ મુખ્ય છે. વ્યાવહારિક ને ધાર્મિક મનુષ્ય સ્થિતિમાં જે મનુષ્ય વ્યાવહારિક સ્થિતિમાં પારંગત થઇ શકે છે તેજ મનુષ્યે ધાર્મિક સ્થિતિમા પારંગત થવાનો અભિલાષ રાખવો એ યોગ્ય છે. તેથીજ આપણા પૂર્વજોએ ચાર આશ્રમની સુયોજના કરેલી છે. વ્યાવહારિક સ્થિતિમાં રાજ્યભક્તિ એ પરમ કર્ત્તવ્ય ગણાય છે, જ્યારે ધાર્મિક સ્થિતિમાં અર્થાત્ કે ચતુરાશ્રમની યોજના પુરઃસર કહીએ તો જિવનની ચોથી સ્થિતિમા–સંન્યાસાશ્રમમાં–પ્રભુભક્તિ એ પરમ કર્ત્તવ્ય ગણાય છે.

વળી આપણામાં એક પ્રચલિત દુહો છે તે એ કે—

**જનની જણજે ભક્તજન કાં દાતા કાં શૂર;**
**નહિતો રહેજે વાંઝણી રખે ગુમાવે નૂર.**

પ્રભુભક્તિ કરવી તે પણ ભક્તિ; શ્રદ્ધાપૂર્વક દાન આપવું તે પણ ભક્તિ ને યથોચિત શૂરત્વ દાખવવું તે પણ ભક્તિ એ પ્રમાણે તે ત્રણ સિદ્ધાંતોને દુહામા સ્થાન મળ્યુ છે.

આપણા લોકો શૂરત્વને વધારે માન આપે છે એ સર્વ માન્ય સિદ્ધ છે. શૂરત્વનો વાસ્તવિક અર્થ રાજ્યભક્તિજ થાય છે. આપણા ઇતિહાસમાં એવા ઘણા દાખલા છે કે: ઘણા વીર નરોએ રાજ્યને ખાતર યુદ્ધમાં સર્વસ્વનો ત્યાગ કરી યુદ્ધમાંજ મરવું યોગ્ય ધાર્યું છે. વળી પ્રભુભક્તિ એ માત્ર આત્મ સ્વાર્થના માર્ગરૂપ છે, જ્યારે રાજ્ય ભક્તિ આત્મ સ્વાર્થ સાથે પરાર્થરૂપ બની સમગ્ર રાજ્યને માટે સુખરૂપ સાધન ઉત્પન્ન કરે છે. રાજ્યભક્ત નરોએ ઘણાનો ઉદ્ધાર કર્યો છે, ઘણાને તાર્યા છે ને ઘણાને ડુબતા બચાવ્યા છે રાજ્યભક્તિમાંજ આપણું, આપણા કુટુંબનુ ને સમગ્ર દેશનું કલ્યાણ તત્વ સમાયેલું છે. આખા દેશના ભવિષ્યના જિવનનો આધાર એ આધારભૂત રાજ્ય ભક્તિ ઉપર છે. સાંપ્રતમાં દેવભક્તિ કરતાં રાજ્યભક્તિની વિશેષ જરૂર છે. અત્યારનો જમાનો નરસિંહમહેતો, મીરાંબાઇ ને સુરદાસનાં ચરિતો કદાચ સાંભળશે પરન્તુ તેને બદલે નેલ્સન ને વેલિંગ્ટન જેવા રાજ્યભક્ત વીર નરોને ઓછું માન આપશે નહિ ? તેઓનાં ચરિતો આનન્દથી સાંભળી સ્વીકારાશે એટલુંજ નહિ પરન્તુ તેવાઓને અગ્રસ્થાને બેસાડી પૂજ્યભાવનાથી સત્કારશે. આ માટેજ રાજ્યભક્તિ એ ચર્ચવા યોગ્ય વિષય છે. **અસ્તુ.**

# સત્તાની આવશ્યકતા.

સત્યંજ્ઞાન મનંતંબ્રહ્મ વેદાંતિઓ સત્ય, જ્ઞાનસ્વરૂપ એવું અનંત-અનાદિ-બ્રહ્મજ માત્ર માને છે. નૈયાયિકો તટસ્થ રીતે ઇશ્વરનુ જગતકર્તૃત્વ સ્વીકારી માત્ર સોળ તત્વનેજ આદર આપે છે ને તેનું ચિંતન એજ મોક્ષનુ સાધન છે એમ માને છે. કણાદમુનિના વૈશેષિક મતવાદિઓ પણ નૈયાયિકોની માફક જગતકર્તાને માની માત્ર ષટ્તત્વનો સ્વીકાર કરે છે. કપિલ પ્રણિત સાંખ્યશાસ્ત્રના મતાનુયાયિ નિરીશ્વર તથા સેશ્વર માનેછે. પરન્તુ એ ઉભયનો પચીશ તત્વમાજ સમાવેશ કરે છે જગત્ કર્તૃત્વ સત્વ, રજ ને તમ એ ત્રિગુણાધિન છે. તેઓ સ્વમતની તેમજ સ્વસિદ્ધાંતની સ્થિરતા દર્શાવવા માટે પ્રત્યક્ષ, લૈંગિક ને શાબ્દિક પ્રમાણની આવશ્યકતા ધારે છે. વળી યોગશાસ્ત્રના અધિષ્ઠાતા પતંજલીએ એક વધારે તત્વ ઇશ્વર તેનો તથા મોક્ષનો સ્વીકાર કરી યોગશાસ્ત્ર રચ્યું છે. જેમાં ચિત્તની એકાગ્રતા કરવા માટે યોગનાં અષ્ટાંગ—યમ, નિયમ, આસન, પ્રાણાયામ,

ધર્મોએ માનેલી સત્તા

પ્રત્યાહાર, ધ્યાન, ધારણા ને સમાધિ—એઓનો બહુ સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. જ્યારે જૈમિનીય દર્શને—પૂર્વમિમાંસામાં વેદનેજ ઇશ્વર સ્વરૂપ માન્યું છે. તેઓ વેદ વચનનેજ પ્રમાણ સિદ્ધ માને છે; તદુપરાંત સ્વમતની સિદ્ધતા માટે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ ઉપમા, અર્થાપત્તિને અભાવ એ પ્રમાણે ષટ્ પ્રમાણ માને છે. ચાર્વાક મતવાદિઓ **ऋणंकृत्वा घृतं पिबेत्** એમ સ્વીકારવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે; કારણ કે **भस्मिभूतस्य देहस्य पुनरागमनं कुतः।** આપણો દેહ પૃથ્વી, જલ, તેજને વાયુ એ ચાર તત્વોનો બનેલો છે. મૃત્યુ પછી એ ચાર તત્વો અસલ સ્થિતિમાં આવી જાય છે તો પછી પુનરૂજન્મનો સવાલજ ક્યાં રહ્યો? અર્થાત્ કે પુનરૂજન્મ, પાપ, પુણ્ય આદિ કઇજ છે નહિ. માટે દેવાદાર થઇએ તો ભલે પણ આ દુનીઆમાં મોજમજા ઉડાવવી એજ ખરૂં છે. બુદ્ધદેવે પ્રેમભાવના એ તત્વનો, સર્વમાન્ય અહિંસા એ ધર્મનો ને નીતિ સત્ય વગેરે સામાજિક નિયમોનો પ્રસાર કરી ક્ષણિક વાદનો સ્વીકાર કરેલો છે.

જૈન મતે વસ્તુનું સત્ અને અસત્ સ્વરૂપ સિદ્ધ કર્યું છે. તથા ક્ષણિક વાદનું ખંડન કરી વસ્તુની વા ભાવની નિત્યતા અથવા અનંતતા સિદ્ધ કરી છે. સાત પ્રમાણોને સ્વીકાર્યા છે. જીવ ને અજીવ એ બે મુખ્ય તત્વોમાં પાપ, પુણ્ય, સંવર આસ્રવ, નિર્જરા, બંધ ને મોક્ષ આ સાત તત્વો ઉમેરી નવ તત્વને માનેલાં છે. જગતને અનાદિ માની ઇશ્વરનું ખંડન કર્યું છે; પરન્તુ તિર્થંકરોને દેવ માની મોક્ષની ભાવના સ્વીકારવામાં આવી છે.

આવી રીતે દુનીઆમાં કોઇ દ્રવ્યની, કોઇ શક્તિની, કોઇ પરિણામની, કોઇ આનન્દની, કોઇ ઇશ્વરની તો કોઇ આત્માની સત્તા માને છે; પરન્તુ આપણે તો ઇશ્વર-એ-સત્તાનો સ્વીકાર કર્યો છે. **मुण्डे मुण्डे मतिर्भिन्ना**એ ન્યાયે કોઇના વિચારનું કે નિર્ણયનું ઐક્ય નથી આમ છતાંય કોઇને કઇ સ્વીકારવાની તો જરૂર પડે છેજ. જ્યારે ચાર્વાકનો મત અત્યારના જમાનાને પ્રતિકૂલ અર્થાત્ અનુપયોગી છે ત્યારે હર્બર્ટ સ્પેન્સરે તેજ વિચારોને પાશ્ચાત્ય પ્રજામાં ઢાળ ચડાવી ઘસાડયા છે, જેનો સ્વીકાર આપણા દેશના લોકોમાં પણ ક્યાંક ક્યાક થતો જોવામા આવે છે. ભલે ગમે તેમ હોય પણ માનવહૃદયમાં સ્વીકારની ભાવના બહુ પ્રબળ છે ખરી રીતે કહીએ તો **સ્વીકાર એ સર્વવ્યાપક તત્વ છે.** પ્રોફેસર બ્રેડલો વિષે એમ કહેવાય છે કે તે કુદરતના સ્વાભાવિક નિયમો તથા પદાર્થોના મૂળ ગુણોને તથા સંઘટ્ટનથી ઉત્પન્ન થતા ગુણક્રમને માનતો હતો, પણ જ્યારે તેની નજર મહાસાગરમાં તરતા બરફના ડુંગરા તરફ ગઇ ત્યારે તેને માલમ પડયું કે ગરમીને બદલે ઠંડીથી ફુલનારા જો કોઇ પદાર્થો દુનીઆ ઉપર હોય તો તે આ બરફના તરતા ડુંગરાજ છે. કુદરતના સ્વાભાવિક નિયમો સર્વ ઠેકાણે સરખાજ હોવા જોઇએ. જ્યારે આ સ્થળે તેથી વિરૂદ્ધ ભાસ થાય છે. તો તેના ઉપર કોઇ પણ જાતની સત્તા, અંકુશ કે ગૌણ સિદ્ધાંત લાગુ પડતો હોવો જોઇએ. એમ છતાંય માનો કે સત્તા એટલે જેને આપણે ઇશ્વર દ્રવ્ય, ગુણ, ગતિ એ વગેરે કહીએ છીએ તેને કોઇ ન માનતો હોય, તો પણ ન્યાય્ય, નીતિ, સાચ ઇત્યાદિને માન્યા વગર ક્યાં તેનો છુટકો છે? દુનીઆ ઉપર એવો કયો અભાગી હશે કે છતી આંખે આંધળો થશે? તાત્પર્યાર્થ માત્ર એજ કેઃ **જગતનું પ્રત્યેક પ્રાણી તેમજ**

**જડજન્યભાવ ને વસ્તુઓ સત્તાને આધીન છે. સત્તારહિત દુનીઆનો કયો પદાર્થ છે ?**

વાસ્તવિક રીતે જોઇએ તો સત્તાથીજ આપણો સંસાર ને વ્યવહાર ચાલે છે. સત્તા વગર કોણ કોનું પેટ ભરશે ? ને કોણ કોનું શ્રેય કરી શકશે ?

સત્તાનો પ્રતાપ.

સત્તાને લઇનેજ પિતા પુત્રનો, મા દિકરીનો, ને પતિ પત્નીનો સંબંધ સચવાઇ રહે છે. તેઓ પરસ્પર સત્તાનેજ અધીન છે. સૂક્ષ્મરીતે જોઇએ તો માનવ જિવનના કલ્યાણના સાધનોમાં સત્તા એ કારણભૂત સાધન છે. કારણકે આખું જગત્ નિયમને વશ છે. ને નિયમ સત્તાને વશ છે. જગતની કોઇ પણ વ્યક્તિ કે વ્યક્તિસમૂહ નિયમની બહાર નથી. આપણી બુદ્ધિમાં આપણે જેને અનિયમિત કહીએ છીએ તે પણ વાસ્તવિક રીતે નિયમિતપણાના અંકુશમાં છે. શું તેને ખાધા પીધા વગર કે આરામ વગર ચાલશે ? અર્થાત્ કે સર્વના ઉપર નિયમનું બંધારણ લાગુ પડે છે. પ્રાકૃતિક અન્ય પદાર્થો વિષે પણ સત્તાનું આવુંજ લક્ષણ સમજવું

અમુક મનુષ્ય અમુક યોનિમાંજ શા માટે ? અમુક પદાર્થ અમુક સ્થળે અમુક સ્થિતિમાંજ શા માટે ? અમુક વિચારને કલ્પનાનું અમુક રીતેજ બંધારણ શા માટે ? આ વગેરે સવાલોનો સૂક્ષ્માર્થ વિચારીએ તો આપણને સ્વતઃ સત્તાનું ભાન થશે. આપણે વર્ણવેલી ભક્તિ, આપણે પ્રાપ્ત કરેલું જ્ઞાન ને આપણાં મન–વચન–કાયાથી ઉદ્‌ભવતો કર્મ પ્રવાહ એ સૌને સત્તાનુંજ અવલંબન છે.

હવે આપણે સત્તાની સિદ્ધતા કરવા બહુ ઉંડી ગૂહામાં પેઠા; ત્યાંથી સત્તાનો સ્વીકાર કરી, તેનું શરણ લઇ, તેનાજ પ્રદેશમાં વિચરીએ. હમણાં જે સત્તા વિષે વાત કહેવામા આવી તે વાત સર્વ વ્યાપિ સર્વમાન્ય સત્તા વિષેની છે. પણ હવે આપણે ચર્ચવા યોગ્ય વિષયને હસ્તગત કરી–સ્વીકારી–તેમાં સત્તાની કેટલેક દરજ્જે આવશ્યકતા છે એ જોઇશું.

જે મહાન્ સત્તાના વાઇસરોય ( viceroy ) વા ભિન્નભિન્ન દેશરક્ષક તરીકે રહેલી સત્તા તેજ રાજ્યસત્તા છે ને એજ રાજ્યસત્તા આપણને ભવિષ્યની સ્થિતિમાં આગળ ચર્ચાયેલી મહાન્ સત્તાનું દર્શન

કરાવે છે. અર્થાત્ કે રાજ્યસત્તાનું ખરૂં કર્ત્તવ્ય મૂળ સત્તા સ્વીકારવા યોગ્ય છે એમ સિદ્ધ કરાવી માનવ હૃદયને પવિત્ર બનાવવું એ છે. પરન્તુ માત્ર એટલું કાર્ય સાધવામાં રાજ્યસત્તાને બીજી ઘણી ગૌણ શક્તિઓનો ઉપયોગ કરવો પડે છે. એ ગૌણ સત્તાની સફલતા તથા આવશ્યક્તા આપણે નથી વિચારી શકતા, એ ગૌણ સત્તાની અપૂર્વતા નથી આપણે જોઇ શકતા, એ ગૌણ સત્તાના નિયમો આપણે જડવૃત્તિથી નથી સ્વીકારી શકતા, એ ગૌણ સત્તાના સૂક્ષ્મ લાભ આપણે હૃદયની મલિનતાથી નથી વિચારી શકતા, એટલુંજ નહિ પણ તેને અનુભવમાં લાવવાને માટે અસમર્થ છીએ. તેથીજ એ ગૌણ સત્તા બીનજરૂરી છે, અયોગ્ય છે, અલાભકર્ત્તા ને અનિષ્ટ છે એમ મિથ્યા પોકાર કરીએ છીએ. જેમ મહાન્ સત્તાનો સ્વીકાર કરાવવાને રાજ્ય સત્તાની જરૂર છે તેમ રાજ્ય સત્તાનો સ્વીકાર કરાવવાને બીજી ઘણી ગૌણ સત્તાની જરૂર છે. માટે પ્રથમ જે આપણે રાજ્યસત્તાની શું આવશ્યકતા છે એમ જોઇશું તો પછી એ ગૌણ સત્તા સંબંધે લગાર પણ પક્ષપાત નહિ રહે. આપણા મતે **દુનીઆની સર્વવ્યાપિ સત્તા ઇશ્વર છે એમ સિદ્ધ થઇ ચુક્યું છે.** એ મહાન્ સત્તા પ્રત્યે વિશેષ પૂજ્યભાવ રહે, તેને માટે રાજ્ય જેવી અન્ય સત્તાઓની આવશ્યકતા છે એમ પણ કંઇક કહેવાયું છે, પરન્તુ એ રાજ્યસત્તા માનવ સમૂહ ઉપર કયા પ્રકારે પોતાના અસ્તિત્વ—જરૂરીઆતનો સ્વીકાર કરાવે છે એજ માત્ર વિચારવાનું છે.

‘હું’ ને ‘મારૂં’

માનવ જાતમાં પ્રથમ દરજ્જે ‘હું’ ને બીજે દરજ્જે ‘મારૂં’ એમ બે પ્રકારે અભિમાન ઉત્પન્ન થાય છે. ‘હું’માં પોતાપણાનો ને ‘મારૂં’ એમા ‘હું’ ના સંનિકર્ષિત એટલે ‘હું’ ની સાથે સંબંધ રાખનારા પદાર્થો કે ભાવ સમૂહનો સમાવેશ થાય છે. ‘હું’ ના કરતાં ‘મારૂં’ એનું કુટુંબ જબરૂં છે. રાજ્યભક્તિ, ગૃહભક્તિ વગેરેનો સંબંધ પણ ‘મારૂં’ એની સાથેજ છે. ગૃહભક્તિનો આધાર રાજ્યભક્તિ છે. માટે ‘મારૂં’ એમાં સર્વાંશે રાજ્યભક્તિનો સમાવેશ થાય છે એમ કહીશું તો ચાલશે. અમેરિકા કે યુરોપમાં ગયેલો આર્યદેશવાસી પોતાની જન્મભૂમિ તરીકે હિંદનેજ ઓળખાવશે. સગાં સંબંધી તરીકે જે પોતાનાં હોય તેનેજ ઓળખાવશે. વળી જે તેને કદાચ સત્તા સંબંધે પૂછવામાં આવશે

તો તે યુરોપીય સરકારનો ને સત્તાનો સ્વીકાર નહિ કરતાં, હિંદી સરકારને સત્તાનો સ્વીકાર કરશે. એટલુંજ નહિ પણ તે અભિમાન સાથે હિંદી સરકારને મુક્તકંઠે વખાણશે. આવે પ્રસંગે તેને બીજું ઘણું ઘણું જાણવાનું ને જોવાનું મળશે એ સૌ રાજ્ય સત્તાનોજ પ્રતાપ સમજવો. એ પ્રમાણે રાજ્યસત્તાને લઇ માણસ સર્વવ્યાપિ સત્તાની શોધ કરવા બુદ્ધિમાન્ થશે. એકદમ નિસરણીની ટોચે ન જવાય પણ ક્રમે ક્રમે જવાય એ નિયમ સર્વમાન્ય સુપ્રસિદ્ધ છે.

**રાજ્યસત્તા જિવનનું આલંબન છે.**

આ બધું શું છે? વિચારતાં જણાશે કે મનુષ્યના પ્રત્યેક વિચારને રાજ્યસત્તાની અધીનતામા રહેવાનું ગમે છે. જો તેમ ન હોય તો "મારૂં" એ શબ્દ પણ ન હોઇ શકે. મનુષ્યની હરકોઇ જાતની અધીનતામાં રહેવાની સમજણ એ કંઇ કૃત્રિમ નથી પરન્તુ સ્વાભાવિક છે. **રાજ્યસત્તાથીજ મનુષ્ય નિયમોનું, કર્તવ્યનું, સદાચારનુ ને ગૃહ સેવાનું યથાસ્થિત પાલન કરી શકે** છે. જરા ક્ષણભર વિચારીએ કે મનુષ્ય રાજ્યસત્તાનો અસ્વીકાર કરે તો તેથી શું? તેથી તે પોતાના નિર્ણિત નિયમોનું પાલન નહિ કરી શકે. નિયમનું પાલન નહિ થવાથી કર્મ નિષ્ટ નહિ થવાય. કર્તવ્યશીલ નહિ થવાથી સદાચારી નહિ થવાય ને સદાચારના અભાવથી ગૃહસેવાનુ કાર્ય નહિ બને. મતલબ કે ગૃહસેવાને અંગે રહેલી ધર્મ સેવના બનવી અશક્ય થઇ પડશે. માટે રાજ્યસત્તાના સ્વીકાર વગર મનુષ્ય પોતાની ધર્મ ભાવનાને ઉન્નતગીરિ શિખરે નહિ પહોચાડી શકે. રાજ્યસત્તા પ્રત્યેનો સતતભાવ કે લાગણી એજ રાજ્યભક્તિ છે. આટલાથી પણ જો રાજ્યભક્તિ ને રાજ્યસત્તાનું ગ્રહણ ન થઇ શકે તો માત્ર જ્ઞાનનીજ ખામી સમજવી. દુનીઆની સર્વવ્યાપિ સત્તા તરફ ભક્તિભાવ રાખનારો માણસ રાજ્યસત્તા તરફ ભક્તિભાવ ન દર્શાવે એ બનવું અશક્ય છે. ન્યાયની વિપરિતતા છે.

**ગૌણ સત્તાઓની જરૂર.**

રાજ્યભક્તિને રાજ્યસત્તાની જ્યારે જરૂરીઆત છે ત્યારે રાજ્યસત્તાના સુરક્ષિતપણા ખાતર કે માનવીઓના કલ્યાણ માટે ને તેઓનો શ્રેયસ્કર માર્ગ સ્પષ્ટ કરવા ખાતર અન્ય ગૌણ સત્તાઓની આવશ્યકતા હોય એ સ્વાભાવિક છે. ઘરમાં કમાવાનું, રાંધવાનુ, દળવાનું ભરડવાનું, ખાંડવાનું, પાણી

ભરવાનું, વગેરે કામ એકલો આદમી નથી કરી શકતો; પણ તે પ્રત્યેક કાર્ય ગૃહની ભિન્ન ભિન્ન વ્યક્તિને તેઓની લાયકાત પ્રમાણે સુપ્રત થએલું હોય છે. તેથી તેઓ સ્વતંત્ર છે એમ તો કહી શકાશેજ નહિને ? કારણ કે તેઓ પણ કમાનારની ઇચ્છાને અધીન છે. આવી રીતે વડી સત્તાને અધીન રહી વર્તવું એ બીજી ગૌણ–નાની–સત્તાઓની ફરજ છે. રાજ્યસત્તા સંબંધે પણ આમજ સમજવું. રાજ્ય સત્તા ગૌણ સત્તાઓના બંધારણ સિવાય શું કરી શકે ! અગર જો મહમદ ગિજનવીએ ઘણો મુલક કબજે કર્યો હતો પણ ગૌણ સત્તા રાખવાની અનાવડતથી એક ડોશી દરબારમાં ફરીઆદ કરતી આવી કે સરહદના મુલક ઉપર મારો દીકરો લુટાયો છે માટે તેને માટે યોગ્ય તપાસ કરવી જોઇએ. આના ઉત્તરમાં મહમદે કહ્યું કે ત્યાં સુધી દૂર હું શી રીતે તપાસ કરી શકું ? ડોશીએ કહ્યું કે જો તમારામાં જીતેલો મૂલક કબજે રાખવાની શક્તિ નથી તો તે મુલક તેઓના મૂળ માલીકની સ્વાધિનતામાં સોંપવો જોઇએ કે જેથી ત્યાં ઉપર પુરતો બંદોબસ્ત રહે. આ ઉપરથી મહમદે સરહદ ઉપરનો તમામ પ્રદેશ જેનો તેને આપી દીધો. ચંદ્રગુપ્ત વિષે પણ એમજ કહેવાય છે. એક છોકરો રોટલીનો વચ્ચેનો ભાગ ખાઇ કોરેનો ભાગ પડતો મૂકતો હતો. ત્યારે તેની માએ તેને શિખામણ આપતાં કહ્યું કે તારો સ્વભાવ ચંદ્રગુપ્તના જેવા છે. અર્થાત્ કે ચંદ્રગુપ્ત પણ પોતાની નજીકના દેશ ઉપર દેખરેખ રાખતો પણ દૂરના દેશ ઉપર ભાગ્યેજ નજર ફેંકતો. આ ઉપરથી માલમ પડે છે કે રાજ્ય સત્તાને ગૌણ સત્તાઓની જરૂર પડે છે. જો વડી રાજ્ય સત્તા ગૌણ સતાની સાહાય્ય ન લે તો પ્રજાજન નિરૂદ્યમી, દુઃખી, અસત્યવાદી, ને અત્યાચારી બને એ નિઃસંશય સમજવું. વડી સત્તા તરફથી નિર્મિત થએલી ગૌણ સત્તા પ્રજાની અડચણો મુખ્ય–વડી સત્તાને દર્શાવી તે અડચણો દૂર કરવાના ઉપાય યોજવામાં પોતાનું કર્તવ્ય સમજે છે. એટલુંજ નહિ પણ પ્રજાને ધર્મલાભ, દ્રવ્યલાભ, સુખ તથા શાન્તિ આપવાને પોતાથી બનતો પ્રયત્ન કરે છે. આમ વ્યવસ્થા કરવામાં કોઇકનું મન કદાચ ન સચવાય તો વડી સત્તાની ઉપર આક્ષેપ મૂકતાની સાથે ગૌણ સત્તા નાલાયક ને બીન જરૂરી છે એમ કહેવું એ શું વ્યાજબી છે ? **ઇશ્વરી કાયદો એવો છે કે મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે કોઇ સંપૂર્ણ હોઇ શકેજ નહિ. એ ન ભૂલવું જોઇએ.**

૪૫૯૯



## રાજ, રાજ્ય ને રાજ્યસત્તા.

ગત પ્રકરણમાં આપણે રાજ્યસત્તાને રાજ્યભક્તિની આવશ્યકતા સ્વીકારી છે; ત્યાર પછી હવે આપણે રાજ ને રાજ્ય શબ્દોનું સ્પષ્ટિકરણ કરી રાજ્યસત્તાની વિશેષ સ્થાપના કરીશું.

રાજ ને રાજ્ય

રાજ એ શબ્દ **राजन्** ઉપરથી ઉપસ્થિત થએલો છે. જેનો અર્થ રાજા એવો થાય છે. રાજ શબ્દમાં વિશિષ્ઠ વ્યક્તિનો સમાવેશ થાય છે. ને રાજ્ય એ શબ્દમા સામાન્ય વ્યક્તિનો સમાવેશ થાય છે. રાજાને યોગ્ય જે જે જડ ચેતન પદાર્થો છે તે સર્વનો રાજ્ય શબ્દમા સમાવેશ થાય છે. રાજ્ય શબ્દમા ખૂદ રાજ-રાજા-પણ અંતર્ગત આવી જાય છે. માટે આપણે રાજભક્તિ એ શબ્દ કરતાં રાજ્યભક્તિ એ શબ્દ પર વિવેચન કરવાનું સુગમતાભર્યું ધાર્યું છે. વળી રાજભક્તિ શબ્દનો સ્પષ્ટ અર્થ પ્રજાએ માત્ર રાજા તરફજ વફાદાર રહેવું એજ થાય; પરન્તુ રાજ્યભક્તિ શબ્દમાં માત્ર રાજા પ્રત્યેજ નહિ પણ સમગ્ર જનસમાજ ને દેશ પ્રત્યે વફાદાર રહેવું એવો ભાવ ઉદ્દીપન થાય છે. માટે રાજ્યભક્તિ શબ્દ વધારે ઇષ્ટ છે.

હમણાંની દુનીઆમાં ત્રણ પ્રકારે રાજ્યવહીવટ ચાલે છે.

ત્રણ પ્રકારની રાજ્યપદ્ધતી

(૧) પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિ.
(૨) રાજા પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિ.
(૩) રાજાસત્તાક રાજ્ય પદ્ધતિ.

### પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિઃ—

આ પદ્ધતિ હમણાના જમાનામાં બહુ માનપ્રદને સત્કારણીય થવા પામી છે. નૃપતિઓની અશિષ્ટ વર્તણુક ને વૈભવી વિચારોનું પરિણામ એ આ પદ્ધતિનું જન્મકારણ છે. સોળમા લુઇની જોહુકમી સત્તાનું ઉચ્છેદન કરી મહા વીર નેપોલીઅન બોનાપાર્ટે આ પદ્ધતિનું ફ્રાન્સમાં બીજમાત્ર રોપ્યું. તે ૧૮૭૦માં ત્રીજા નેપોલીઅનના વખતમાં ફ્રાન્સ ને જર્મની વચ્ચે ખુનખાર લડાઇ થવાથી ને તેમાં ત્રીજા નેપોલીયનની હારથી, રોપેલા બીજનો પૂર્ણપણે ફણગો ફૂટયો.

જેથી ત્રીજા નેપોલીયનની ને તેની રાણીના પદભ્રષ્ટતુલ્ય અવદશા થઇ. યુનૈટેડસ્ટેટ્સમાં તો આ પદ્ધતિ પુર્ણરીતે સંતોપકારક થવા જાય છે. અમેરિકાનાં લગભગ તમામ દક્ષિણ સંસ્થાઓએ આ પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. વળી હમણાં હમણાં આ પદ્ધતિનો જ્યાં ત્યાં ગુમાટ પણ બહુ ઉઠે છે. જેમાં કેટલાક તો પોતાના વિચારોનો ફલિતાર્થ જોવાની તૈયારીમાં પણ છે. લગભગ ત્રણસેં વર્ષ પહેલાં મંચુ લોકોએ ચીનનો બળવો સમાવી તે દેશ પોતાની સત્તા નીચે લીધો હતો. ત્યારથી અત્યારસુધી મચુ વંશજો રાજ્ય કરતા હતા; પરતુ હમણાં પ્રજાએ પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિ પ્રાપ્ત કરવા હિંમત ભીડી છે, એટલુંજ નહિ પણ પ્રજાવર્ગે મંચુ રાજાને તથા રાજકુટુબને પદભ્રષ્ટ કર્યું છે. તથા પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિનો પ્રમુખ નીમી ચીનને પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કર્યું છે. છતાં પણ તેઓની આ યોજના એકસંપીના અભાવે પુરેપૂરી બર આવી નથી. ભવિષ્યમાં શુ થશે એ જોવાનું છે. આયરૂલંડ પણ ઘણા સમયથી બુમ ઉઠાડે છે, ને પોતાની ધારણા બર આવવાનાં સુચિહ્નન જુએ છે. ઇરાન તથા તુર્કસ્થાનમા પણ પહેલો પવન પસર્યો હતો પરન્તુ અત્યારે વસ્તુસ્થિતિ ભિન્ન લાગે છે. આ પ્રમાણે લગભગ ઘણી દુનીઆમા પ્રજાસત્તાક પદ્ધતિનુ વાવાઝોડું વાયું છે. આ પદ્ધતિમાં રાજ્યનો સમસ્ત વહિવટ પ્રજાજ ચલાવે છે. પ્રજા પોતાનામાંથી આગેવાન રાજ્યનીતિજ્ઞો ચુંટી કહાડી અમુક માણસોનું એક રાષ્ટ્ર મંડળ નીમે છે. તેમાંથી પણ જે સર્વ કરતાં વધારે રાજ્યનીતિ કુશળ, યોગ્ય અનુભવી હોય તે પ્રમુખ (President) નીમાય છે. તે પોતે દેશ પરદેશને લગતાં ખાતાઓમાં તથા રાજ્યબંધારણમાં રાષ્ટ્રમંડળનો અભિપ્રાય લઇ ફેરફાર કરી શકે છે. આ મંડળ પાછું દર પાંચ કે દર ત્રણ વર્ષે બદલાય છે. પ્રમુખ પણ તેજ વખતે ફરે છે. પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિનો આ પ્રમાણે ટુંક વહિવટ છે.

**રાજા પ્રજાસત્તાક પદ્ધતિ:—**

આ પદ્ધતિ ઘણે ભાગે આંગ્લભૌમ વાસીઓએ સ્વીકારી છે. આ પદ્ધતિમાં રાજા તથા પ્રજા બન્ને કાયદા બાંધવા તથા તેને અમલમાં મૂકવાને જવાબદાર ગણાય છે આમા પ્રજા તરફથી એક મંડળ નીમાય છે ને રાજા તરફથી એક મંડળ નીમાય છે. આ બન્ને મંડ-

બના વિચારનું સામ્ય તે ધારો ગણાય છે. આ બન્ને મંડળો ને પ્રજાકીય ને રાજકીય કહેવાય છે. પ્રજા પક્ષના સામાન્ય મનુષ્ય સમૂહ હોય છે. ને રાજપક્ષમાં ઘણે ભાગે ઉમરાવ (Lords) મનુષ્ય સમૂહ હોય છે. આ બન્ને પક્ષમાંના પહેલાને લીબરલ અથવા આમની સભા, ને બીજાને કનઝર્વેટીવ અથવા:અમીરોની સભા કહે છે. આ બે સભા જ્યારે રાજકીય પ્રકરણ સંબંધે વિચાર કરવા ભેગી મળે છે ત્યારે પાર્લામેંટની બેઠક મળી એમ કહેવાય છે. લીબરલ પક્ષમાં ઘણે ભાગે ૬૭૦ સભાસદો ને કનઝર્વેટીવ પક્ષમાં ૬૧૮ સભાસદો હોય છે. આમા પણ વારાફરતી ચુંટણી પ્રમાણે એક પ્રધાન મંડળ નીમાય છે. કિન્તુ પ્રધાનમંડળ થવાનો આધાર લોકના વિચાર ઉપર છે. આ પદ્ધતિ ઇંગ્લાંડમા ત્રીજા હેન્રીના સમયથી દાખલ થઇ છે. તેના પિતા જૉનનો અવિચારી કારભાર ને અશિષ્ટ વર્તણુકનુ આ પરિણામ હતું. નહિનો ત્યાંસુધી પ્રજા મેગ્નાચાર્ટાથી સંતોષ માની બેઠી હતી. મેગ્નાચાર્ટા એ પાર્લામેંટનું મૂળ તત્વ હતું. વળી આ પદ્ધતિમાં મુખ્ય બીના તો એજ જાણવાજેવી છે કે, રાજા પોતાના સ્વેચ્છાનુસાર કાયદા પ્રવર્તાવી શકતો નથી; પરંતુ તેને પ્રધાનમંડળની સાહાય્ય લેવી પડે છે. આ પ્રધાનમંડળ એજ દેશના સર્વ હકને માટે જવાબદાર છે. રાજા કોઇપણ પ્રકારે અવિચારી વર્તણુક ચલાવે તો પ્રજા તેને પાર્લામેન્ટ માર્ફત યોગ્યશાસન આપી શકે છે. આ ન્યાયેજ ઇંગ્લાંડના સ્વેચ્છાચારી રાજા પહેલા ચાર્લ્સનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

ઇંગ્લાડ માટે આ પદ્ધતિ બહુ ફલપ્રદ ને સુગમતાવાળી નીવડી છે એમ તેનો ઇતિહાસ જોતાં માલમ પડે છે.

**રાજાસત્તાક પદ્ધતિ —**

આ પદ્ધતિ અર્વાચીન જમાનામાં બહુ કરીને રૂશિઆ, જર્મના ઇટાલી વગેરે દેશોમાં પ્રચલિત છે. સિવાય પૂર્ણ સુધારા સાથે જાપાનમાં ને અલ્પ સુધારા સાથે આપણી ભૂમિમાં પણ પ્રચલિતછે. આહિઆની રાજ્યપદ્ધતિ રાજાસત્તાક છે એમ સૌ જાણે છે.

પ્રાચીન દુનીઆના ઇતિહાસમાં બહુધા રાજાસત્તાક પદ્ધતિ આપણી નજર સમક્ષ પડે છે. ઇ. સ. પૂર્વે સુધારાના રાજ્ય તરીકે આપણે આપણો દેશ કે પ્રાચીન ઇજિપ્ત માનીએ છીએ. ઇજિપ્તમ-

ઈ. સ. પૂર્વે ઘણા વર્ષ પહેલાં મિઝરેમ નામે રાજાએ પોતાની પ્રજાને યજ્ઞક્રિયા દેવપૂજન ઇત્યાદિનો સદ્બોધ કર્યો હતો. ગ્રીસના રાજા લાઇકરગસે સર્વ પ્રજાના સરખા હક ગણી, તેઓની લગ્નક્રિયા, મુડદાં બાળવાની રીત વગેરેમાં સુધારો કરી તેઓને માટે કેળવણીના ખુલ્લા માર્ગ મૂકયા હતા. તેના વખતમાં ગ્રીસની પ્રજા પૂર્ણ સુધારક ને ડહાપણવાળી ગણાતી. રોમના સંસ્થાપક રોમ્યુલસે પણ લાઇકરગસના પ્રજાકીય ધારાઓને માન આપી એ ધારાઓ ઇટાલીમાં પોતાની પ્રજામાં ફેલાવ્યા હતા. એથેન્સવાસી રાજા સોલને પણ પ્રજાને અનેક પ્રકારની સગવડો કરી આપી હતી. મહાન્ સીકંદર આત્મા કરતાં પ્રજાતત્વને વિશેષ ગણતો હતો. પ્રાચીન ઇરાનમાં પણ રાજાસત્તાક પદ્ધતિ પૂજ્ય ગણાતી દુનીઆમાં અત્યારે જુનામાં જુનું લેખાતું હમુરકસ ને બેબીલોન એમાં પણ પૂર્વે આ પદ્ધતિનોજ સ્વીકાર કરવામાં આવ્યો હતો. આર્યોના જુના ગ્રંથ તરીકે ગણાતા ઋગ્વેદમાં પણ નીચેના રાજસ્તુતિના મંત્રો જોવામા આવે છે.

" आ त्वाहार्षमन्तेरधि ध्रुवास्तिष्ठा विचाचलिः ।
विशस्त्वा सर्वा वाञ्छन्तु मा त्वद्राष्ट्रमधि भ्रशत् ॥
ध्रुवा द्यौ ध्रुवा पृथिवी ध्रुवासः पर्वता इमे ।
ध्रुवं विश्वमिदं जगद्ध्रुवो राजा विशामयम् ॥ "

૧. અર્થઃ—'હે રાજન ! હું તને અમારા રાજ્યનું—અમારૂં—સ્વામિત્વ સોંપું છું. તું અમારો સ્વામી થા ! રાજ્યાસન ઉપર દૃઢ અને સ્થિર થા ! આજ અમારો રાજા થાઓ એવી વાંછના તારી પ્રજા કરો ! તારા હાથમાંથી આ રાજ્ય ભ્રષ્ટ ન થાઓ !'

૨. 'આકાશ સ્થિર છે; પૃથિવી સ્થિર છે; આ (સર્વ) પર્વતો પણ અચલ—સ્થિર છે; આ (સમગ્ર) વિશ્વ સ્થિર છે; જગત્ સ્થિર છે; તેમજ આ રાજા (પ્રજાઓનો) પણ સ્થિર થાઓ !'

આ પ્રમાણે આર્યાવર્ત્તમાં ઘણા પ્રાચીન સમયમાં રાજાસત્તાક રાજ્યપદ્ધતિ પ્રચલિત હતી.

આપણા પૂજ્ય આર્ય લોકોની પદ્ધતિ એકતાનેજ ઇચ્છનારી હતી. તેઓ ઘરમાં એક વડીલ સ્થાપતા ને તેને પરમ પૂજ્ય માની ઘરનાં તમામ માણુસો જેવાં કે પુત્ર, પુત્રી, પુત્રોની વહુઓ વગેરે એ વડીલની આજ્ઞા માનવામાં પોતાનું મહત્વ સમજતાં. અદ્યપિ આપણે ઘરમાં બીજા બધાં કરતાં વડીલને પ્રથમ માન આપીએ છીએ એ શું ? તે માત્ર **સત્તા એકજ જોઈએ.** એ ભાવનાનું લઘુ સ્વરૂપ છે. વળી આપણુને સત્તાના વિવિધ રૂપ કરતાં તેનું ઐક્ય વધારે ગમે છે.

આ પ્રમાણે પૂર્વકાળમાં આપણે ત્યા રાજાસત્તાક પદ્ધતિજ હતી. રાજાજ રાજ્ય ચલાવતો. રાજાને સલાહ આપવાને પુરોહિત, ન્યાયશાસ્ત્રી તથા પ્રધાન વગેરે હતા. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, ચંદ્રિકાસ્મૃતિ, ઇત્યાદિ સ્મૃતિઓમાં આર્ય સંસારનું ને તેઓને પાળવાના નિયમોનું વિચારપૂર્વક બહુ સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું છે. મુસલમાનના વખતમા પણ તેઓના કાજી સાહેબો ન્યાય ચુકવતી વખતે આ સ્મૃતિઓના ધારાનુ આલંબન કરતા ખરા. અત્યારના જમાનાના ધારાઓ પણ આપણા એ પૌર્વાત્ય ધારા પુસ્તકોની સામે સ્પર્ધા કરે છે. આર્યાવર્ત્તમાં પ્રથમ આ ધારાપુસ્તકોનો સલાહકાર તરીકે ઉપયોગ થતો. પ્રત્યેક ધારો પ્રજાના લાભાલાભનો વિચાર કરી અમલમાં મૂકાતો. જેથી રાજા તરફ પ્રજાની પ્રસન્નતા રહેતી. એટલુંજ નહિ પરન્તુ રાજાએ પ્રજા તરફ જે જે ઉપકારો કર્યા છે તેનું પ્રજાએ કોઇ દિવસ પણ વિસ્મરણ કર્યુ હોય એમ સંભવતું નથી. શ્રીરામચંદ્રજીના વનમાં જતી વખતે પ્રજાએ શું ઓછું કલ્પાંત કર્યુ હતું ? દુષ્યતસુત ભરતના નામ ઉપરથીજ આ દેશનું નામ ભરતખંડ પડયું છે. જાપાનમાં તો અદ્યપિ રાજાને મિકાડો એટલે પૂજ્ય માનવામાં આવે છે. પૂર્વકાળમાં પાશ્ચાત્ય દેશમાં વર્ષના દસ માસ ગણાતા પણ નૃપતિ જુલીયસ સીઝર ને ઑગસ્ટસના માનની ખાતર પ્રજા તરફથી જુલાઇ ને ઓગસ્ટ એ બે માસ વધારી વર્ષના બાર માસ કરવામાં આવ્યા હતા. આમ બધી તરફથી જોતાં આપણુને માલમ પડે છે,

કે ઇ. સ. પુ૦ રાજાસત્તાક રાજ્ય માનનીય હતું. ને સત્તાનું ઐક્ય જોઇએ એ તત્વ સંપુર્ણ રીતે સચવાતું. પ્રજા રાજાનેજ ઇચ્છનારી ને રાજારૂપી એક સત્તા જ માનનારી હતી.

રાજસત્તા:—

પ્રજાઓ પરસ્પર પોતાની આજીવિકાનું સાધન પૂર્ણ સંતુષ્ટતાથી ઉત્પન્ન કરે ને પરિજનોનું રક્ષણ કરે તેને માટે તેમનાપર કોઇ સત્તાની આવશ્યકના છે. તે સત્તા તે રાજસત્તા જ. રાજસત્તા એ પ્રજાકીય જિવનને સુખમાં ઉન્નતિનું સાધન થઇ પડે છે; ને દુઃખમાં દિલાસારૂપ થઇ પડે છે. સ્વાભાવિક નિયમ છે કે મનુષ્યનો સ્વભાવ ભાગ્યેજ સર્વ દેશીય હોય છે. તેને એકજ સત્તા તરફ વિશેષ લક્ષ્ય, લાગણીને મમતા ઉદ્‌ભવે છે. તેથીજ તે રાજસત્તાને વિશેષ ચાહે છે. પરન્તુ રાજસત્તા-એ-પ્રજાને, સાનુકુળ,ને પ્રજાના અયોગ્ય વિચારોમાં સજા નહિ પણ પ્રેમભાવનાથી સમજણ આપી સુધારો કરનારી હોવી જોઇએ. જો આમ ન થાય તો તેનું પરિણામ રાજાની આત્મ હાની ઉપર આવશે; જેનો તાજો દાખલો પોર્ટુગાલના હમણુંના રાજાનો છે. લગભગ બે વર્ષ પહેલાજ પ્રજાએ એકાએક બંડ કરી રાજાને મધરાતે રાજમહેલ બહાર નસાડી તેની સત્તા છીનવી લીધી હતી. ઔરંગઝેબ પછીના મોગલ શહેનશાહો આ રીતનો સૂક્ષ્મભેદ નહિ સમજેલા હોવાથી જંગલી ગણાતા નાદીરશાહે એક પળવારમાં શહેનશાહતને ગરીબ બનાવી દીધી હતી. માટે સત્તા વાપરતાં એટલું સરતમાં રાખવું, કે સત્તાનો દુરૂપયોગ થાય નહિ. આ સિદ્ધાંત સર્વ સત્તાધારકોએ અવસ્ય લક્ષ્યમાં રાખવા યોગ્ય છે.

વળી આપણું ઘર તેમાં પણ સૌ વડીલને અધીન રહે છે. તો રાજ્ય જેવા મહાન્ ઘરમા જેને જેમ ગમે તેમ સ્વતંત્ર વર્તણુક ચલાવે એમ કેમ સંભવે ? જો આવી રીતે સૌ સ્વતંત્ર વર્તણુક ચલાવે તો આફ્રિકન સીદીઓની માફક પરસ્પર ભયંકર ખુનરેજીનુ પરિણામ આવે એ નિઃસંશય. આથી તમામ પ્રજાવર્ગ કૃતઘ્નિ ને દગાહીન પણ થાય. જે અમેરિકાના રાતાલોકો એક વખત જગલી ને બુદ્ધિહીન અવસ્થામાં હતા તેજ અમેરિકનોપર અત્યારે પર-પ્રજાના શુભ સંસર્ગથી ને શિક્ષણથી હુન્નર ને બુદ્ધિનો પ્રકાશ પડયો છે. તે સૌ સત્તાનુંજ પરિણામ. રાજસત્તા વગર ઘણીવાર પ્રજાવર્ગમાં મત

ભિન્નતા થાય છે ને એકમત પસાર કરતાં મહા મહા ઉપાધિઓને અડચણો આવી નડે છે. છેવટ પછી રાજ્યમાં બખેડા ને અશાન્તિ ઉદ્ભવે છે. માટેજ રાજસત્તાની આવશ્યકતા છે. આપણામાં એક પ્રચલિત કહેવત છે કે "**ધણી વિનાનાં ઢોર સુનાં.**"

## રાજા કેવો જોઇએ.

રાજાએ ખાસ કરીને ચાર બાબતોપર લક્ષ આપવું જોઇએ (1) પ્રજારક્ષા (૨) રાજ્યરક્ષા (૩) ધર્મરક્ષા (૪) સ્વરક્ષા

**પ્રજારક્ષાઃ--प्रजयातु विना स्वामि पृथिव्यां नैव शोभते**

**અર્થઃ—પ્રજા વિનાનો રાજા પૃથ્વીમાં શોભતો નથીઃ**

રાજાનું સૌંદર્ય, સ્મૃદ્ધિ, સુખ ને વૈભવ એ સૌ પ્રજામાંજ રહેલું છે. જે રાજાને પ્રજા પ્રત્યે લગાર પણ સદ્ભાવના કે વાત્સલ્યભાવ નથી તે શી રીતે રાજા હોઇ શકે? ખરા રાજાનું કર્ત્તવ્ય એજ છે કે પ્રજાનું રક્ષણ કરી તેના સુખ-ને-આનન્દમાં પોતાનું સુખી ને આનન્દી જિવન જોવું. પ્રજાને કોઇપણ પ્રકારની ઓછપ ન આવવી જોઇએ. પૂર્વે યુધિષ્ઠિર પછી કાસ્મીરમાં લલિતાપીડ નામના મહારાજાએ પોતાની રાજ્યકારકીર્દિ દરમિયાન પ્રજાને અત્યંત સુખ આપ્યું હતું. તે એટલે સુધી કે રાજાની પ્રજાભકિતથી દેવતા પણ તેના અંકુશ નીચે રહેવા લાગ્યા. વળી તેજ દેશના એક પ્ર... રાજાએ ચાંડાલનું આતિથ્ય સ્વીકારી તેના આત્માને સંતુષ્ટ કર્યો હતો.

પ્રજારક્ષા

**રાજાએ પ્રજાની કૃષિ તરફ, વેપાર તરફ, હુન્નર તરફ, વિદ્યા તરફને વ્યવહાર તરફ પૂરતું લક્ષ્ય આપી તેને ઉત્તેજન આપવું. કૃષિ વાસ્તે જલાશયો બનાવી દેવાં; વેપારને માટે સારા ને સુરક્ષિતમાર્ગ બનાવવા; હુન્નરને માટે અધનિકવર્ગને દ્રવ્યનું સાહાય્ય કરવું; વિદ્યાને માટે ભિન્ન**

ભિન્ન જાતનાં વિદ્યાલયો સ્થાપવાં જેમાં પ્રજાવર્ગને મફત શિક્ષણ મળે એવો બંદોબસ્ત કરવો; તથા વ્યવહાર સંબંધે પ્રજાના સાંસારિક અશિષ્ટ રિવાજોને સુધારી તેને યોગ્ય નૈતિક બનાવવા.

રાજાએ ન ભૂલવું જોઇએ કે પોતેઃ—

राजा बंधुरबधूनां राजा चक्षुरचक्षुषाम् ।
राजा पिताच माता च सर्वेषां न्याय्य वर्तिनाम् ॥

ભાવાર્થઃ—રાજા એ અનાથનો નાથ છે. આંધળાની આંખ છે તથા ન્યાય્યમાર્ગે ચાલનાર સર્વ પ્રજાને માત-પિતા સમાન છે.

આગળના સમયમાં વિક્રમ ભોજાદિ રાજાઓ નગરના તેમજ દેશના સામાન્ય વર્ગની વધારે સંભાળ લેતા. ને તેઓના સુખના ઉપાયો યોજતા. માટે રાજાએ સમગ્ર પ્રજા તરફ સ્વામિભાવ કરતાં મિત્રભાવથી વર્તવું એ વધારે યોગ્ય છે. જો તે પ્રમાણે રાજાનું વર્તન હશે તોજ તેને પ્રજા માત-પિતા તુલ્ય માનશે.

ઇ. સ. ના છઠ્ઠા સૈકામાં ઇરાનના તખ્ત ઉપર નોસરવાન પાદશાહ રાજ્ય કરતો હતો. તે અદલ ન્યાયી હતો તેથી તેને કેટલાક નોશેરવાન અદલ પણ કહે છે. ગાદીએ બેઠા પછી તુરતજ તે પોતાની પ્રજા સમક્ષ બોલ્યો હતો કેઃ—"**પાદશાહ તરીકે મારી હકુમત તમારા અંગ ઉપર ચાલશે પણ કંઇ તમારા અંતઃકરણ ઉપર ચાલનાર નથી. અંતઃકરણનો છુપો ભેદ પાક પરવરદિગાર (ઇશ્વર) સિવાય બીજો કોઇ જાણનાર નથી. એ ઉપરથી હું તમોને એમ કહેવા માગું છું કે, તમારાં જાહેર કામને તમારી ઇચ્છા ઉપર હું કોઇપણ જાતનો દાવો કરનાર નથી; પરંતુ તમારે ઇન્સાફના પવિત્ર ધારાઓને તાબે રહેવું પડશે. મારી હકુમતનો પાયો ઇન્સાફ તથા ઇમાનદારીના મજબૂત સાધનથી નંખાયેલો છે. એ પ્રમાણે ચાલ્યાથી આપણું રાજ્ય આબાદાની ઉપર આવશે !**"

આ પ્રમાણે પક્ષપાત રહિત રહી રાજાએ ન્યાયપૂર્વક કાયદા અમલમાં મૂકાવવા. તેણે ન્યાયની તમામ બાજુઓ એક સરખી રાખી સમાન દૃષ્ટિથી જોવું. પોતાની સત્તાનો યોગ્ય ઉપયોગ કરવો. તેણે પોતાની દયાનો દુરૂપયોગ કરવો નહિ. તેમ એટલી બધી ક્રુરતા પણ ન રાખવી કે જેથી પ્રજાને પોતાની તરફ અશ્રદ્ધા ઉત્પન્ન થાય. કોઈવાર કારણવશાત્ ગુન્હો કરનારને જતા પણ કરવા પડે છે તે એક રાજનીતિ છે. શ્રી કૃષ્ણ જેવા બલિષ્ટને પણ શીશુપાલને અનેકવાર જવા દેવો પડયો હતો, આમ કરવાથી રાજાનો ક્ષમાનો ગુણ પ્રકટ થાય છે. એટલુંજ નહિ પણ તેની અસર પ્રજાહૃદયપર બહુ સચ્ચોટ થઈ રહે છે. આજ ન્યાયે ના. શહેનશાહે રાજ્યાભિષેકના શુભ સમયે ઘણા ગુન્હેગારોને છોડી મુકવાનું ફરમાન કાઢયું હતું.

સિવાય રાજાએ માત્ર ઉપજ વધારવા ખાતર ને વૈભવની વૃદ્ધિ અર્થે પ્રજાને વિશેષ કરના બોજામા નાંખવી યોગ્ય નથી. આ વિષે પરમભક્ત વિદુરજી ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપતાં કહે છે કેઃ—

**यथा मधु समादत्ते रक्षन्पुष्पाणि षट्पदः ।**
**तद्वदर्थान् मनुषेभ्यः आदद्यादविहिंसया ॥**

**ભાવાર્થઃ**—"જો કે ભમરો પુષ્પમાંથી રસ સિંચન કરે છે, પણ ફુલનો નાશ કરતો નથી. તેમ રાજાએ પણ પ્રજાને ખાલી કર્યા વિના તેની પાસેથી કર લેવો. ઘણીવાર પ્રજાને અસંતોષના કારણો ઉપસ્થિત થાય છે, તેમાં કરની ઉપરાંત તે પણ એક કારણ છે. માટે સુજ્ઞ રાજાએ ન્યાયપૂર્વક કરની રકમ મુકરર ઠરાવવી. તેમાં પણ રાજ્યની સુસ્થિતિ સમયે તે મુકરર રકમમાંથી ન્યૂનતા પણ કરવી. સિવાય રાજકીય શુભ પ્રસગોમાં પ્રજાને કર સંબધે લાભ અપાય તો ઘણું સારૂં. મરહુમ ના. શહેનશાહના રાજ્યાભિષેકના શુભ પ્રસંગે હિન્દી રૈયતના લાભાર્થે નીમક ઉપરનો કર ઓછો કરવામાં આવ્યો હતો. તથા રૂપિઆ પાંચસેની આવકથી 'ઇન્કમ ટેક્સ' લેવાતો, તે બદલીને રૂપિઆ હજારની આવકથી 'ઇન્કમટેક્સ' લેવાનો ધારો કહાડયો. આથી રૈયતનાં અંતઃકરણ આનંદમય બન્યાં હતાં. મહમદ તઘલખ જેવો વિદ્વાન રાજા પણ ગાંડો ગણાયો તેનું મૂળ કારણ તપાસીશું તો જણાશે કે તેણે હદ કરતાં વધારે

કરનો બોજો પ્રજા ઉપર નાંખ્યો હતો. માટે રાજાએ યોગમ વિચારી, પ્રજા રક્ષણ માટે પોતાનો સમય વ્યતિત કરવો, કારણકે રાજાનુ વાસ્તવિક ધન એ પ્રજા છે.

આમાનું ઘણુંખરૂં સદ્‌ભાગ્યે આપણે અનુભવીએ છીએ: કારણ કે **સાંપ્રતમાં આપણે એક ઉત્તમ રાજ્યકર્તાની છત્ર છાયા નીચે ઉછરીએ છીએ.** આપણા દયાળુ નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જે પોતાની હિંદુસ્તાનની મુસાફરી દરમિયાન પોતાની જે પ્રજા-ભક્તિ દર્શાવી છે તે પ્રત્યેક હૈયને મનન કરવા જોગ છે તે નામ-દારે પ્રજા તરફ પ્રેમભાવના દર્શાવનારા જુદે જુદે સ્થાને નીચે પ્ર-માણે પોતાના હદ્‌ગોદગાર કહાડ્યા છે—

**'Finally, I rejoice to have this opportunity of renewing in my own person those assurances which have been given you by my revered predecessors of the maintainance of your rights and privileges and of my earnest concern for your welfare peace and contentment. May the Divine favour of Providence watch over my people and assist me in my utmost endevour to promote their happiness and prosperity * ***

*** * * ***

*** * I need not assure you that I share those feelings and that the welfare and prosperity of my Indian subjects will ever be objects of my earnest solicitude * * ***

*** * * ***

*** * May the Almighty ever assist me and my successors in the earnest endeavour to promote its welfare, and to secure to it the blessings of prosperity and peace."**

(૧) ભાવાર્થ:-" અન્તે મારા વડીલોએ તમારા હકો **સાચવી રાખવાને અને તમારા શ્રેય માટે, સુલેહ માટે ને**

શાંતિ માટે જે ખાતરી ભરેલાં વચનો આપેલાં છે, તે પુનઃ તાજાં કરવાની જે તક મને આજે પ્રાપ્ત થઇ છે તે માટે હું મારો આનંદ પ્રદર્શિત કરૂં છું. પરમાત્માની પ્રેમમગ્ન કૃપા મારી પ્રજાને પ્રાપ્ત થાય અને પ્રજાની આબાદિ તથા સુખ વૃદ્ધિ કરવાના પ્રયત્નમાં ઇશ્વર મને સાહાય્ય કરે એવી પ્રાર્થના છે. । + । (૨) । + + અને મારી હીંદી રૈયતના શ્રેય તથા આબાદી માટે હું સદૈવ અંતઃકરણ પૂર્વક કાળજી રાખીશ એવી તમને ખાત્રી આપવાની હું જરૂર જોતો નથી. + + + (૩) + + + + ઇશ્વર સદૈવ મને તથા મારા વારસોને આ શહેનશાહતના શ્રેય માટે અને તમને ચડતી તથા શાંતિ આપવાના પ્રયાસમાં સાહાય્ય કરે એવું હું એ દયાળુ પિતા પાસે માગું છું. ” + + + +

ઉપરના વાક્યોમા જ્યાં જ્યાં તેના તેજ હૃદયોદ્‌ગાર જોવામાં આવે છે તે શું ? તે પુનરૂક્તિ નહિ પણ પોતાની પ્રજા પ્રત્યેના વાત્સલ્ય ભાવનાના અત્યુત્તમ નમુના છે. જે રાજાના અંતઃકરણમાં નિશદિન પ્રજા કલ્યાણનું સ્મરણ ન આવે તો પ્રજાના રાજા નહિ; પણ વેરી છે. **ના. શહેનશાહના જે હૃદયોદ્‌ગાર છે, એ ખરે-ખર દરેક પ્રજાજનને પ્રાતઃસ્મરણીય છે.**

**આપણા નામદાર શહેનશાહની શુભ લાગણીઓ.**

હરકોઇ રાજા પોતાની પ્રજાને માટે આટલી દીલસોજી ધરાવે એ સાંપ્રતમાં બહુ અશક્યવત છે. મુસલમાની સમયના શહેનશાહનો આવો એક પણ મુદ્રાલેખ ભાગ્યેજ જોવામાં આવશે. આપણે ઇશ્વરનું અહેસાન માનવું ઘટે છે, કે આવા મહાન્ નમુનેદાર રાજા પ્રાપ્ત કરવાનો શુભ લાભ આપણને મળ્યો છે. તે નામદારના અંતઃકરણમાં આપણા કલ્યાણનો શુભ માર્ગ શોધવાનો પ્રયત્ન સદૈવ ભ્રમણ કરે છે. તેનેજ પરિણામે નામવરે હમણાંજ કેટલાક અગત્યના લાભો આપણને બક્ષ્યા છે. આપણા પૂર્વના હકોનું કેમ સંરક્ષણ કરવું તથા તેને શી રીતે ઉન્નત કરવા તે સંબધે હમણાંથીજ માત્ર નહિ પરન્તુ શરૂઆતથીજ શહેનશાહ જ્યોર્જ વિચારે છે. તેના પૂરાવા તરીકે તે નામદારે યુવરાજ-

પ્રદેશી લોર્ડ મીંટોને એક પત્ર લખેલો તે છે. તેમાં તેઓશ્રીએ લખ્યું હતું કે, "**જ્યાં સુધી અમારૂં જીવન ટકશે ત્યાં સુધી હૃદયના ઉભરા અને સહાનુભૂતિથી અમે આર્યાવર્તને યાદ કરીશું**. + +

"**દુષ્કાળ અને રોગથી હિંદી પ્રજા મુક્ત થાઓ! કૃષિ વિદ્યાને ઉદ્યોગવૃત્તિમાં દૃઢતાપૂર્વક—મક્કમપણે આગળ વધો! અને સંસાર વ્યવહારમાં શાંતિથી અને નૈસર્ગિક** રીતે પ્રગતિ પામો એવી અમારી ઈચ્છા છે." આવી રીતે જે નામદાર નૃપતિના હૃદયના ઉંડાણમાં પ્રજા કલ્યાણની શુભ લાગણીઓ રહેલી છે તેની આજ્ઞાને અનુસરવું એમાંજ આપણું પ્રજા વર્ગનું કલ્યાણ સાધન રહેલું છે. ના. શહેનશાહે આપણને જે અક્ષય્ય લાભ આપ્યા છે તે ઇતિહાસનાં પાનાં-ઓને શણગારી ચિરસ્થાયીપણે આપણા હૃદયમાં આશા વૃદ્ધિ કરનારા છે. તેઓના આ દેશનાં પનોતા પગલાં દરમિયાન '**જ્યાં નિરાશા હતી ત્યાં આશા પ્રકટ થઇ છે, જ્યાં દુઃખ હતું ત્યાં સદાને માટે સુખ થયું છે, જ્યાં અશાન્તિ હતી ત્યાં શાન્તિ પ્રસરી છે, ને જ્યાં અવિશ્વાસ હતો ત્યાં વિશ્વાસની વૃદ્ધિ થઇ છે.**' સાર્વભૌમ રાજ્યના સ્વામીએ પ્રજા પ્રત્યે જે પ્રેમ ભાવના દર્શાવી છે તે નહિ વિસરાય એવી છે. નામદાર શહેનશાહ સર્વ પ્રજાને એક સામાન્ય મનુષ્ય તરીકે ભેટયા છે, તેની જોડે વાર્તાલાપ કર્યો છે, તેઓની ગાંડી ઘેલી વાતો સાંભળી છે એટલુંજ નહિ પણ ઉપયોગી અત્યુત્તમ સલાહ આપી સર્વનાં મન રંજન કર્યાં છે.

રાજ્યરક્ષા:—બીજી રીતે રાજાને રાજ્ય રક્ષા તરફ વિશેષ લક્ષ આપવું જોઇએ. જો રાજા અહોનિશ પ્રજાની સગવડોજ સાચવ્યા કરશે તો સમગ્રરાષ્ટ્ર નાકૈવત, પ્રમાદી ને અનુદ્યોગી બનશે; પરન્તુ જે પ્રમાણે પ્રજાને લાભ અપાય તે પ્રમાણે તેની પાસેથી કામ લેવું જોઇએ. તે કામ એ કે—રાજ્યભક્તિ. રાજા એકલો કઇ સમગ્રરાષ્ટ્રની ફરતો ફરી દેખરેખ રાખી શકતો નથી; પણ **તેને પ્રજા સાહાય્યની આવશ્યકતા છે.** તે માટે તેણે પ્રજાને જેમ બને તેમ રાજ્ય રક્ષકને યોગ્ય બનાવવી જોઇએ. પ્રાચીનકાળમાં આપણા દેશમાં આજ પદ્ધતિ હતી. તે સિ-વાય પાંડવ કૌરવનું અઢાર અક્ષોહિણી સૈન્ય શી રીતે થાય? શ્રી કૃષ્ણના છપ્પન કરોડ યાદવો શી રીતે લડવૈયા હોઇ શકે? અર્વા-

રાજ્ય રક્ષા.

ચીન જમાનામાં ઘણાએક પ્રાશ્ચાત્ય દેશોમાં પ્રજા રાજ્યરક્ષક તરીકે તૈયાર થાય છે. વળી કેટલાક દેશોમાં તો એવો રિવાજ છે કે દરેક મરદે અમુક વર્ષ સુધી સૈનિક ખાતામાં નોકરી કરીજ જોઇએ. જો તે તેમ ન કરે તો સજાને પાત્ર થાય છે. પ્રાચીન ગ્રીક સમયમાં એમ કહેવાતું કે ગ્રીસની પ્રજા એજ ગ્રીસના રક્ષણને માટે રક્ષકરૂપ દિવાલ છે.

વળી રાજાએ રાજ્ય રક્ષાને માટે પારદેશીય રાજાઓ સાથે વિચારની એકતા રાખી સુલેહ વધારવાની જરૂર છે. પ્રસંગોપાત પરસ્પર નૃપતિઓએ મળતાં રહેવું ને એક બીજાના રાજ્ય બંધારણમાંથી નવું નવું જાણી પોતાના રાજ્યની ખામીઓ દૂર કરવી. જેમ બને તેમ દુશ્મન ઓછા ને મિત્ર વિશેષ થાય એવો પ્રયત્ન કરવો. રાજ્ય સ્તંભો પ્રધાન, સેનાપતિ, પુરોહિત, ધારાશાસ્ત્રી, નગર રક્ષક સાથે ભિન્નતાથી નહિ વર્તતા તેઓની જોડે વારંવાર રાજ્યચર્ચા સબંધે વિચાર કરી સ્નેહભાવે વર્તવું

રાજ્યના ભિન્ન ભિન્ન ભાગ પાડી તેઓની હદ મુકરર કરી પ્રજાભક્ત વ્યવસ્થાપકો નીમવા; તથા ગ્રામ પંચાયત (પંચ) ને અનુમોદન આપવું. જે પદ્ધતિ ઘણા પૂર્વ કાળથી ઉતરી આવેલી છે. કોઇ કોઇ વાર પ્રજા સમેલન કરી તેને બોધ આપવો, કે જેથી પ્રજામાં રાજા પ્રત્યે સત્યનિષ્ઠા ને પૂજ્યભાવ ઉત્પન્ન થતાંની સાથે રાજ્યભક્તિની વૃદ્ધિ થાય.

ધર્મરક્ષા

**ધર્મરક્ષાઃ**—રાજાને ત્રીજી લક્ષ્યમાં રાખવાની બાબત ધર્મરક્ષા છે. કારણ કે ધર્મ ઉપર રાજ્યભક્તિનો મજબુત આધાર છે. જે કાર્ય રાજાથી નહિ બની શકે એવું હોય તે ધર્માધ્યક્ષો મારફતે ખુશીથી થઇ શકે છે. જે પ્રજામાં જ્ઞાન, કેળવણી—ને—વિવેક નથી તે સારાસારનો વિચાર શું કરી શકે? આ ત્રણેનો આધાર ધર્મની દૃઢતા ઉપર રહેલો છે. માટે રાજાએ ધર્મને પૂરતો આશ્રય આપવો. વળી ધર્માધ્યક્ષો જેમ બને તેમ પ્રજામાં સર્વમાન્ય તાત્વિક ધર્મ ફેલાવે એમ તેઓને કહેવું. તથા પ્રજા ધર્મના મતભેદની મિથ્યા તકરારો છોડી દઇ, સત્ય ધર્મનું ગ્રહણ કરે એવો સરળ માર્ગ તેને દર્શાવવો. રાજાએ ભિન્ન ભિન્ન વિચાર—પંથ—ના વિદ્વાનોને બોલાવી શાસ્ત્ર સંવાદો કરાવવા, ને ધર્મના વિશેષ નિયમોનો ત્યાગ કરી સામાન્ય નિયમેનો

પ્રતિ સત્કાર કરવો; તથા ધર્માચાર્યોની મારફત પ્રજા પાસે સ્વીકાર કરાવવો. કારણ કે જ્યાં સુધી રાષ્ટ્રમાં ધર્મભાવનાની એકતા ન થાય ત્યાં સુધી ગમે તેવી શિષ્ટ રાજ્ય પદ્ધતિ હોય તોપણ રાજ્યની ઉન્નતિ થઇ શકે નહિ. પુર્વે કાળમાં આપણા દેશમાં મોટી મોટી ધર્મસભાઓ રાજ્ય તરફથી ચાલતી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં એક સરખી ધર્મ લાગણી ફેલાવવી એજ હતો. બુદ્ધ સમયમા વલ્લભીપૂરનો રાજા શિલાદિત્ય આ પદ્ધતિને અનુસરતો હતો. તે રાજા દર વરસે મહાન્ ધર્મ સભાઓ ભરતો; જેમાં વિદ્વાનો ધર્મ સંવાદો કરી સત્ય ધર્મને સતેજ કરતા. મગધ દેશનો અશોક પણ આવીજ રીતે વર્ત્યો હતો. મુસલમાની રાજ્યકાળમા સર્વ ધર્મો પ્રત્યે સમાન ભાવના ધરાવનાર અકબરશાહે આ પદ્ધતિ સ્વીકારી પ્રજામાં સામાન્ય ધર્મ પ્રચલિત કરવા પ્રયત્ન કર્યો હતો. મધ્યકાળમાં વિક્રમ ને ભોજરાજાના સમયમા તેઓની રાજ્ય કચેરીમાં વિદ્વાન નવ રત્નો વિરાજતાં હતાં. આમ છતાય રાજાએ સ્વીકારેલો ધર્મ રાજ્યધર્મ છે એમ કહી રાજ્ય પ્રજાને કહેવું નહિ. તેમ તે ધર્મ સ્વીકારવાનો આગ્રહ સરીખા પણ ન કરવો. રાજાએ ધર્મ મઠો સ્થાપી પ્રજાને નીતિનો, સત્યનો, સદાચારનો ને વિવેકનો ઉપદેશ આપવા ઉપદેશકો મુકવા, જેથી પ્રજા શિષ્ટ વર્તનશાળી બનશે. પ્રજાની ભવિષ્યની સ્થિતિ ને જીવનનો સમગ્ર આધાર ધર્મ ઉપર છે. કારણ કે ધર્મ એ વસ્તુ જિવની સાથે જન્મ પામી જિવનાન્તે લુપ્ત ન થતા ભવિષ્યની પ્રજાના સુખ દુખનું કારણ થઇ પડે છે. ધર્મ તત્વ જાણ્યા સિવાય માનવ જિવન શુષ્ક જેવું દેખાય છે. યાદ રાખવું જોઇએ કે વિદ્યા–વિજ્ઞાન–ને ધર્મમાં

બહુ ભિન્નતા છે. **ધર્મથી માનવી જેવું સહૃદયી બને છે તેવું વિદ્યાથી કે વિજ્ઞાનથી બનતું નથી. ધર્મથી જેવી સમભાવનાની શ્રદ્ધા પ્રકટે છે તેવી વિદ્યાથી પ્રકટતી નથી. વિદ્યા મનુષ્યને જ્ઞાન માર્ગ બતાવે છે ત્યારે ધર્મ શાન્ત એવો શુદ્ધ પ્રેમમય ભક્તિ માર્ગ બતાવે છે. વિદ્યા એકાંત મત છે જ્યારે ધર્મ એ અનેકાંત મત છે. અર્થાત કે વિદ્યા એ ઐહિક સુખ ઉત્પાદક સાધન છે જ્યારે ધર્મ એ પારલૌકિક સુખ ઉત્પાદક સાધન છે.** આ પ્રમાણે વિદ્યાને ધર્મ પરસ્પર ભિન્ન છે. **સદ્ધર્મથી** વિદ્યા પ્રાપ્ત થાય છે, ને શોભે છે, કારણ કે વિદ્યાને શોભાવવા

વિનયની જરૂર છે ને વિનય સદ્ધર્મથી મળે છે. પરન્તુ ધર્મનાં તત્વોની વિશેષ સુદૃઢતા કરવાને રાજાએ વિદ્યાલયો સ્થાપી ધર્મને વધારે પ્રિય બનાવવો. વિદ્યાલયોમાં વૈજ્ઞાનિક, ઔદ્યોગિક ને સામાજિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણી અપાવવી. નહિતો એ સર્વ વિદ્યા ધર્મ રહિત નકામી થઇ પડશે. પ્રાચીન કાળમાં આપણા દેશમાં વિદ્યાની શરૂઆત કરતી વખતે બાળકોને પ્રથમ **ઓમ્ નમઃ સિદ્ધં** એવું ધર્મોચ્ચારણ કરાવાતું.

સ્વરક્ષા

**સ્વરક્ષાઃ**––રાજાએ ચોથી લક્ષ્યમાં રાખવાની બાબત સ્વરક્ષાની છે. માનવ હૃદયના ઘણાએક દુસ્સંસ્કારોમાં લોભ એ પણ એક કુસંસ્કાર ગણાય છે. લોભ વૃતિમાં પણ ઘણા રાજ્ય લોભી હોય છે, ઘણા દ્રવ્ય લોભી તો ઘણા સ્ત્રીલોભી પણ હોય છે. હિંદુસ્તાનમાં ઇસ્લામી રાજ્યકાળ સમયથી તે બ્રિટિશ રાજ્યકાળ સુધીના મધ્ય સમયમાં રાજ્ય લોભને ખાતર રાજા તેમજ પ્રજાને બહુ સોસવું પડયું છે. આવા સમયે રાજાને સ્વરક્ષાની જરૂર પડે છે; પરંતુ જો રાજા પ્રજારક્ષા, રાજ્યરક્ષા ને ધર્મ રક્ષાનું યથાર્થ પાલન કરશે તો તેને સ્વરક્ષા સબંધે ઓછી દરકાર રાખવી પડશે. એમ છતાંય સમયસૂચકતા પ્રમાણે ચાલવું એ જરૂરનું છે. આપણે આંહિયાં રાજાઓમાં એક કરતાં વધારે સ્ત્રી પરણવાનો રિવાજ છે. એ રિવાજ તેઓને સ્વરક્ષામાં હાનીકારક છે. નૃપતિ ગમે તેવો શિષ્ટ વર્તનશાળી હોય, ને સર્વ રીતે તે સમગ્ર પ્રજાનું મન સંપાદન કરવાને શક્તિમાન હોય, તોપણ તે એક સાથે સર્વ પત્નીઓનું હૃદયતો નહિજ સંપાદન કરી શકે. માટે જે નૃપતિઓમાં માત્ર એકજ પત્નીવ્રતનો રિવાજ છે તે બહુ માનપ્રદ ને સ્વરક્ષાને સુખદ છે. તદુપરાંત રાજાએ પોતાના પરિચારકો હરનિશ ફેરવવા નહિ પરન્તુ રાખેલાઓની પરીક્ષા કરી તેઓનેજ નિભાવવા.

સિવાય રાજાએ શરીર સંરક્ષણ માટે વૈદ્ય, હકીમો ને ડોકટરો રાખવા. તેઓની પાસે આરોગ્યવર્ધક ઉપચારો કરાવી શરીર સુખાકારીમાં વૃદ્ધિ કરવી. જેમ રાજાનું વાસ્તવિક દ્રવ્ય પ્રજા છે તેમ પ્રજાનું સર્વસ્વ રાજા છે. રાજાના સુખે પ્રજા સુખી ને રાજાના દુઃખે પ્રજા દુઃખી.

## રાજાનું માહાત્મ્ય.

મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

**अराजके हि लोकेऽस्मिन् सर्वतो विद्रुते भयात् ।**
**रक्षार्थमस्य सर्वस्य राजानमसृजत्प्रभुः ॥**

શા માટે રાજા ?

અર્થ—આ સર્વ લોક જ્યારે રાજા વગર ભયથી દુઃખી થવા લાગ્યા, ત્યારે આ સર્વ જગતની રક્ષા માટે પરમેશ્વરે રાજાને સરજ્યો.

આથી આપણને સાબિત થાય છે કે રાજાની જરૂર છે. આપણા ઉપર રાજા હોય એ પરમેશ્વરની કૃપા છે. કારણ કે રાજા-એ-પરમેશ્વરે મોકલેલો તેનો દૂત છે. તેની આજ્ઞામાં રહી આપણે આપણું કર્તવ્ય બજાવવું એ ફરજ છે. તેનું અપમાન કરવું એ પરમેશ્વરનું અપમાન કર્યા બરાબર છે. એટલુંજ નહિ પણ કર્ત્તવ્યની શિથિલતાને પરમાત્માનું અપમાન એમ બે પ્રકારે આપણાં પાપકર્મ બંધાય છે. મનુભગવાન્ આગળ રાજાનું માહાત્મ્ય વર્ણવતાં કહે છે કેઃ—

**इन्द्रानिलय मार्काणामग्नेश्च वरुणस्य च ।**
**चंद्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वति ॥**

રાજાને દેવતાઓની તુલના

અર્થઃ—ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય અગ્નિ, વરૂણ તથા ચંદ્ર એ સર્વમાંથી થોડો થોડો અંશ લઈ પરમાત્માએ રાજાને બનાવ્યો છે.

વાસ્તવિક છેઃ—નૃપતિમાં ઇંદ્રના જેવું પરાક્રમ છે; વાયુની જેમ તેની સત્તા સર્વ જગાએ પ્રસરેલી છે; પાપકર્મ કરનારાઓને જેમ યમનો ભય છે, ને પુણ્યવાનોને શાન્તિ છે તેમ; રાજાથી પણ પણ અપરાધિઓને ભય ને અનપરાધિઓને શાન્તિ છે; સૂર્યની પેઠે રાજા પોતાના પ્રકાશવડે સર્વનાં હૃદય પ્રફૂલ્લ રાખે છે અગ્નિ એક વાતે લાભકારક પણ છે ને નુકસાનકારક પણ છે. તેવીજ રીતે રાજાનું સમજવું. વળી અગ્નિ તો માત્ર તેને સંનિકર્ષ કરનારનેજ દઝાડે છે; પરન્તુ રાજા તો સર્વ કુટુંબનો ક્રોધાગ્નિથી નાશ કરે છે.

માટે રાજારૂપી અગ્નિનો સદ્‌લાભ લેવા માટે રાજ્યભક્ત બની તેની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું. વરૂણની માફક નૃપતિ પ્રજાનો જીવનાધાર ને ચંદ્રની માફક શાન્તિ ને સ્નેહદાતા છે. તેથીજ સ્મૃતિકાર આગળ જતાં કહે છે કેઃ—

**सोऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः सधर्मराट् ।**

**स कुबेरः स वरुणः स महेन्द्रः प्रभावतः ॥**

**અર્થઃ**—તે અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર, યમ, કુબેર, વરૂણ કે મહેંદ્ર જે કહો તે છે.

ઋગ્વેદમાં રાજાને જગતના ઇંદ્રની ઉપમા આપવામાં આવી છે. તે એ કે,

**इहैवैधि माप च्योष्ठाः पर्वत इवाविचाचलिः ।**

**इन्द्र इवेह ध्रुवास्तिष्ठेह रा ष्ट्रमुधारय ॥**

**અર્થઃ**—'હે રાજન્ ! તું આ રાજ્ય સદૈવ ભોગવ ! તારા હાથમાંથી તેનો કદાપિ નાશ ન થાઓ ! તું પર્વતની પેઠે અચલ થા ! જેમ ઇંદ્ર સ્વર્ગલોકમાં સ્થિર છે તેમ તું આ લોકમાં સ્થિર થા ! તું આ રાષ્ટ્રની પ્રજાને સ્વકર્ત્તવ્યપરાયણ બનાવ !'

વળી મહાત્મા મનુ ભગવાન્ રાજાને દેવની ઉપમા આપતાં કહે છે કે—

**सर्वदेवमयस्यापि विशेषो नृपतेरयम् ।**

**शुभाशुभफलं सद्यो नृपाद्देवाद्भवान्तरे ॥**

**અર્થઃ**—સર્વ કરતાં નૃપદેવ ઉત્તમ છે; કારણ કે શુભાશુભ કર્મનું ફલ દેવતા તો બીજા જન્મમાં આપે છે; પરન્તુ રાજા તો તુરતજ આપે છે.

રાજા પોતાની દૈવી સત્તાવડે પ્રજાનું અંતઃકરણ સંપાદન કરી તેને વશ રાખી શકે છે, પોતાના સત્તા દંડ વડે વર્ણાશ્રમના ધર્મ

યથાસ્થિત પળાવી શકે છે,-ને-યજ્ઞક્રિયા કરી દેવોને સંતોષ પમાડી તેઓની કૃપા મેળવે છે. એટલુંજ નહિ પણ સૂર્ય કરતાં પણ પોતાની પ્રચંડ સત્તા ફેલાવે છે કારણ કે સૂર્ય તો—

**रविःकर सहस्रेण दशाशापरिपूरकः ।**
**त्वमेकेन करेणैव सहस्राशाप्रपूरकः ॥**

અર્થઃ—સૂર્ય તો પોતાનાં હસ્તરૂપી હજારો કિરણોવડે દશ દિશાઓ પૂરે છે, પણ રાજા તો પોતાની સત્તારૂપી એક કિરણવડે સહસ્ર દિશાઓ પૂરે છે.

વળી કોઇક સ્થાને તો આપણાં ધર્મ શાસ્ત્રોમાં રાજાને પરમેશ્વર તુલ્ય મા'ન્યામાં આવેલ છે. આપણે હજી સુધી પણ જમતી વખતે બલિ દઇએ છીએ ત્યારે પ્રથમ **भूपतयेनमः "રાજાને નમસ્કાર"** એ મંત્રથી પ્રથમ રાજાનુ સ્મરણ કરીએ છીએ. સિવાય શ્રીમદ્ ભગવદ્દગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને બોધ આપે છે તે વખતે **नराणाम् च नराधिपः નરોમાં હું નરાધિપ-રાજા**-છું એમ કહી રાજામાં ઇશ્વરત્વનું સૂચન કરે છે. વળી એક જગાએ તોઃ—

**शङ्खचक्र गदाहीनो द्विभूजः परमेश्वरः ॥**

અર્થઃ—હે રાજન્! તમે શંખ, ચક્ર, ગદા ને પદ્મ વગરના બે હાથવાળા પરમેશ્વર છો.

રાજા એ બે ભૂજ વાળો પ્રભુ છે.

આવી રીતે આપણાં ધર્મશાસ્ત્રો પણ રાજાને પરમેશ્વર તુલ્ય માને છે. ઐહિક દુનીઆમાં અન્ય સત્તાઓ કરતાં રાજ્યસત્તાનું વિશેષ પ્રાબલ્ય માનેલું છે. તેથીજ આપણે રાજાને અનેક ઉપમા ને માનની ભેટો અર્પણ કરીએ છીએ. આ દુનીઆમાં આપણો રાજા એ આપણો ખરો પરમેશ્વર છે. આપણને શ્રેય માર્ગે દોરનાર રાજસત્તા છે જે રાજસત્તાનો તિરસ્કાર કરે છે તે કદિ સુખ પામતો નથી કારણ કે મનુસ્મૃતિકાર કહે છે કેઃ—

**तं यस्तुद्वेष्टि संमोहात्स विनश्यत्यसंशयम् ।**
**तस्यह्याशु विनाशाय राजा प्रकुरुतेमनः ॥**

**અર્થઃ—તે રાજાનો જે પુરૂષ પોતાની અજ્ઞતાથી, મૂર્ખતાથી, અથવા મલિન બુદ્ધિથી દ્વેષ કરે છે; તે તેની અકૃપા મેળવે છે. તથા તે પુરૂષ રાજાની સત્તાથી વિનાશ પામે છે.**

માટે રાજા કદિ બાલક હોય તો પણ તેનું અપમાન કરવું નહિ. રાજાને આપણા જેવો સામાન્ય મનુષ્ય ગણવો તેમાં પણ તેનું અપમાન કર્યું ગણાય છે. ઉપરાંત પાપ લાગે તે તો જુદુ સમજવું. દુનીઆમાં રાજાની બહુજ જરૂર છે. રાજા વગર પ્રજા સ્વેચ્છાચારી બની જશે. ધર્મમાં જ્યારે આપણને ગુરૂ રૂપે ઋષિ મુનિની કે વેદાંતિની જરૂર પડે છે; ત્યારે **વ્યવહારમાં વ્યવહારગુરૂ રૂપી રાજાની જરૂર પડે છે.** આપણો વ્યવહારનો ગુરૂ તે રાજા છે. રાજા કહે તે પ્રમાણે આપણે વર્તવુંજ જોઇએ. આપણે સદાચરણી, નીતિમાન્ ને કલાવાન થવા માટે રાજાને ઇચ્છીએ એ જરૂરનું છે. ખરી રીતે કહીએ તો રાજા આપણને આંહિયાં સન્માર્ગ દોરે છે એટલુંજ નહિ પણ મોક્ષ પ્રાપ્તિને માટે સર્વ રીતે યોગ્યને લાયક બનાવે છે.

---

## રાજા અને પ્રજા વચ્ચે પરસ્પરનો સંબંધ.

રાજ્ય એ શબ્દમાં રાજા અને પ્રજા એ બે અંગનો સમાવેશ થાય છે. ખરી રીતે જો રાજ્યનાં અંગ ગણવાં હોય તો એ બેજ છે. કારણકે રાજાવગર જેમ રાજ્ય ન કહેવાય તેમ પ્રજા વગર પણ ન કહેવાય. તેઓ ઉભય રાજ્યનાં સાધન ભૂત અંગ છે. તે બેનું ઐક્ય તેજ રાજ્ય.

**બે જાતનો સંબંધ.**

રાજાને પ્રજા એ બન્નેનો ખાસ કરી બે રીતે પરસ્પર સંબંધ હોઇ શકે. (૧) રાજારૂપે. (૨) પિતારૂપે :—અર્થાત્ કે પ્રથમનો સંબંધ રાજ્ય સાચવનાર અધિષ્ઠાતારૂપે ને બીજો સંબંધ પ્રજાપાલક પિતાનો વાત્સલ્યરૂપે ગણાય.

(૧) **અધિષ્ઠાતારૂપે સંબંધ**—રાજ્ય ચલાવવું; લાખોને કરોડો માનવીઓના અંતઃકરણ સાચવી તેઓના ઉપર પોતાનો અંકુશ

બેસાડવા; એ કાંઇ નાની સુની વાત નથી. જેણે ઈંગ્લંડનો ઇતિહાસ વાંચ્યો હશે તેને ખબર હશે કે ઇ. સ. ના પંદરમા સૈકામાં લાંકેસ્ટર વંશના રાજાઓએ રાજા થવા માટે આપસઆપસમાં કેટલો બખેડો

રાજ્ય મેળવતાં પડતી મુસ્કેલી.

જગાવ્યો હતો ? સીકંદરને આખી દુનીઆના રાજા થવાની ઉતેજારીમાં કેટલી પ્રાણ હાની ખમવી પડી હતી ? પૂર્વે આપણા દેશમાં કૌરવાએ રાજ્ય લેવા માટે કેવા કેવા નિષ્ફળ પ્રયત્નો કર્યા હતા ? અંતે તેઓ પાંડવોના પ્રાણ લેવાને પણ ભૂલ્યા નહતા. બાબરને હિંદુસ્તાનની શહેનશાહત લેવા કેટલું કષ્ટ સહન કરવું પડયું હતું ? ઔરંગજેબે પોતાના સગાભાઇઓનો ક્રૂરતાથી ઘાત કરી રાજ્ય લીધું હતું. ગુજરાતના અહમદશાહે પોતાના દાદાને ઝેરનો પ્યાલો દઇ રાજ્યાસનનું ધણીપણું જાહેર કર્યું હતું અલાઉદ્દીન ખુનીએ સગા કાકા જલાલુદ્દીનનો ઘાત કરી તખ્ત પ્રાપ્ત કર્યું હતું. પરન્તુ આવી રીતે રાજ્ય પ્રાપ્ત કરનારને પાછળથી કેટલી અસહ્ય મુસ્કેલી નડે છે એ પ્રજાજનથી અજાણ્યું નથી. ખરા રાજા તો તેઓ કે જેઓ રાજ્ય મેળવી તેને સંતોષકારક રીતથી ચલાવી પ્રજાની પ્રીતિ સંપાદન કરે છે. એ પ્રીતિ મેળવી તેને ચિરસ્થાઇ ટકાવી રાખવી એમાંજ ઉભયની ખરી ખૂબી છે. અગર જો પ્રજાના આલંબને રાજા છે એ ખરી વાત; પરન્તુ પ્રજા

ક્રૂરતા પણ કરવી પડે.

જેટલી રાજાને અધીન છે તેટલો ને તે પ્રમાણમાં રાજા પ્રજાને અધીન નથી. પ્રજાને સાચવવી ને તેનું સંરક્ષણ કરવું એમાં રાજાને અનેક જાતનો વિચાર કરવો પડે છે. એટલુંજ નહિ પણ પ્રજા તરફ ક્વચિત્ ક્રૂરતા કે નિર્દયતા સુદ્ધાં વાપરવાનો સમય આવે છે ખરો. ઇતિહાસ કહે છે કે; જો અલાઉદ્દીને મોગલોને મારી નાખવાનો સત્વર હુકમ ન આપ્યો હત તો અલાઉદ્દીન ઘડીના છઠ્ઠા ભાગમાં કયા ઉડયો જાત એ ખબર પણ ન પડત. ઘણીયેવાર આવું બને છે. ખુદ પ્રજા પણ કેટલાક અશિષ્ટ વર્તનશાળીની ઉશ્કેરણીથી કોઇ કોઇવાર રાજા સામે બખેડા જમાવે છે. તે વખતે જો રાજા પોતાની દયા ને વાત્સલ્યનો ઉપયોગ કરે તો તેની શી દશા થાય ? અગર જો આથી એમ ન સમજવું, કે રાજા માત્ર પોતાની પ્રાણ રક્ષા ખાતર આખી પ્રજાને નુકસાન કરે છે; પરન્તુ સાથે એમ પણ સમજવું જોઇએ કે, પ્રજા

પોતાનો રક્ષક ખુવે છે એટલુંજ નહિ પણ ભવિષ્યમાં પોતાના પગ પર કુહાડી મારે છે. એટલું ખાત્રીપૂર્વક સમજવું કે, જે પ્રજા બદ-ખોર ને રાજ્યદ્રોહી છે, તે કદિ પણ સુખી થઇ શકે નહિ. તે જો એક સ્વામિનો ત્યાગ કરશે તો નિશ્ચય બીજાને વરશે.

નિરપેક્ષિત ન્યાય્ય સબંધ.

આવી રીતે રાજાએ ક્વચિત્ કિંચિત્ નિર્દયતા વાપરી પ્રજાની અમુક ઉદ્ધત વ્યક્તિ ઉપર તેનો ઉપયોગ કરવો પડે છે. ને તે પણ પ્રજા સંરક્ષણની ખાતરજ. આમ રાજાને પ્રજા વચ્ચે કવચિત્ આવો સંબંધ પણ ઉદ્ભવે છે ખરો. છતાં પણ ન્યાય્યની બાબતમાં રાજા ને પ્રજાનો સંબંધ નિરપેક્ષિત હોવો જોઇએ. રાજાએ પ્રજાની પ્રીતિ સંપાદન કરવામાં સત્યથી દૂર ચાલવું નહિ. તેમ પ્રજાએ પણ રાજા પાસેથી લાચીઓ ન્યાય્ય લેવામાં કોઇપણ પ્રકારની અપેક્ષા રાખવી નહિ. આ દુનીઆમાં કર્મનું ફળ ભોગવ્યા સિવાય છૂટકોજ નથી. જે જેવાં કર્મ કરશે તે તેવાં ફળ ભોગવશે. એ પ્રજાના પ્રત્યેક મા-ણુસે ભૂલવું જોઇએ નહિ. રાજા જ્યારે ન્યાય્યાસન ઉપર બેસે છે. ત્યારે તે પૂર્ણ સ્વરૂપે ધર્મરાજા છે. માટે તેણે ન્યાય્ય પણ ધર્મ સ્વ-રૂપેજ આપવો જોઇએ. ગુજરાતના મુસલમાન પાદશાહ અહમદશાહે પોતાના જમાઇને ગુહ્નના બદલ ફાંસીની સજા કરી હતી. રાજાએ ન્યાય્યની સમાનતા રાખવી જોઇએ. ન્યાય્યના સંબંધમાં પ્રજા વર્ગ રાજા તરફથી કોઇ પણ પ્રકારે છૂટછાટની આશા રાખે એ વ્યર્થ છે. પ્રજાએ જાણવું જોઇએ, કે **सत्यमेव जयते नानृतम्** સત્યનોજ જય થશે અસત્યનો કદિ પણ જય નહિ થાય. ગુહ્નાના પ્રમાણમાં અવશ્ય શિક્ષા મળશેજ. ન્યાય્યાસન ઉપર રાજા એ રાજારૂપે નથી પણ ઇશ્વરી અંશરૂપે છે. તેની આગળ તે સમયે કોઇપણ વાત છૂપી રહેતી નથી. તેના મુખમાંથી જે શબ્દ નીકળે છે તે હમેંશાં સત્ય દર્શન કરાવનાર ઉપદેશામૃતથી ભરેલાજ હોય છે માટે રાજા અમુક વાત જતી કરશે. એવી પ્રજાએ કદિપણ આશા રાખવીજ નહિ. કારણ કે રાજાની એવી ઉદારતા ભવિષ્યમાં ઉભયને હાની કારક નીવડે છે. વળી ઘણીવાર રાજાને ન્યાય્યની બારિકી ઉપર જઇ કાયદાની અવગણના પણ કરવી પડે છે આવે સમયે રાજા માત્ર પોતાની બુદ્ધિ શક્તિ ઉપરજ આધાર રાખી, પોતાની ન્યાય્ય બુદ્ધિની અદ્ભૂતતા

દર્શાવે છે. કાસ્મીરના યશસ્કર રાજાની ન્યાય્ય શક્તિ વિષે વાત ચાલે છે કે, એક વખત એક બ્રાહ્મણે રાજ સભામાં આવી નીચેની બીના જાહેર કરી, રાજા પાસે ન્યાય્ય માગ્યો. "મહારાજ ! હું આ નગરનો રહેવાશી છું. પૂર્વે મારી પાસે પુષ્કળ દોલત હતી; પરન્તુ દૈવવશાત્ એ સર્વધન ચાલ્યું ગયું ને હું દરિદ્રાવસ્થાને અધીન થયો. આથી લેણદારો મને પીડવા માંડયા. જેથી છેવટે મારે મારૂં રહેવાનું ઘર વેચી દૂર દેશાવર ધન સંપાદન કરવા જવાની જરૂર પડી. ઘર વેચતી વખતે મેં મારી પત્નીની આજીવિકા માટે ઘર આંગણાની પગથાળ વાળી વાવ વેચી નહિ; કારણ કે તે વાવની પગથાળ ઉપર સાંજે ઘણા માળી તથા તંબોળી ભાડું આપી બેસે છે; જે ભાડું મારી પત્નીના ભરણ પોષણને માટે બસ હતું. આ પ્રમાણે વ્યવસ્થા કરી હું પરદેશ ગયો લગભગ ૨૦ વર્ષે આવીને જોઉછું તો મારી સ્ત્રીને મેં ચાકરડીનું કામ કરતાં દેખી. મેં તેને પૂછ્યું કે તારે માટે આજીવિકાનું સાધન છતાં શા માટે તેં આવું નીચકામ કર્યું ? ઉત્તરમાં તેણે કહ્યું કે "અગર જો મારે માટે તમે પગથાળ વાળી વાવ આજીવિકાના સાધન અર્થે મૂકી હતી, પરન્તુ તમારા ગયા પછી ઘર વેચાતું રાખનાર વણિક ગૃહસ્થે મને ડંડા મારી કાઢી મૂકી પછી મારે શું કરવું ?" આ સાંભળી હું શોકાબ્ધિ ને ક્રોધાગ્નિમાં ડુબી ગયો. ન્યાય્ય સભામાં ફરીઆદ કરી તો પણ મારી તકરાર સત્ય ઠરી નહિ. કૃપાનાથ ! ખરેખર ઘરના વેચાણ સાથે મેં પગથાળ વાળી વાવ વેચી નથી. હું સત્ય કહું છું. જો મારૂં કહેવું અસત્ય ઠરેતો આપ મારા પ્રાણ હરણ કરજો ? કૃપા કરી મારી આ ફરીઆદનો નિકાલ કરો નહિતો હું મારા પ્રાણ ત્યાગ કરીશ; જેથી આપને બ્રહ્મહત્યાનું પાતક લાગશે." રાજા આ સાંભળી ન્યાય્યસભામાં ગયો. ન્યાય્યાધીશોએ કહ્યું કે "માહારાજ ! આ બ્રાહ્મણ લુચ્ચો છે; તે પોતાનો દાવો હારી ગયેલો હોવાથી શઠપણું કરે છે." તેના દસ્તાવેજમાં **"सोपान कूप सहित घर वेच्युं छे."** એ પ્રમાણે છે. એમ કહી ન્યાય્યાધીશોએ ઘરનું વેચાણખત બતાવ્યું. વેચાણખત ઉપરથી બ્રાહ્મણની તકરાર અસત્ય ઠરતી હતી; પરન્તુ રાજાનું અંતઃકરણ એ વાત કબુલ કરતું નહતું. પછી થોડીવાર સુધી રાજાએ સભાસદોને આડી અવળી વાત કહાડી મોહિત કર્યા. અન્તે ઝવેરાત સંબંધી વાત

અદ્‌ભૂત બુદ્ધિથી આપેલો ન્યાય્ય

કહાડી ઘર વેચાણ રાખનાર વણિક ગૃહસ્થની વીંટી જોવા માગી. થોડી વાર પછી તે વીંટી લઇ રાજા બહાર ગયો. રાજ સેવકને તે વીંટી આપી કહ્યું કે, "જા વણિકને ત્યાં જઇ તેના ગુમાસ્તાને કહે કે તમારા શેઠે પેલા ઘરના વેચાણ ખતનો દસ્તાવેજ તથા જે સાલમા એ ઘર વેચાણ થયું તે સાલનો ચોપડો મંગાવ્યો છે." આ પ્રમાણે રાજ સેવકને વીંટી આપી રાજા પાછો અંદર આવ્યો. થોડી વારમાં રાજ સેવક ચોપડો તથા દસ્તાવેજ લઇ આવ્યો. ચોપડાની ઉધાર બાજુ જોતાં જણાયું કે દરબારી દસ્તાવેજ લખનાર માણસને ઘરનું વેચાણ ખત લખીઆપવા બદલ એક હજાર સોનામહોર આપેલી ઉધારવામાં આવી છે. ધારા પ્રમાણે વેચાણ ખત લખી આપનાર રાજ લેખકને ઓછી સોનામહોર મળવી જોઇએ. તેને બદલે આટલી બધી કેમ મળી? વેચાણ ખત લખનારને બોલાવી, તેને અભયદાન આપી રાજાએ પૂછ્યું કે બોલ આમાં ખરી હકીકત શું છે? તેણે વાસ્તવિક હકીકત કહેતાં જણાવ્યું કે "મહારાજ! **कूप रहितने** બદલે **कूप सहित** કરવા બદલ અર્થાત્ કે **रनो स** કરવા બદલ મને એ સોનામહોરો મળી છે. કૃપાનાથ ગુન્હો માફ કરશો! આ પ્રમાણે રાજાએ બ્રાહ્મણનો ન્યાય ચુકવી વણિક ગૃહસ્થને દેશનિકાલની સજા કરી.

બીજી પણ બ્રાહ્મણની વાત છે તે એ કે, એક બ્રાહ્મણ પરદેશથી સો સોનામહોરો કમાઇને પોતાના દેશમાં આવતો હતો. રસ્તામાં રાત પડવાથી એક કુવાને કાંઠે રાત રહેવાનો નિશ્ચય કરી ત્યાં ઉતર્યો. સહવારે કંઇપણ ગફલતથી પોતાની સો સોનામહોરોની કોથળી કુવામાં પડી ગઇ. આથી બિચારા ગરીબ બ્રાહ્મણને ઘણો સંતાપ થયો; ગામ નજીકજ હોવાથી ગામમાંથી ઘણાં માણુસો આવ્યાં; જેમાં ઘણાં સજ્જનો પણ હતાં. આવેલાં માણુસોમાંથી એક માણુસે પોતે સોનામહોર કાઢી આપશે એમ કહ્યું; પરંતુ બ્રાહ્મણ પાસે તે બદલ મહેનતાણું માગ્યું. બ્રાહ્મણે કહ્યું કે ભાઇ! મારી તો બધી સોનામહોર ગયા જેવીજ છે. માટે 'તને જે ગમે તે મને આપજે' આથી તે માણુસ કુવામાં પડયો ને સોનામહોરની કોથળી કાઢી લાવ્યો. તેમાંથી તેણે માત્ર બે સોનામહોર બ્રાહ્મણને આપીને બાકીની અઠ્ઠાણું સોનામહોર પોતે લીધી. ને કહ્યુ, કે "તારા કહેવા પ્રમાણે મને જે

ગમ્યું તે મેં તને આપ્યું છે. માટે હવે તારે કોઇપણ જાતની તકરાર રહી નથી." ગામના આવેલા બીજા માણુસોએ પણ આ વાતને ટેકો આપ્યો. આથી તે બ્રાહ્મણ યશસ્કર રાજા પાસે ફરીઆદ કરવા આવ્યો ને પોતાની સર્વ બીના જાહેર કરી કહ્યું કે, "મહારાજ ! મારી સર્વ મહેનત નિષ્ફળ ગઇ છે. હવે મારો એકે ઇલાજ રહ્યો નથી; કારણુ કે હું એની સાથે 'તને ગમે તે મને આપજે' એમ દ્વિઅર્થી વચનેથી બંધાયો છું. તેણે મને ઠગ્યો છે. માટે દયાળુ ! મને સત્ય ન્યાય્ય મળવો જોઇએ." યશસ્કર રાજાએ મહોર કાઢનારને તથા મહોરની કોથળી કાઢતી વખતે હાજર રહેલા સંભાવિત ગૃહસ્થોને રાજ્યકચેરીમાં બોલાવ્યા. ને તેને કહ્યું કે તારી પાસેની અઠ્ઠાણું મહોર આ બ્રાહ્મણને આપી, તેની પાસેની બે મહોર તું લે. કારણુ કે બ્રાહ્મણે તને કહ્યું છે કે, 'તને ગમે તે મને આપજે' હવે એ સો મહોરમાંથી અઠ્ઠાણું મહોર તને ગમે છે. માટે તું તેને આપ ? આમ કહી રાજાએ બ્રાહ્મણના આત્માને સંતોષ પમાડયો; ને તેની સોનામહોરો પાછી અપાવી. રાજાની આવી અદ્દભૂત ન્યાય્ય શક્તિથી કચેરી દિંગ થઇ ગઇ.

આમ રાજાએ ગમે તે પ્રકારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાય્ય આપી પ્રજાને સંતોષ આપવો એ તેની ફરજ છે. એટલુંજ નહિ પણ યોગ્ય ગુન્હાને યોગ્યજ શિક્ષા જોઇએ. ઓછા ગુન્હાને વધારે ને વધારે પડતા ગુન્હાને ઓછી શિક્ષા કદિપણુ સંભવે નહિ. જેમ બને તેમ ન્યાય્યના સંબંધમાં રાજાએ મક્કમ રહેવું જરૂરનું છે. ખરીરીતે કહીએ તો પ્રજાને અંકુશમાં રાખવાને ઉત્તમમાં ઉત્તમ સાધન ન્યાય્ય તથા ધારાનું બંધન એજ છે.

**પૂર્વ કાળમાં દુનીઆના ગુન્હા ને શિક્ષા.**

પૂર્વે ઇજિપ્શિયન લોકોના સુધરેલા મુલકમાં પણ ન્યાય્યની ને કાયદાની ઘણી સખ્તાઇ હતી. ચાડી ચુગલી ને અસત્ય ભાષણુ કરવું એ પણ મોટો ગુન્હો ગણાતો. ખાનગી ખોટા દસ્તાવેજ કરનારને તથા ખોટાં માપ વાપરનારના હાથ કાપી નાખતા. વ્યભિચારના ગુન્હા માટે ગુન્હેગારોને બાળી મૂકવામાં આવતા. દરવર્ષે પ્રત્યેક પ્રજાજનને પોતે કઇ રીતે ગુજરાન ચલાવે છે તે ન્યાય્યાધીશ પાસે કહેવા જવું પડતું. તેમાં જે માણુસ પ્રામાણિકપણાથી પોતાનું પોષણુ ન મેળ-

વર્તો હોય તેને સજા કરવામાં આવતી. વિદ્યાકળામાં આગળ વધેલા યાહુદીઓએ તો આ કરતાં પણ ઘણા સખ્ત ન્યાય્ય ધારા બાંધેલા હતા. ઇરાનીઓમાં પણ ચોરી કરવી ને પારકાના સુખનો નાશ કરવો અથવા નાશ કરવાનો પ્રયત્ન કરવો એ મહાન્ ગુન્હો ગણાતો. પૂર્વે આર્યાવર્ત્તમાં પણ વ્યભિચારપાતક કરનારાને ડામ દેવાતા, મોંમાં ધગધગતા ખીલા ખોસાતા ને કોઇ કોઇવાર તો વ્યભિચારકને લોઢાના ધગધગતા પલંગ ઉપર પણ સુવારાતો. સુરાપાન કરનાર, ગુરૂની નીંદા કરનાર, રાજ્યદ્રોહ કરનાર, તથા બ્રહ્મહત્યા કરનારને દેહાંતદંડની શિક્ષા થતી. ઠગાઇ કરવા બદલ શરીરના અવયવને કાપવામાં આવતાં. વૃક્ષાદિનું છેદન કરનારના હાથ કાપી નાંખવામાં આવતા. આ પ્રમાણે પૂર્વકાળમાં રાજા તરફથી પ્રજાને સન્માન પણ મળતું, તેમ તેઓના ગુન્હા બદલ શિક્ષા પણ થતી એ રીતે જો જોઇએ તો **અત્યારનો ન્યાય્ય બહુ સહેલો, ઘણોજ શ્રેષ્ઠ તથા મહેરબાનીવાળો છે.**

અતીશય દયા હાનીકારક છે.

આમ હોવું એ અર્વાચીન જમાનામાં ઘણું જરૂરનું છે. પણ તેની સાથે એટલીબધી દયા ન રાખવી કે પ્રજા એદયાનો દુરૂપયોગ કરે. ન્યાય્ય સમયે રાજાએ પ્રજાના મોહમાં તણાઇ ન જતાં ઇશ્વરતુલ્ય ન્યાય્ય આપવો. જો તેમ નહિ બને તો—

**यस्त्वधर्मेण कार्याणि मोहात्कुर्यान्नराधिपः ।**
**अचिरात्तं दुरात्मानं वशे कुर्वन्ति शत्रवः ॥**

**અર્થ—જે રાજા પ્રજાને મોહથી વશ થઇ તેનેજ ધર્મપૂર્વક ઇન્સાફ નથી આપતો તે દુરાત્માને (તેની પ્રજા તથા પ્રકૃતિમંડળ તેના વિરૂદ્ધ થવાથી) શત્રુઓ અલ્પ સમયમાં જીતી લે છે.**

વળી રાજાએ પ્રજા જોડે એવો સંબંધ ન રાખવો કે પોતાની ખુશામદ કરનારા અનેક થાય ને પોતાને મોહાંધ બનાવે. શુક્રનીતિમાં કહ્યું છે કે,—

**सर्वस्मादधिकोदाता शूरस्त्वं धार्मिकोऽसि ।**
**इति वाच न शृणुयात् श्रावका वंचकास्तुते ॥**

**અર્થઃ—હે રાજન્! તમે સર્વથી અધિક દાતા છો, સર્વથી શૂરવીર છો, તથા બહુ ધાર્મિક છો એવાં વચન સાંભળવાં નહિ; કારણ કે એવું બોલનારા ખરેખર! ઠગ હોય છે.**

(૨) **બીજો સંબંધ પિતારૂપે**—રાજા અને પ્રજા વચ્ચેનો બીજો અગત્યનો સંબંધ પિતા પુત્રરૂપે છે. પિતા જેમ પુત્ર પ્રત્યે વાત્સલ્યભાવ દર્શાવે છે, તેમ રાજાએ પ્રજા પ્રત્યે વર્તવું જોઇએ. જ્યારે તેના વિનિમયમાં પ્રજાએ રાજાનું સેવન કરવું યોગ્ય છે. જો પ્રજા રાજાની સેવા કરે તોજ તે રાજાની ઉદારતાનો લાભ લઇ શકે. રાજાએ પણ પોતાની પ્રજા ઉપરનો અધિષ્ઠાતારૂપેનો સંબંધ જાળવતાંની સાથે પ્રજા પ્રત્યે ઉદાર રહેવું જરૂરનું છે. તેણે પ્રજાની યોગ્ય માગણીઓ ઉપર અવશ્ય વિચાર કરવો ? આમ છતાંય રાજાએ પ્રજા પ્રત્યે પોતાની એટલી બધી ઉદારતા ન રાખવી, કે જેથી રાજ્યની આર્થિક સ્થિતિ નબળી થઇ જાય સોલંકી રાજ્યકૂળના રાજા દુર્લભદેવે પોતાની ઉદારતા એટલી બધી વધારી દીધી હતી કે જેનું પરિણામ મુસલમાનોએ ગુજરાતમા પગ પેસારો કરી સોમનાથની અનગળ દોલત લુંટી એ થયું. આવી રીતે વર્તતાં પ્રજા કદાચ પોતાને લોભી કહે તેની ફીકર નહિ! જો રાજા લોકવાયકા ઉપર લક્ષ આપશે ને દિન પ્રતિદિન પોતાની ઉદારતામાં વૃદ્ધિ કર્યે જશે તો વહેલાં મોડાં પણ રાજાની એ ઉદારતાનું માઠું પરિણામ પ્રજા ઉપર આવી પડશે. જ્યારે આમ થશે ત્યારે જે પ્રજા રાજાને વખાણતી હતી તેજ પ્રજા પાછી વખોડશે.

ઉદારતાનું યોગ્ય પ્રમાણ.

પ્રજા શાન્ત ને અનુદ્ધત હોય ત્યારે રાજા ને પ્રજા ઉભયનો સંબંધ બહુ લાભકારી ને પ્રેમાળ હોય છે. આવે સમયે રાજા પ્રજાને અનેક તરેહના લાભ આપવા ધારે છે, ને તે આપે છે પણ ખરો. પ્રજાજને હમેશાં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું કે **જ્યાં શાન્તિ છે ત્યાંજ સુખ છે ને જ્યાં અશાન્તિ છે ત્યાં અસુખ એટલે દુઃખ છે.** પ્રજાને લાભ—હક—આપતી વખતે દ્રવ્ય, સ્થિતિ, કાળ ને રાજ્યમંડળ આદિનો વિચાર કરવો ઘટે છે. વળી જે લાભ હાલ તુરત પ્રજાને જોઇતો હોય તે આપતાં કદાચ રાજાને વિલંબ લાગે; તો તેથી પ્રજાવર્ગે નાસીપાસ ન થતાં તે રાજ્યપિતા ઉપર વિશ્વાસ રાખી લાભ મળે તે

દરમિયાન શાન્તિથી ભવિષ્યના જિવનને ઉન્નત કરવા પ્રયત્ન કરી, રાજાને બતાવી આપવું જોઇએ કે અમે આ એકજ લાભને લાયક નથી, પણ એવા અનેક લાભને લાયક છીએ. આવી વર્તણુંકમાંજ પ્રજાનું વાસ્તવિક પ્રજાત્વ સમાયેલું છે.

રાજાએ પ્રજાના સાંસારિક રીતરિવાજ લક્ષ આપી જોવા.

વળી રાજાના પિતા તરીકેના સંબંધમાં તેને પ્રજાના રીતરિવાજ સામે પણ દ્રષ્ટિપાત કરવાનો હક છે. પૂર્વ કાળમાં રાષ્ટ્રજનોના રીતરિવાજો રાજા તરફથીજ નિર્ણિત થતા, ને તે પ્રમાણે પ્રત્યેક પ્રજાજનને વર્તવું પડતું. આ સર્વ રીતરિવાજો મનુસ્મૃતિ, પારાશરસ્મૃતિ ને ચંદ્રિકાસ્મૃતિ વગેરે ગ્રંથોમાં છે. જે ગ્રંથો રાજ્યાશ્રયથી શાસ્ત્રવેત્તાઓએ પ્રસિદ્ધ કર્યા હતા. આ દેશના એક પ્રસિદ્ધ શિષ્ટ સુધારક નૃપતિએ હમણાંજ પૌર્વીય પદ્ધતિનું અનુસરણ કરી રાજ્યપિતા તરીકેની પોતાની ફરજ બજાવવા પ્રજાના રીતરિવાજો તરફ લક્ષ્ય પ્રેર્યું છે. તદુપરાંત તે પર વિચાર ચલાવવા એક વિદ્વાન સજ્જનોનું મંડળ પણ સ્થાપ્યું છે. આમ હોવું જરૂરનું છે, કારણ કે લગ્નાદિ વગેરે મહત્વના રીતરિવાજો ઉપર ભવિષ્યની પ્રજાશક્તિનો આધાર રહેલો છે; માટે ખાસ કરીને તેવા મહત્વના રીતરિવાજો ઉપર ઉત્તમ રાજાએ ધ્યાન આપવું જોઇએ. આ ન્યાય્ય પદ્ધતિને અનુસરી નામદાર ગર્વનર જનરલ લૉર્ડ લેન્સડાઉનની સરકારે સંમતિવયનો કાયદો પસાર કર્યો હતો. હમણાં પણ ના. હીંદી સરકારની ધારા સભામાં એક ગૃહસ્થે લગ્ન સુધારણાને માટે બીલ મૂક્યું છે. પરન્તુ તેનું સંતોષકારક પરિણામ આવ્યું નથી; કારણ કે એ પ્રજા વર્ગના ઘણા ભાગથી વિરૂદ્ધ છે. મગધાધીશ અશોક નૃપતિએ પ્રજાના રીતરિવાજો તરફ લક્ષ્ય આપી તેમાં સુધારણા કરી હતી; તેમ તેના ગિરનાર વગેરે પ્રસિદ્ધ સ્થાને કોતરાવેલા શિલાલેખ ઉપરથી માલમ પડે છે. આપણા અત્યારના રીતરિવાજો ઘણા વિપરિત ને અનિષ્ટ છે. આ તરફ પ્રજાપિતા રૂપ રાજાએ લક્ષ્ય આપી પ્રજા પાસે તેમાં સુધારો કરાવવાની જરૂર છે.

ધાર્મિક રિવાજ

સિવાય રાજાએ પ્રજાના ધાર્મિક રીતરિવાજો પણ નિહાળવા જોઇએ. તેમાં માત્ર એટલુંજ વિચારવાનું કે, પ્રજા અયોગ્ય માર્ગે પ્રવૃત્તિ કરી, રાજ્યમાં કંઇ

ઉત્પાત કરે નહિ. નાનકે શિષ્ય મત સ્થાપ્યો તેનું વાસ્તવિક કારણ ઔરંગઝેબની સામા થવું એજ હતું. જે ધર્મમાં રાજ્યભક્તિ કે જે ધર્મનું અવશ્યનું અંગ ગણાય છે, તે સંબંધે લગારપણ ઉદ્બોધ ન હોય તે ધર્મ વ્યર્થવાદ જેવો છે. માટે આવા ધર્મો ઉગતાની સાથેજ દાબવા જોઇએ. ઘણીવાર મનુષ્યમાં ધાર્મિક લાગણીનું પ્રાબલ્ય ઉત્પન્ન થાય છે. તેવે વખતે પોતાનો ધર્મ ગમેતેવો અજ્ઞાનમય કે અસત્ય હોય તોપણ તેનો જોઇએ તેવી સહેલાઇથી ત્યાગ થઇ શકતો નથી. જગતના ઇતિહાસ પરથી અજવાળું પડે છે કે ઘણા ધર્મ તો રાજ્યને હાની કરવાજ ઉત્પન્ન થાય છે; જ્યારે ઘણાય રાજ્યની ચઢતી કરવાને પણ ઉત્પન્ન થાય છે. આવી પરિસ્થિતિમાં રાજાએ તે તરફ પૂર્ણ વિવેક દ્રષ્ટિથી ભાળી સત્યાસત્યનો નિર્ણય કરવો. ને જોવું કે સોક્રેટીસ કે લ્યૂથરની માફક કોઇ ધર્મવેત્તાને નિરર્થક આત્માની હાની ન કરવી પડે !

સિવાય રાજા ને પ્રજા ઉભયનો સંબંધ પ્રજાના નૈતિક વા સામાજિક જિવનમાં પણ ઘણો અગત્યનો ભાવ ભજવે છે. જો રાજા પ્રજાની નીતિ, સદ્વિચાર ને સામાજિક બંધારણ તરફ લક્ષ્ય નહિ આપશે, તો પ્રજા દિન પ્રતિદિન બેવફા બનશે. જેમ બને તેમ પ્રજા નીતિમાન્ બને ને નીતિ તરફ પ્રેમભાવ રાખે તેવી યોજના થવી જરૂરની છે; કારણ કે નીતિ એ સદ્વિચારને પ્રેરે છે ને સદ્વિચાર એ રાજ્યસેવાને ઉગાડે છે. જે દેશની પ્રજાનું નૈતિક જિવન સુકું ને અશ્લિલ છે તે દેશની પ્રજા ગમે તેટલી દ્રવ્યવાન્, ઔદ્યોગિક, ને વિચારક હશે તોપણ તે પોતાના જિવનના સુખદર્શક માર્ગ નહિ શોધી શકે ? પ્રજા પોતાના પ્રત્યેક વ્યવહારમાં ને કાર્યમાં નૈતિક ભાવના તરફ લક્ષ આપે ને તેને પૂર્ણ પ્રેમભાવના વડે વધાવે, એમ થવું જોઇએ. રાજાએ પણ પ્રજા નીતિથી ચાલે છે કે નહિ તે બાબત ગુપ્ત પેરવી કરવી જોઇએ, ને તેના વાજબી ઉપાયો પણ લેવા જોઇએ. સાથે સાથે પ્રજામત નીતિની કેળવણી તરફ વલણ પામે તેવાં સાધનો પણ રાજ્ય તરફથી તૈયાર હોયતો સારૂં.

નૈતિક રીત રિવાજ

---

# રાજ્યભક્તિ એ સંબંધ ટકાવી રાખવાનું અમૂલ્ય સાધન છે.

પાછળ કહેવામાં આવ્યું છે કે, પ્રજાએ રાજાને પૂજ્ય, માનનીય, દેવાંશી, જ્યોતિર્મય, યમરૂપ, પિતાતુલ્ય ને ફળદાતા તરીકે ઇશ્વરરૂપ માનવો જોઇએ. તેનો સંબંધ પણ તેવાજ પ્રકારનો છે. રાજા ને પ્રજાનો પરસ્પરનો સંબંધ પિતાને પુત્ર જેવો, પ્રકાશકને પ્રકાશભોક્તા જેવો, દેવને દેવ પૂજનાર જેવો તથા યમને ગુન્હેગાર પાપીના જેવો છે.

**પરસ્પરનું ઔત્સુક્ય.**

આમ પરસ્પરનો અમૂલ્ય સંબંધ અવિરતપણે ટકાવી રાખવાને બન્નેએ ઔત્સુક્ય દાખવવું જોઇએ. પશ્ચાત્ કહેવામાં આવ્યું છે, કે રાજાએ પ્રજાને પ્રસન્ન રાખવા માટે તેને અમૂક અમૂક પ્રકારની છૂટ આપવી; પરન્તુ તે છૂટ એવી હોવી જોઇએ કે જેથી રાજ્યને કોઇપણ પ્રકારે હાની થાય નહિ. તેવીજ રીતે પ્રજાએ રાજાને પ્રસન્ન રાખવા માટે તેનું શુભ ઇચ્છી તે તરફ વફાદાર રહેવું.

**પોતાપ્રત્યે વફાદાર રહેવું.**

રાજ્યભક્ત વા વફાદાર રહેવું એ ઐહિક તેમજ પારલૌકિક આત્મસાધન તરીકે બહુ ઉપયોગી છે. આ દેશના એક વિદ્વાન નરેશે દ્વિતીય ઔદ્યોગિક પરિષદ ટાંકણે કહ્યું હતું કે "**જો આપણે આપણા પોતા પ્રત્યે વફાદાર રહીશું તો જરૂર સફળતા મેળવીશું.**" તેઓનું આ કથન અક્ષરશઃ વાસ્તવિક છે. આપણે જો આપણીજ ભૂલો, ખામીઓ, અગવડો ને નિર્બળતા ખસેડતાં શિખીશું; તોજ આપણે અન્યની અગવડો ખસેડવાને લાયકાતવાળા બનીશું. જ્યાં આપણા પગમાં ઝાંખરાં બળતાં હશે ત્યાં પારકું કયાં ઓલવવા જઇશું ? જે માણસ પોતેજ કર્મ પરાયણ રહેનારો ને **कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन.** એ સૂત્રનું અવલંબન કરનારો છે, તેજ પોતા પ્રત્યે ખરો વફાદાર છે. ને તેજ વફાદારીનું વાસ્તવિક સ્વરૂપ સમજ્યો છે, એમ કહેવાશે. એટલુંજ નહિ પણ મોક્ષ સ્થાને એવા સજ્જનોને માટેજ

સમાસ છે. અન્યને માટે તો નર્કનાં દ્વાર ખુલ્લાં છે. પોતાના પ્રત્યે વફાદાર રહેનાર રાજ્ય પ્રત્યે વફાદાર રહેવાને યોગ્ય છે.

કર્મ કરવાં.

મનુષ્યનું જિવન કર્માધીન છે. કર્મના અનેક પ્રકાર છે. શરીરનું ચલનવલન થવું, એ પણ કર્મ, શ્વાસોચ્છ્વાસ લેવો, એ પણ કર્મ. ને પારમાર્થિક કાર્ય કરવું એ પણ કર્મ. પ્રત્યેક ધર્મના પ્રત્યેક સિદ્ધાંતનો પરમાર્થમાં સમાવેશ થઇ જાય છે. એક ધર્મ પુસ્તકમાં પણ કહ્યું કે "દુનીઆના તમામ ધર્મોનો સમાવેશ પરમાર્થ પરાયણતામાં થઇ જાય છે." પરમાર્થના અનેક પ્રકાર છે. તેમાં પણ રાજ્યભક્તિમાં વિશેષ પારમાર્થ્ય સમાયેલું છે. એ સિવાયના પ્રત્યેક પરમાર્થમાં માત્ર એકજ વ્યક્તિનું સુખ યોજી શકાય છે; પરન્તુ રાજ્યભક્તિરૂપી પરમાર્થમાં સમગ્ર દેશના કલ્યાણનો માર્ગ યોજી શકાય છે. માટે જો મનુષ્ય જીવનનું મહત્ કર્ત્તવ્ય ગણીએ તો તે માત્ર એજ કે તેણે પોતા પ્રત્યે વફાદાર રહી સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે વફાદાર રહેવું; એજ તેનો પરમધર્મ ને કર્મકાંડનું મૂળ છે. કારણ કે;

**कर्मब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।**
**तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥**

**श्रीमद् भगवद्गीता.**

**અર્થઃ—કર્મ વેદાદિ શાસ્ત્રોથી ઉત્પન્ન થએલું છે, ને વેદાદિ શાસ્ત્રો એ પરમાત્માથી ઉત્પન્ન થએલાં છે; માટે સર્વાર્થનો પ્રકાશ કરનાર યજ્ઞને અનુસર !**

અર્થાત્ કે યજ્ઞથી વેદાદિશાસ્ત્રો ને વેદાદિશાસ્ત્રોથી પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે પરમાત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાને યજ્ઞ ( કર્મ ) પરાયણ થવું જરૂરનું છે આવી રીતે કર્ત્તવ્યપરાયણ પુરૂષની દ્યુલોકમાં અખંડિત કીર્તિ રહે છે. રાજ્યભક્તિ પણ એક કર્ત્તવ્ય છે માટે તેનું યથાસ્થિત પાલન કરવું જરૂરનું છે.

દૃષ્ટાંતો.

સિકંદર સામે પૌરસની રાજ્યભક્ત પ્રજાએ, પૃથુરાજને ખાતર પ્રાણ અર્પણ કરનાર ચંદે, જયશિખરને માટે ગૂજરાતની પ્રાપ્ત થતી ગાદીનો તિરસ્કાર કરનાર

સુરપાળે, પ્રતાપના દુઃખમાં ભાગ લઈ અનગળ દ્રવ્ય આપનાર ભામાશાએ, તથા શિખ વિગ્રહ વખતે નેપાળીઓએ બતાવેલી રાજ્યભક્તિ એ શું ઓછી કિંમતિ હતી? પૂર્વે રામ ને યુધિષ્ઠિરના વનવાસ વખતે તેમની પાછળ પ્રજાઓએ શું ઓછું કલ્પાંત કર્યું હતું? ગ્રીસ મહારાજ્યમાં તો પ્રજા અન્ય સુખનો ત્યાગ કરી રાજ્યભક્તિ ને દેશનું રક્ષણ કરવું એજ સમજેલી હતી. ગ્રીસની એજ રાજ્યભક્તિના પરિણામે સિકંદરે મહાન્ મહાન્ વિજય મેળવી દુનીઆપર પોતાનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો. યુનૈટેડસ્ટેટ્સ માટે બેન્જામીન ફ્રેંકલીને તથા ઇટાલી માટે મહાન્ નરવીર ગેરીબાલ્ડીએ કેટલું સહન કર્યું હતું? જો ઇંગ્લાંડની પ્રજા વાટર્લુના સંગ્રામમાં રાજ્યભક્ત ન બની હોત તો આર્થરવેલેસ્લી એકલાથીજ માત્ર નેપોલીયનને શું થઇ શકત? માવલા લોકોની શિવાજી પ્રત્યેની રાજ્યભક્તિ ધડો લેવા જોગ છે. અકબરના સમયમાં તેના પુત્ર મુરાદે જ્યારે અહમદનગર ઉપર ચઢાઇ કરી ત્યારે પ્રજાએ દા ે ળાને સ્થાને પોતાનાં સોનારૂપાનાં ઘરેણાં ગાળી દારૂગોળાની ગરજ સારી હતી. ૧૯૦૫ ની રૂશજાપાનની લડાઇ વખતે જાપાને લશ્કરમાં ભરતી કરવાને માટે એક જાહેરનામું કાઢ્યું હતું; તેમાં જાહેર કર્યું હતું કે "લશ્કરમાં દાખલ થવાની ઉમેદ રાખનારે તાકીદે પોતાની અરજીઓ રવાના કરવી." આ વખતે જાપાનીઓમાં લડાઇને માટે એટલો બધો ઉત્સાહ હતો કે તેમાંના લગભગ ઘણા માણસોએ પોતાની અરજીઓ લોહીથી લખી રવાના કરી હતી.

આમ આપણે જ્યાં જ્યાં ્ત્ના ઇતિહાસપર નજર નાંખીશું ને જે જે ઉન્નત રાજ્યો દેખીશું, ા કારણ માત્ર ત્યાંની પ્રજાની રાજ્યભક્તિજ નજરે પડશે. વાત ખરા ક તેજ પ્રજા અત્યુત્તમ આનંદમાં મહાલતી હશે.

કેન ' મોની રાજ્યભક્તિ.

પૂર્વે કાશ્મિર નૃપતિ જયાપીડે નેપાલાધીપ અરમુરી ઉપર ચઢાઇ કરી. લડાઇ થતાં પૂર્વે કાળગંડિકા નામની નદીમાં રાજા પાણી જોવાને ઉતર્યો. એકાએક નદીમાં ભરતી આવવાથી જયાપીડ તણાવા લાગ્યો. પણ શત્રુ રાજાએ તેને બહાર કઢાવી કાળગંડિકા નદીના ઉંચા કિનારા પર મજબૂત પત્થરા વડે બાંધેલા એક કારાગ્રહમાં કેદ

પૂર્યો. કારાગ્રહમાં એવો તો બંદોબસ્ત હતો કે, સૂર્ય વા ચંદ્રનું એક કિરણ પણ તેમાં ભાગ્યેજ આવી શકતું. માત્ર એક નાનું જાળીયું હતું, ને પણ ઘણું ઉંચે ને નદીના ફરસબંધી કાંઠા ઉપર હતું. જેથી ત્યાંથી ભાગ્યેજ નાસીને જઇ શકાય ! વળી નદીમાં પાણી પણ ભરપૂર હતું. આવી રીતે જો જયાપીડથી કદાચ નાસવાનું બને તો તેને બે કામ કરવાનાં હતાં. એક તો એટલે ઉંચેથી નીચે ઉતરવું ને ઉતર્યા પછી નદીના પાણીને સુરક્ષિતપણે તરવું.

જયાપીડનો મંત્રી **દેવશર્મા** મહા નિપુણ હતો. તેને આ વાતની ખબર પડી. તે મોટું લશ્કર લઇ નેપાળ ઉપર ચઢી આવ્યો. લશ્કરને નદીના સામે કાંઠે રાખી, પોતે થોડાજ વિશ્વાસુ સેવકોને લઇ અરમુરી રાજાને મળ્યો. અરમુરીએ દેવશર્માનું ઘણીજ સારી રીતે અતિથ્ય કર્યું. ત્યાર પછી દેવશર્માએ અરમુરી રાજાને દ્રવ્ય-લાલચ તથા રાજ્યલાલચ આપી, યુક્તિપ્રયુક્તિ કરી, પોતાના સ્વામિ જયાપીડને મળવાની રજા માગી. અરમુરીએ રજા આપી જેથી દેવશર્મા જયાપીડ પાસે કારાગ્રહમાં આવ્યો.

દેવશર્માને જોઇ જયાપીડ અત્યંત ખુશી થયો. ત્યાં બન્ને સેવ્યસેવક ભેટયા. ત્યાર પછી દેવશર્માએ કહ્યું.

"મહારાજ ! જો આપનામાં હિંમત હોય તો મેં જે સાહસ કર્યું છે તેમાં નક્કી પાર ઉતરાશે." નિપુણમંત્રી દેવશર્મા બોલ્યો.

"ઓ મંત્રી ! હું શસ્ત્રરહિત છું ! એટલે મારામાં હિંમત હોય તોપણ શા કામની ?" જયાપીડે કહ્યું.

"ત્યારે જો આપનામાં હિંમત હોય તો આ દુઃખ ફીટાડી શકશો. આપ આ બ્હારી કુદી પેલેપાર જાઓ ત્યાં જે સૈન્ય છે તે આપનુંજ છે." દેવશર્માએ કહ્યું.

"ચામડાની કોથળી વગર નદીમાં તરી શકાય નહિ. વળી જો આટલે બધે ઉંચેથી ચામડાની કોથળી નાંખવામાં આવે તો ફાટી જાય. માટે તારી યુક્તિ વ્યર્થ છે. વળી માનભંગ થયા પછી શત્રુને શિક્ષા કર્યા વગર હું મરી જાઉં એ અયોગ્ય છે." રાજાએ કહ્યું.

પછી પ્રધાને વિચાર કરી રાજાને કહ્યું કે, "મહારાજ ! ત્યારે આપ કોઇ પણ ઉપાયથી બે ઘડી બહાર કાઢી આવો; પછી આપ એકલાજ અંદર આવી મેં જે યુક્તિ કરી હોય તે પ્રમાણે વર્તજો !"

તુરતજ રાજા બહાર ગયો. સમય પૂરો થયા પછી આવીને જુએ છે તો મંત્રી દેવશર્માને લુગડાના મજબુત કકડાથી ગળે ગળે-ફાંસો ખાઇને જમીનપર મરેલો પડેલ દીઠો. મરણ પામેલા મંત્રીએ ગળે બાંધેલા લુગડાના પાલવે પોતાના શરીરમાંથી લોહી કાઢી નખ વડે લખ્યું હતું કેઃ—

"હું મારા શરીરમાં શ્વાસ ભરીને તુરત મરણ પામ્યોછું. હું તમારી પ્રાટે નહિ તેવી એક તરવાની મસક છું. તમે મારા ઉપર બેસીને નદીને સામે પાર જજો. ઉપર ચઢવાને બે સાથળોનો ટેકો મળવા માટે મારી બે જાંઘોને પાઘડી વતી બાંધી છે. તેમાં તમે બેસીને તુરત આ નદીમાં પડો!"

રાજા પ્રથમ તો આશ્ચર્ય પામ્યો. પણ તેને વિચાર કરવાનો સમય નહતો. મંત્રીના શબ ઉપર બેસી રાજાએ બ્હારીએથી કુદકો મારી નદીના પ્રવાહમાં તરવાનું શરૂ કર્યું. સુરક્ષિત સામે કાંઠે પહોંચ્યા પછી પોતાના લશ્કરને સજ કરી, નંદાલેશ્વર પર ચઢાઇ કરી તેનો પરાજય કર્યો. ધન્ય છે દેવશર્માની રાજ્યભક્તિને.

સિદ્ધરાજ જયસિંહના વખતમાં જગદેવ પરમાર નામનો એક શૂરવીર રજપૂત તેનો પટાવત હતો. જગદેવને હમેશના બે હજાર દામ મળતા એમ કહેવાય છે. આથી બીજા ઘણા પટાવતો તેમજ રાજ્યના મુખ્ય મુખ્ય અમલદારો ઘણા નાખૂશ રહેતા. એક વખત મધ્યરાત્રે સિદ્ધરાજે કોઇના રૂદનનો કરૂણ સ્વર સાંભળ્યો. તેણે રાજ્યના પટાવતો તેમજ મુખ્ય મુખ્ય અમલદારોને આ સંબધે તપાસ કરી લાવવા ફરમાન કર્યું. "મધ્યરાત્રે જવાથી શો ફાયદો? સહવારે રાજાને અમે તેમ જવાબ દઇ સમજાવીશું" એવા મુસદ્દા ઘડી ઘણાખરા પટાવતો તેમજ અમલદારો રાત્રે ખાટલા ગોદડાં ભેગાજ સૂઇ રહ્યા. માત્ર એક જગદેવ પરમારેજ આ સબધે તપાસ કરવાની હિંમત ધરી. શૂરવીરને છાજતાં શસ્ત્ર ધારણ કરી ઉઘાડી તરવારે તે શહેર બાર જવા નીકળ્યો. સિદ્ધરાજને પણ અતઃકરણમાં જગદેવની રાજ્યભક્તિ જોવાની ઇચ્છા થવાથી વેશ બદલી જગદેવની પાછળ ગયો. શહેરની બહાર ઘણે દૂર જ્યાં કરૂણ સ્વર સંભળાતો હતો તે તરફ જગદેવ ગયો. ત્યાં જઇને જુએ છે તો કેટલીક સ્ત્રીઓ બેઠી બેઠી રડતી હતી. તેઓને જઇ જગદેવે પૂછ્યું.

જગદેવની રાજ્યભક્તિ

"બાઈઓ તમે કોણછો ?"

"અમે પાટણની જોગણીઓ છીએ." સ્ત્રીઓએ ઉત્તર આપ્યો.

"તમે શામાટે રડોછો ? તમારે શું દુઃખ છે ?" જગદેવે પૂછ્યું.

"આજ પ્રાતઃકાલ થતાં પાટણના યશસ્વી રાજા સિદ્ધરાજનું મૃત્યુ થવાનું છે, તેથી અમે રડીએ છીએ." જોગણીઓએ ઉત્તર આપ્યો.

"તે રાજા કોઇ પણ રીતે બચે તેમ છે ?" જગદેવે પૂછ્યું.

"હા, આંહિથી થોડે દૂર કેટલીક જોગણીઓ ગરબા ગાય છે તેમને કહેવાથી બચશે." જોગણીઓએ ઉપાય બતાવ્યો.

પછી જગદેવ જ્યાં બીજી જોગણીઓ ગરબા ગાતી હતી ત્યાં ગયો ને તેઓને જઇ પૂછ્યું.

"બાઇઓ તમે શામાટે આવા ઉત્સાહભર્યા ગરબા ગાઓ છો ?"

"સહવારે અમને એક મહાન ભાગ્યશાળી પુરૂષનો ભોગ મળવાનો છે, તેથી ગાઇએ છીએ." જોગણીઓએ કહ્યું.

"એવો પુરૂષ કોણ છે." જગદેવે પૂછ્યું.

"આ પાટણ શહેરનો રાજા સિદ્ધરાજ જયસિંહ." જોગણીઓએ ઉત્તર આપ્યો.

"તે કોઇપણ રીતે બચે તેમ છે." જગદેવે પૂછ્યું.

"હા, જો તેના જેવાજ વીરનરનો અમને ભોગ મળે તો તે બચે." જોગણીઓએ કહ્યું.

"તે બચે એટલુંજ કે કંઈ બીજું ખરૂં ?" જગદેવે પ્રશ્ન કર્યો.

"તેનું આયુષ્ય પણ બાર વર્ષનું વધે." જોગણીઓએ કહ્યું.

"ત્યારે એવાં ચાર માણસોનો તમને ભોગ મળે તો રાજાનું અડતાલીશ વર્ષનું આયુષ્ય વધે ખરૂં કે ?" જગદેવે પૂછ્યું. "હા;"

"ઠીક ત્યારે તેવાં ચાર વીર માણસોનો હું તમને ભોગ આપુ છું. હું શહેરમાં જઇ પાછો આવું ત્યાં સુધી તમે આંહિજ રહેજો !" જગદેવે કહ્યું.

"સારૂં: ભલે જા." જોગણીઓ બોલી.

જગદેવ પાછો શહેરમાં આવી પોતાને ઘેર ગયો. તેની સ્ત્રી વીરમતીને આ વાત કહી. વીરમતીએ કહ્યું, કે "સ્વામિનાથ ! આપણાં ધન્ય ભાગ્ય કે આપણા રાજાને ખાતર આપણે મરવાનો આ અમૂલ્ય અવસર આવ્યો."

ત્યાર પછી જગદેવ પોતાની સ્ત્રી વીરમતી તથા બન્ને પુત્રોને લઇને જોગણીઓ પાસે આવ્યો. સિદ્ધરાજ પણ તેઓની પાછળજ હતો.

જોગણીઓ પાસે આવી જગદેવે પ્રથમ પોતાના બન્ને પુત્રોનો જોગણીઓને ભોગ આપ્યો. ત્યાર પછી પોતાની પત્ની વીરમતીનું પણ સમશેરના ઘા વડે ધડ ને માથું જુદું કર્યું. આ પ્રમાણે સિદ્ધ-રાજના આયુષ્યમાં એક સાથે છત્રીસ વર્ષનો ઉમેરો કર્યો. હવે માત્ર પોતાનો ભોગ આપી પોતાના સ્વામિના આયુષ્યમાં અડતાલીશ વર્ષ પૂરાં કરવાને તે તૈયાર થયો. જ્યાં જગદેવ પોતાની ડોક ઉપર તરવારનો ઘા કરે છે, ત્યાં જોગણીઓએ તેનો હાથ પકડી તેમ કરતાં અટકાવ્યો. ને બોલી કે "પુત્ર! માગ માગ! અમે તારી સ્વામિભક્તિથી પ્રસન્ન છીએ." જગદેવે તે નહિ ગણકારતાં પોતાનો ઘાત કરવાને બહુ પ્રયત્ન કર્યો પણ એ સઘળું નિરર્થક ગયું. જોગ ણીઓએ તેને બીજીવાર વરદાન માગવાનું કહ્યું. આથી જગદેવે કહ્યું કે; "દેવીઓ જો તમારે વરદાન આપવુંજ હોય તો હું જે માગું તે આપવું પડશે."

"તું જે માગીશ તે આપીશું" જોગણીઓએ વિશ્વાસ આપ્યો.

"મારા સ્વામિ સિદ્ધરાજ જયસિહના આયુષ્યમાં અડતાલીશ વર્ષની વૃદ્ધિ થાય! બીજું મારી પત્ની તથા બન્ને પુત્રો સજીવન થાય! એ હું માગું છું.' જગદેવે વર માગ્યો.

"તથાસ્તુ" જોગણીઓએ કહ્યું.

સિદ્ધરાજ જગદેવની આવી રાજ્યભક્તિ જોઇ દિંગ થઇ ગયો. પરન્તુ તે સમયે તે કાંઇજ બોલ્યો નહિ.

ત્યાર પછી જગદેવ પોતાની પત્ની તથા બન્ને છોકરાને લઇ જોગણીઓને નમસ્કાર કરી ઘર તરફ વળ્યો. ધન્ય છે જગદેવની અતુલ સ્વામિભક્તિને.

બીજે દિવસે સિદ્ધરાજે કચેરીમાં સર્વેને પૂછ્યું કે "રાત્રે કોણ રૂદન કરતું હતું તથા કોણ ગાતું હતું?" કેટલાકે એવો ઉત્તર આપ્યો કે; "મહારાજા! બે જાનનાં ગાડાં હતાં તેમાં એકમાં મરણ થવાથી તે ગાડાવાળાં માણસો રડતાં હતાં જ્યારે બીજા ગાડાવાળાં માણસો ગીત ગાતાં હતાં." સિદ્ધરાજને કોઇના ઉત્તરથી સંતોષ થયો નહિ તેથી તેણે જગદેવને પૂછ્યું. જગદેવે કહ્યું કે, "મહારાજ!

આ સર્વ કહે છે એ ખરી વાત છે." જગદેવના આ ઉત્તરથી સિદ્ધરાજ વધારે પ્રસન્ન થયો. પછી તેણે રાત્રે જે બીના જોઇ હતી તે કચેરીમાં સર્વને અથ ઇતિ કહી સંભળાવી. તથા જગદેવની રાજ્યભક્તિ બદલ તેના દરમાયામાં વૃદ્ધિ કરી ઉત્તમ શીરપાવ આપ્યો.

દેવાઇતની રાજ્યભક્તિ

ગુજરાતના સોલંકી કુળના રાજા મૂળરાજે જુનાગઢને રાણો રા. કવાટ કે જે રા. ગ્રહરિપુના નામથી પ્રસિદ્ધ છે તેના ઉપર જ્યારે ચઢાઇ કરી તેને મારો ત્યારે રા. કવાટના દિકરા રા. નોંઘણુને ગુપ્ત રીતે આહીરના નેસમાં મોકલી દેવામાં આવ્યો હતો. એ ઉદ્દેશથી કે જ્યારે ત્યારે પણ એ કુંવર પોતાના પિતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરશે. આ વખતે રા. નોંઘણુની ઉમ્મર માત્ર ત્રણ વર્ષની હતી. રા. નોંઘણુ જે આહીરને ઘેર ઉછરતો હતો તે આહીરનું નામ દેવાઇત હતું. દેવાઇતનેસાત દિકરા હતા. તથા બીજલ નામે એક નાનો ભાઇ હતો. બન્ને ભાઇના નેસ ગિરના ડુંગરામાં હતા. જ્યાં સુધી નોંઘણુની ઉમ્મર લગભગ ૧૦–૧૨ વર્ષની થઇ ત્યાં સુધી તો તેને કોઇપણ પ્રકારે હરકત ના આવી; પરન્તુ બીજલ કે જે દેવાઇતનો નાનોભાઇ હતો તેને મોટાભાઇ જોડે ન બનવાથી કોઇપણ રીતે દેવાઇતને હાની પહોંચાડવી એવા ઉપાય શોધવા લાગ્યો. અન્તે દુષ્ટ બીજલને એ યુક્તિ હાથ લાગી કે વામનાસ્થળીમાં મૂળરાજના સુબા પાસે જઇને કહેવું કે રા. કવાટનો એક છોકરો મારા મોટાભાઇ પાસે ઉછરે છે આમ કહેવાથી દેવાઇત ઉપર રાજ્યદ્રોહનો ગુહ્નો સાબિત થઇ તે સખત શિક્ષાને પાત્ર થશે. તેનો આ વિચાર દિનપ્રતિદિન મજબૂત થવા લાગ્યો. છેવટે તેણે પોતાનું ધાર્યું કર્યું. વામનાસ્થળીના સુબાને તેણે આ ખબર આપી દીધી. સુબાએ એકદમ દેવાઇતને પકડી લાવવા માણસો મોકલ્યાં. પોતાના નાનાભાઇ બીજલની કૃતઘ્નતા સંબંધે દેવાઇત સંપૂર્ણ જાણતો હતો, જેથી તેણે રા. નોંઘણુના રક્ષણને માટે અગાઉથી એક ભોંયરૂં તૈયાર કરી મૂકયું હતું. અર્થાત્ કે દેવાઇત સંપૂર્ણ રીતે સાવચેત રહ્યો હતો. સુબાના માણસોએ આવીને એકદમ દેવાઇતને કબજે કર્યો. દેવાઇત બિલકુલ આનાકાની વગર સુબાના માણસોને કબજે થઇ, તેના મુકામ ઉપર આવ્યો. સુબાએ દેવાઇતને પૂછ્યું, કે "તમારે ત્યાં રા. કવાટનો કુંવર નામે રા. નોંઘણુ છે, તે જો સત્વર અમારે કબજે કરશો તો મહારાજા મૂળરાજ તરફથી તમને સારૂં ઇનામ

તથા જાગીર મળશે." તેના ઉત્તરમાં દેવાઇતે કહ્યું કે "સુબા સાહેબ! હું સારી રીતે જાણું છું, કે આવી ખોટી રીતે ભમાવનારી જે ખબર આપને મળી છે તે આ મારા ભાઇ દુષ્ટ બીજલ તરફથી મળી છે. તે દુષ્ટનો વિચાર મને હેરાન કરવાનો છે; માટે આવી ખોટી યુક્તિથી આપને ભરમાવી મને ફસાવવાનો એ પાપીએ વિચાર કર્યો છે. બાકી તો મારા ગરીબને ઘેર રા. નોંઘણુ ક્યાંથી હોય?" સુબાએ પૂછ્યું કે "ત્યારે કદાચ તમારે ત્યાંથી રા. નોંઘણુ હાથ લાગે તો તેની શિક્ષા અમારે તમને શું કરવી?" તેના ઉત્તરમાં દેવાઇતે કહ્યું, કે "મહારાજ! જો મારે ત્યાં રા. કવાટનો પુત્ર નીકળે તો મારા સાત પુત્રોનાં માથ હું કુલ કરૂં છું.' દેવાઇતનાં આવાં જુસ્સા-ભર્યાં વચનથી સુબાનો શક કંઇક નિર્બળ પડેલો જાણી વચ્ચે બીજલ બોલી ઉઠયો "સુબાસાહેબ, દેવાઇત તદ્દન જુઠું બોલે છે. હું ખાત્રીપૂર્વક કહું છું, કે તેને ત્યાં રા. નોંઘણુ છે. માટે મને જો આપ થોડાં માણસો આપો તો હું હાલ એકદમ તેને કબજે કરી લાવું." સુબાએ આથી બીજલને લગભગ ૫૦ માણસ સોંપી રા. નોંઘણુને પકડવા મોકલ્યો. દેવાઇતની સ્ત્રીએ અગમચેતી રાખી પોતાનો સૌથી નાનો છોકરો કે જેની આકૃતિ આબેહુબ નોંઘણુનેજ મળતી આવતી હતી, તેને આગળથી તૈયાર કરી મૂકયો હતો. તેને લઇ બીજલ એકદમ ચાલતો થયો. દેવાઇતની સ્ત્રીએ પૂછ્યું કે; "બીજ-લભાઇ! બીજલભાઇ! છોકરાને કયાં લઇ જાઓ છો?" તેના ઉત્તરમાં બીજલે કહ્યું કે "સુબાસાહેબ બોલાવે છે તેથી લઇ જાઉં છું." દેવાઇતની સ્ત્રીએ બીજલને પાછો બોલાવી કહ્યું, કે "ઉભા રહો હું ત્યારે તેને સારાં સારાં લુગડાં પહેરાવું" એમ કહી તેણે ખેતો કે જે પોતાનો સૌથી નાનો દિકરો હતો તેને નોંઘણકુંવરનાં તમામ વસ્ત્ર તથા હથીઆર સજાવી પુત્રને છેલ્લું ચુંબન કરી બી-જલને સોંપ્યો. બીજલ હરખાતો હરખાતો સુબા પાસે આવ્યો ને કહ્યુ કે "લ્યો સાહેબ આ રા. નોઘણુ."

'કેમ દેવાઇત! આ કોણુ છે.' સુબાએ પૂછ્યું.

"સાહેબ એ મારો સૌથી નાનો છોકરો ખેતો છે." દેવાઇતે ઉત્તર આપ્યો.

'નહિ સાહેબ, એજ રા.નોંઘણુ છે. તે જુઠું બોલે છે.' બીજલે કહ્યું.

" દેવાઇત ! જ્યારે આ તારો પુત્ર છે, ત્યારે હથીઆર કેમ બાંધે છે ? " સૂબાએ પુછ્યું.

' સાહેબ ! એતો અમારી જ્ઞાતિનો રિવાજ છે.' દેવાઇતે કહ્યું.

' તારે કેટલા પુત્ર છે.' સૂબાએ પૂછ્યું.

'સાત પુત્ર છે સાહેબ !' દેવાઇતે કહ્યું.

'સિપાઇ ! એ સાતે પુત્રને આંહિ લાવો.' સૂબાનો આ હુકમ સાંભળી સિપાઇઓ છોકરા લાવવા દોડી ગયા. થોડીવારમાં તે બધાને લાવી હાજર કર્યા.

" દેવાઇત ! અમે તને જાણુતા હતા કે તું ખરો રાજ્યભક્ત છું; પરન્તુ પાછળથી તું ખરેખરો રાજ્યદ્રોહી નીકળ્યો છું. તારા આ ગુન્હા બદલ તને ફાંસીની સજા કરવી ઘટે છે, પરંતુ મહારાજા શ્રી મૂળરાજનો એવો હુકમ નહિ હોવાથી હું તને માત્ર એજ શિક્ષા કરૂં છું કે આ સાતે પુત્રોનાં માથાં તું તારે હાથે ઉડાવી દે ! " સૂબાએ હુકમ ફરમાવ્યો.

" સૂબા સાહેબ, જો કે હું બિલકુલ ગુન્હેગાર નથી છતાંય જો આપસાહેબની નજરમાં મારો ગુન્હો લાગતો હોય તો હું તેમ કરવા પણ તૈયાર છું. " એમ કહી રાજ્યભક્ત વીરનર દેવાઇતે પોતાના બાળસ્વામિ રા. નોંઘણુના પ્રાણુરક્ષણુ માટે હાથમાં તરવાર લઇ પોતાના સૌથી મોટા દીકરા ઓદલ પાસે જઇ બોલ્યો.

ઓદલ ઓતું કહાડ, જગમાં રહેશે જીવતો;
રાણા હુંદી રાઠ શૂરો થાને સાંમહો.

એમ કહી તરવારના એક ઝટકાથી ઓદલનું માથું ઉડાવી દીધું. ત્યાર પછી મેરૂ નામનો છોકરો કે જે મોટા ભાઇના મરણુથી રડતો હતો તેની પાસે જઇ દેવાઇત બોલ્યો.

બીધે લાગે ખોડ કુળના થાએ કાંકરા,
અચળ કીર્તિનો કોટ મેરૂ ચણુ મેરૂસમો.

એમ કહી મેરૂનું માથું પણુ ધડથી જુદું કર્યું. આ પ્રમાણે છ પુત્રોનાં મસ્તકોને તરવારથી ઉડાવ્યાં. સૂબાના આ ભયંકર હુકમથી બધાં માણુસોનાં અંતઃકરણુ પીગળી ઉઠયાં, પણુ દુષ્ટ બીજલને કંઇ થયું નહિ. સૌથી નાનો છોકરો ખેતો કે જે પોતાના છ ભાઇના ત્રાસદાયક મરણુથી ઘણો કંપતો હતો તેની પાસે જઇ દેવાઇતે—

મ રો મારા આધાર નીતિને નાવે ચડી;
મરવા થા તૈયાર બાપા કહે માં બાપલા.

આ પ્રમાણે કહી સૌથી નાના છોકરાને પણ ઈશ્વિર સંનિધ રવાના કર્યો. અન્તે દુઃખ અને અન્યાય્યથી દેવાઇતનું હૃદય પીગળી આવ્યું તેથી;

કાળજડાં કાં ન કાપ સાતે ખાધા સામટા;
ઉંડા ઘાની આંટ નથી તને નઠોરશું ?

એટલું બોલી લોહીયાળ તરવાર હાથમાં લઇ મૂર્છાગત થઇ ગયો. દેવાઇતની આ રાજ્યભક્તિ શું ઓછી વખાણવાજોગ છે. જેણે પોતાના ભવિષ્યના બાળરાજા રા. નોંધણ માટે સાત પુત્રોના જીવની પણ દરકાર ન રાખી તેને હજારવાર ધન્ય છે.

બીજાં દષ્ટાંતો.

આર્કોટના ઘેરા વખતે ૭૦૦ દેશી લોકોએ માત્ર ચોખાનું પાણી પી રાજ્યસેવા બજાવી હતી. જેનુ પરિણામ તેઓને લાભકારી થયું હતું. ડુબતી બર્કનહેડ આગબોટમાં કેટલાક વીરોએ પોતાના રાજ્ય ખાતર પ્રાણ ખોયા હતા. એ કરતાં પણ જો આપણે વધારે ઇતિહાસ જોઇએ તો વૈરાટનગરના રાજા તરફથી કૌરવો સામે લડનાર ગુપ્તરીતે રહેલા પાંડવોની રાજ્યભક્તિ, કુરૂક્ષેત્રમાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરેની રાજ્યભક્તિ ને બાહુકરૂપે રહેલા નળરાજાએ દર્શાવેલી ઋતુપર્ણ તરફની રાજ્યભક્તિ એ શુ ઓછી પ્રશસ્ય હતી ? આપણા જે જે જુના પૌરાણિક ઇતિહાસો છે, તે તે બધા આપણને રાજ્યભક્તિનોજ ઉપદેશ આપે છે. તેમાં રાજ્યભક્તિના અત્યુત્તમ દષ્ટાંત માટે પૂજ્ય કપિ વીરશ્રી હનુમંતને આપણે નહિ ભૂલી જતએ ! શ્રી હનુમંતે રામચંદ્રજી તથા સીતાજી ખાતર કેટલું સહન કર્યું છે ? અનેક ક્રૂરને નિર્દય રાક્ષસોના પંજામાંથી બચી તેઓનો ઘાત કરી શ્રીમતી સીતાદેવીની ભાળ લાવનાર એજ વીરનર હતા. સુગ્રીવે, અંગદે ને જાંબુવાને પણ રામચંદ્રજી માટે ઓછું સહન કર્યું નથી ! તેવીજ ચાણાકયની રાજ્યભક્તિ ઉત્તમ હતી. નિપુણમંત્રી રાક્ષસ ને ચંદનદાસની પણ એજ પ્રકારની રાજભક્તિ હતી.

માતૃગુપ્તનું દષ્ટાંત.

માતૃગુપ્ત નામનો એક નિર્ધન બ્રાહ્મણ ઉજ્જયિનીના રાજા વિક્રમની સેવા કરતો હતો. અડધી રાત્રે પણ તે પરમકૃપાળુ વિક્રમરાયનું સંરક્ષણ કર્યા કરતો.

આમ વિક્રમરાજાનું રક્ષણ કર્યા છતાં પણ તેને કોઇ પણ જાતનો લાભ કે સુખ થયું નહતું, પણ જ્યારે વિક્રમરાજાએ કાશ્મિરનું રાજ્ય પોતાને કબજે કર્યું, ત્યારે તેણે કાશ્મિર દેશના રાજ્યસેવકો પાસે માતૃગુપ્તને એક પત્ર આપી મોકલ્યો. તેમાં "માતૃગુપ્તને રાજ્યાધીશ કરજો ?" એમ લખેલું હતું. આ પ્રમાણે જે માણસ એક વખત બિલકુલ રંક હતો તે રાજ્યભક્તિના પરિણામે રાય થયો.

જેજે વીરોએ રાજ્યભક્ત બની કીર્તિ તથા લાભ પ્રાપ્ત કર્યા છે, તે તે વીરોએ અત્યુત્તમ સુખ પ્રાપ્ત કરી પોતાના યશને અત્યાર સુધી ચિરસ્થાઇ કર્યો છે.

અરાજ્યભક્તોનાં દૃષ્ટાંતો.

પરન્તુ આથી ઉલટું જે માણસોએ અરાજ્યભક્ત બની પોતાની કીર્તિને મલિન બનાવી છે, તેઓને તેના બદલામાં કંઇ લાભ થયો નથી. પણ લાભને સ્થાને હાની થવા પામી છે. એટલુંજ નહિ પણ તેઓના નામનો કાળો ડાઘ અત્યારે પણ ઇતિહાસનાં પૃષ્ટોને લજવે છે.

કાકુ.

વલ્લભિપૂરના કોટચાધિપતિ કાકુ મારવાડીએ એક માત્ર કાંચ કીની તકરાર ખાતર સીંધના રાજાને વલ્લભિપુર ઉપર લાવી શું લાભ મેળવ્યો ? અન્તે તેને બુરા હાલે મરવાનો સમય આવ્યો હતો. જેની કાળી લીટી ઇતિહાસમાં અપયશ રૂપે દોરાએલી છે.

દેશળ ને વિસળ.

સિદ્ધરાજ ને રાઃખેંગારની લડાઇમાં જો રાઃખેંગારના ભાણેજ નિમકહરામ ન બન્યા હત તો અવશ્ય સિદ્ધરાજ હારત. અથવા કાયર થઇ પાછો જાત. પણ સિદ્ધરાજ જીત્યો એનું વાસ્તવિક કારણ તો દેશળ ને વિસળની નિમકહરામી એજ હતું. પણ જુઓ પાછળથી તેઓને શું ફળ મળ્યું ! તેઓને જીવતા ને જીવતા સિદ્ધરાજના હુકમથી ઉપરકોટની ઉંચામાં ઉંચી બારીએથી ફેંકી દેવામાં આવ્યા હતા. જ્યાં તે દુષ્ટોએ પોતાના પ્રાણ ઘણીજ ઘાતકી રીતે છોડયા.

માધવ.

ત્યાર પછીના ઇતિહાસમાં પણ જુઓ ? માનો કે કરણ વાઘેલાએ જોકે ગમે તેવી અશિષ્ટ વર્તણુક ચલાવી હતી, પણ માધવને એકદમ અરાજ્યભક્ત બની અલ્લાઉદ્દીનને તેડી લાવવાની જરૂર નહતી. તેમ છતાંય તે તેડી લાવ્યો

તો તેને તેનું શું સારૂં ફળ મળ્યું છે ? તેની સત્તા ગઇ, દ્રવ્ય ગયું, ને જે કંઇ શાંતિ હતી તે પણ ગઇ. એટલુંજ નહિ પણ તેને પાછળથી પોતા કૃતકૃત્યને માટે પસ્તાવાનો સમય આવ્યો હતો. કહે છે અલ્લાઉદ્દીને પાછળથી તેનો ઘાત કરાવ્યો હતો.

અસોફ્જાએ નાદિરશાહને દિલ્હી ઉપર લશકર લાવવાનું આમંત્રણ કરી કયો લાભ લીધો ? નાદિરશાહે દિલ્હીના રાજા મહમદશાહને પરાજિત કર્યા પછી તેની સાથે સંધી કરી. પાછળથી અસોફ્જાને તેની અરાજ્યભક્તિ માટે નાદિરશાહે તિરસ્કાર યુક્ત કેવાં કઠોર વચનો કહ્યાં હતાં ! જેનું પરિણામ એ આવ્યું કે અસોફ્જાએ ઝેરનો પ્યાલો પીને પ્રાણ ત્યાગ કર્યો.

અસોફ્જા

રાજ્યભક્ત ઝફ્ફરખાનના પૌત્ર અહમદશાહે પોતાના દાદાને ઝેર આપી કેવું ઘાતકી કામ કર્યું હતું. પાછળથી તેણે ઘણો પસ્તાવો કર્યો હતો. ને કહે છે કે એ પસ્તાવામાં તે પોતાની બાકીની ઝિંદગીમાં કોઇ દિવસ પણ હસ્યો નહતો.

અહમદશાહ.

આમ આપણે જ્યાં જ્યાં નજર ફેંકીશું ત્યાં ત્યાં રાજ્યભક્તિનું પ્રૌઢ મહત્વ લાગશે. જો આ મહત્વને પ્રજા યથોચિત સેવે, તેનું અધ્યયન કરે, ને તેનો આત્મા જોડે સંનિકર્ષ–સંબંધ–કરે તો રાજા એ પ્રજાને મમતા પૂર્વક અનેક લાભો આપવાનો વિચાર કરશે.

મુજફ્ફરશા બીજાના વખતે ગુજરાતમાં દુષ્કાળ પડયો હતો, ત્યારે પ્રજાની રાજભક્તિનું પરિણામ શું થયું હતું ? મુજફ્ફરશાહે અલ્લાહને પ્રાર્થનાપૂર્વક વિનતિ કરી કે, " હે ! અલ્લાહ્ અમોને આ દુ:ખમાંથી ઉગાર ! ને વરસાદ વરસાવ !" તુરતજ વરસાદ વરસ્યો હતો. રામ યુધિષ્ઠિરાદિ રાજાઓ પણ પ્રજાના સંકટ સમયે યજ્ઞાદિ ક્રિયાઓ કરી ઇશ્વરની સ્તુતિ કરતા. કાશ્મિરના તુંજીન રાજાએ પોતાની પ્રજાને દુષ્કાળની પીડામાં દુ:ખ પામતી જોઇ ઘણા દિવસ સુધી ખાધું નહતું.

રાજાની પ્રજા પ્રત્યે લાગણી

આમ છતાંય આપણે રાજાને અમુક રીતેજ રાજ્યભક્તિનું સ્વરૂપ દર્શાવી શકીએ એમ નથી. પરન્તુ તે દર્શાવવાના ઘણા માર્ગ છે ખાસ કરીને રાજા બે રીતે પ્રસન્ન રહી શકે છે (૧) રાજા પ્રત્યે પૂજ્યભાવના. (૨) તેને સં  સમયે સાહાય્ય.

બે પ્રકારે રાજ્યભક્તિ.

પાછળ કહ્યા પ્રમાણે રાજા એ ઇશ્વરી અંશ છે. જેમ આપણે ઇશ્વર પ્રત્યે પૂજ્યભાવના ને ભક્તિપરાયણતા દર્શાવીએ છીએ તેવીજ પૂજ્યભાવના ને ભક્તિપરાયણતા રાજા પ્રત્યે દર્શાવવી એ આપણું કર્તવ્ય છે.

(૧) પૂજ્યભાવના.

તેને માટે પ્રથમ આપણે રાજાના કાયદાને અર્થાત્ રાજ્યને સુરક્ષિત રાખવાના ધારાઓને માન આપવું જોઇએ. તથા તે તરફ પૂર્ણ શ્રદ્ધા ને ફલદાતા પૂર્વક જોવું જોઇએ. અથર્વવેદના એક મંત્રમાં કહ્યું છે કે;

કાયદાને માન આપો ?

**सभ्य सभां मे पाहि ये च सभ्याः सभासदः**

**ભાવાર્થઃ-રાજા મુખ્ય સભાસદને આજ્ઞા કરે, કે હે મુખ્ય સભાસદ! તું મારી સભાની ધર્મયુક્ત વ્યવસ્થાનું પાલન કર; તથા જે સભાના યોગ્ય સભાસદો છે તે પણ સભાની વ્યવસ્થાનું પાલન કર્યા કરે ?**

આ ઉપરથી એમ સાબિત થાય છે કે પૂર્વકાળમાં પણ કાયદાઓને સંપૂર્ણ માનદૃષ્ટિથી જોવામાં આવતા. પ્રજાએ સમજવું જોઇએ કે રાજા જે કાયદા ક[illegible] છે તે પોતાનેજ માટે છે, એટલુંજ નહિ પણ પોતાનું એમાં કંઇક શ્રેય પણ સમાયલું છે. જેમ ઘરમાં આપણે આપણાં માતપિતાને, તથા તેઓનાં વચનને તત્ સ્વરૂપ ગણી માન આપીએ છીએ તેમ રાજાના કાયદાને પણ રાજા તુલ્ય માના માન આપવું; કારણકે એ કાયદામાં આખા રાજ્યનું કલ્યાણ સમાયેલું છે. અગર જો પ્રજાની દૃષ્ટિએ કોઇ ધારો પ્રતિકૂલ પણ હોય ખરો. તો એ ધારો શા માટે પ્રતિકૂલ છે ? રાજાએ એ ધારો કયા વિચાર ને કયા ધોરણને અવલંબી બાંધ્યો છે ? તેમાં રાજાનો મુખ્ય ઉદ્દેશ શું છે ? તથા પ્રજાનું-આપણું પોતાનું-એમાં કયું કલ્યાણતત્ત્વ છે ? એ બાબતોનો પ્રથમ વિચાર કરવો જરૂરનો છે. ત્યાર પછી જો પ્રજાજનના વૃદ્ધ, ડાહ્યા, ને અનુભવી પુરૂષોએ કાયદાની પ્રતિકૂલતા વિચારે ને તે કબુલ રાખે તોજ તેની તકરાર રાજા પાસે લઇ જવી એ વાજબી છે. ઘણીવાર રાજા ઘણાજ સખ્ત ધારાઓ બહાર પાડી પ્રજા ઉપર બોજો નાંખે છે; પરન્તુ પ્રજાએ વિચારવું જોઇએ કે એ

ધારા ઉત્પન્ન થયા એને માટે કારણભૂત કોણ છે ? આજ પર્યંત એ ધારો નહતો ને આજજ કેમ થયો ! જો ખરી રીતે વિચારીશું તો માલમ પડશે, કે આવા સખ્ત ધારા અમલમાં મૂકાવનાર રાજા નથી પણ પ્રજાજ છે. ઘણી જગાએ પ્રજા વર્ગ આવા સૂક્ષ્મ ભેદો વિચાર્યા વગર એકદમ નવા કાયદા સામે બુમાટો કરવા મંડી પડે છે; એટલુંજ નહિ પણ તે સામે અયોગ્ય વર્તણૂક ચલાવી રાજાના અંતઃકરણને દૂભવે છે. આનું પરિણામ એ આવે છે કે થોડા સમયને માટે અનુભવ ખાતર મૂકેલો ધારો સદૈવને માટે ન્યાયપોથીમાં ચિરસ્થાઇ થાય છે; જેથી પ્રજાજન ઉપર તેટલા બોજાની વિશેષ વૃદ્ધિ થાય છે. વધારે યુક્ત તો એ છે કે રાજાના નવા ધારાનો પ્રજા વર્ગે તાત્કાલિક બીન તકરારે સત્કાર કરવો. ત્યાર પછી અમુક વખત શાન્તિ પકડી રાજાને પોતાની અગવડતા જાહેર કરવી. આથી રાજા રીઝશે એટલુંજ નહિ પરન્તુ તુરત પ્રજાની અગવડતા દૂર કરશે.

**રાજા તરફ શુભ ભાવના.**

આપણા દેશના લોકોમાં સહવારમાં પરમેશ્વરની સ્તુતિ કરવાનો રિવાજ છે. તો આ સાથે ઇશ્વરાંશ ગણાતા રાજાની સ્તુતિ થાય તો શું ખોટું છે. પૂર્વે આપણા ઋષિમુનીઓ પણ દેવપૂજન સાથે પ્રાતઃકાળમાં નૃપકલ્યાણના મંત્રો ઉચ્ચારતા. વળી ઘણીવાર રાજાના કલ્યાણ માટે દેવસ્થાનોમાં પ્રાર્થના પણ થતી. આ ચાલ ઘણા પ્રાચીનકાળથી પ્રચલિત છે. રામચંદ્રજીની સ્તુતિઓ ગવાણી છે. હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર ને નળનૃપતિની પણ સ્તુતિઓ ગવાણી છે. અશોક, ચંદ્રગુપ્ત, વગેરેના સમયમાં પણ આવોજ ચાલ હતો. મુસલમાની સમયમાં પણ અમુક અમુક દિવસોએ પાદશાહ માટે વાએજો બોલાતી. ને કેટલેક ઠેકાણે તો ખાસ કરીને હંમેશને માટે પાદશાહનું કલ્યાણ ઇચ્છવાને માટે મુલ્લાંઓ રખાતા. લડાઇના વખતે પણ બ્રાહ્મણો તરફથી ને મુલ્લાંઓ તરફથી રાજાને આશીર્વાદ અપાતા. ઈંગ્લાંડમાં પણ પ્રાચીનકાળમાં આર્ચબીશપો દેવળમાં રાજાના કલ્યાણ માટે પ્રાર્થના કરતા, જે અદ્યપિ ચાલુ છે. ના. શહેનશાહ પંચમજ્યોર્જ હિન્દુસ્તાનમાં પધાર્યા ત્યારે આપણા દેશના વિદ્વાનો તરફથી આશીર્વાદના અનેક રીતે ઉચ્ચારો થયા હતા. ગ્રીસ ને રોમન રાજ્યમાં પણ આજ રિવાજ હતો, ને હજી પણ છે. પ્રથમ આપણા દેશમાં ઘણી જગાએ નવધાભક્તિથી

રાજાનું પૂજન થતું. એમ ઘણીવાર સાંભળવામાં આવે છે. પ્રત્યેક પ્રજાજને સદૈવ ઉચ્ચારવું કે "હે રાજન્ તમે સુખી રહો ને તમારું કલ્યાણ થાઓ !

**રાજાની સ્તુતિ કરવી**

પ્રજાજનમાંના ઘણા માણસોને ધંધા અર્થે, વ્યાપાર અર્થે કે સંબંધી લાભ અર્થે બહારગામ કે પરરાજ્યમાં જવાનું થાય, ત્યાં તેમણે એટલું યાદ રાખવું, કે પોતાના રાજાની વિરૂદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવો નહિ. કારણ કે એનાં બહુ માઠાં ફળ છે તેણે બહાર પરદેશમાં જેમ બને તેમ પ્રસંગોપાત અન્યના સમાગમમાં પોતાના સ્વામિની સ્તુતિ કરવી; પરન્તુ તે સ્તુતિ અતિશયોક્તિ વગરની, યોગ્ય ને મર્યાદિત જોઇએ. નહિ તો શંકર ભાટે ભુવડના દરબારમાં જઇ ગુજરાતનું ને ગુજરાતની સમૃદ્ધિનું અતિશયોક્તિ યુક્ત વર્ણન કરી, જે અનિષ્ટ ફળ આણ્યું તેવો સમય આવે. પોતાના રાજ્યના કાયદા ઘણા સારા ને લાભદાયી છે, તથા સર્વ પ્રજાવર્ગને રુચિકર છે; એમ યોગ્યતાપૂર્વક કહેવું. સિવાય આપસઆપસમાં પણ રાજાની સ્તુતિ કરવી. વાચકને યાદ હશે કે મનુ ભગવાનના સમયમાં રાજાની નિંદા કરનારને સખ્ત શિક્ષા થતી.

ઉપરાંત મહારાણી જે વડીલ માતા સમાન છે, તેને પણ માન આપવાનું ન ભૂલવું. એક આંખ કરતાં બે આંખે જોવું એ વધારે સારૂં છે. મહારાણી અથવા રાજ્યમાતા એ રાજાનું અર્ધું અંગ છે. રાજાને રાજ્યકાર્યમાં તેની પણ જરૂર છે. તેટલા માટેજ મહારાણી પણ પૂજનીય છે. ઉપરાંત વડીલ કુમાર જે ભવિષ્યને માટે રાજ્યપિતા થનાર છે તેના તરફ પણ પ્રજાએ પૂજ્યભાવ રાખવો. તદુપરાંત તે ચિરંજીવ રહે એવો આશીર્વાદ આપી ભવિષ્યમાં એઇ રીતે રાજ્યકારભાર ચલાવી પ્રજાને સુખ તથા શાન્તિ આપે એવી વાંછના કરવી. ટુંકમાં આટલી રીતે રાજા તરફ પૂજ્યભાવ દર્શાવી રાજ્યભક્તિ બતાવાય.

**નૈતિકભાવના.**

આ સર્વ સિદ્ધાંતોની અખંડિતતા જાળવવા માટે, ને રાજ્યભક્તિ વા વફાદારીનું વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે, માનવ હૃદયમાં નૈતિક ભાવનાઓ વિશેષ પ્રકટવી જોઇએ. પ્રજાએ જેમ બને તેમ પોતે નૈતિક બનવું, ને બીજાઓને નૈતિક બનાવવાં. એટલુંજ નહિ; પણ ધર્મના તર્કમાં ન

ઉતરતાં ધર્મના સામાન્ય નિયમોનું વિશેષ પાલન કરવું. કારણ કે ધર્મના તર્કો વ્યર્થવાદ ઉત્પન્ન કરે છે, જેથી તે માનવ જિવનને મલિનતા ને અનીતિ ગ્રહણ કરવાનો સુલભ માર્ગ દર્શાવવામાં મદદગાર થાય છે.

૨ સાહાય્ય.

સાહાય્યની બાબતમાં પ્રજા રાજાને દ્રવ્યની મદદ પ્રસંગવશાત્ આપી શકે દુષ્કાળ હોય, લડાઇ હોય, અથવા હરકોઇ કુદરતી આફ્ત જેમકે રેલ આવવી, ધરતીકંપ થવો અથવા પરદેશી રાજાનું ચઢી આવવું. આવે પ્રસંગે પ્રજાનું કર્તવ્ય છે કે, તેણે રાજાને દ્રવ્યની સાહાય્ય કરવી. પ્રજાએ જોવું કે દ્રવ્ય ચિરસ્થાઇ નથી પરંતુ કીર્તિ ચિરસ્થાઇ છે. વળી રાજાને જે દ્રવ્ય આપવું છે તે કાંઇ તેના પોતાના ઉપભોગાર્થે નથી આપવાનું; પરન્તુ પ્રજાના કલ્યાણાર્થેજ આપવાનું છે. મતલબ કે પ્રજાનું છે ને પ્રજા પાસે જવાનું છે. રાજા તો માત્ર પ્રજાના દ્રવ્યની યોગ્યમાર્ગે વ્યવસ્થા કરનાર પુરૂષ છે. તેમાં પ્રજાએ લગાર પણ કૃપણુતા કે લોભવૃત્તિ ન દર્શાવવી. વળી જે દ્રવ્ય રાજાએ લીધું છે તે દ્રવ્ય તેટલુંજ, અથવા તો જો પ્રજા માગે તો વ્યાજ સાથે આપવાને માટે પણ રાજા બંધાય છે. આ પદ્ધતિ પુરઃસર આપણા દેશમાં રાજા તરફથી લોનો ને બેંકો નીકળી છે. જેમાં સરકાર નાણાં લઇ પ્રજાને જ્યારે જોઇએ ત્યારે વ્યાજ સાથે પાછાં આપે છે. આવી રીત પૂર્વકાળમાં નહતી. તે સમયે તો રાજ્યનો દ્રવ્યભંડાર એ પ્રજાજ ગણાતી. રાજાને જ્યારે નાણાં જોઇતાં ત્યારે તે પ્રજા પાસેથી કરની વૃદ્ધિ કરી નાણાં ઉઘરાવતો. અથવા જો તુરત જોઇતાં હોય તો નગરશેઠ પાસેથી લેવામાં આવતાં. પહેલાંના સમયમાં નગરશેઠ એ રાજ્યનું અંગ ગણાતું. હજી પણ આ રિવાજ તદ્દન નષ્ટ નથી થયો.

પ્રજા તરફથી રાજાને મળેલાં નાણાં બે સ્થિતિનો અનુભવ કરે છે. પહેલી સ્થિતિ એ કીર્તિ ઉત્પાદક છે, ને બીજી સ્થિતિ એ દ્રવ્ય ઉત્પાદક છે. જ્યારે રાજ્યમાં કોઇ પરદેશી રાજા મુલાકાત માટે આવે છે ને તેને ખાતર જે દ્રવ્યવ્યય કરવો પડે છે તે દ્રવ્યવ્યય કીર્તિ ઉત્પાદક છે. જો તેમ આવેલા રાજાની આગતાસ્વાગતા ન કરવામાં આવે તો ભવિષ્યમાં તેથી હાની થવાનો સંભવ રહે છે. લડાઇ થતી હોય, દુષ્કાળ હોય, રોગચાળો હોય અથવા તો હરકોઇ કુદરતી આફ્ત આવી પડે ત્યારે પણ જે દ્રવ્યવ્યય થાય છે એ

દ્રવ્યવ્યય કીર્તિ ઉત્પાદક કહેવાય છે; પરન્તુ જ્યારે કૃષિવિદ્યાના સુધારા માટે નહેરો વગેરેનાં બાંધકામ થાય, તળાવો ને સડકો બંધાય, રાજ્યમાં મહાલયો, વિદ્યાલયો ને પ્રજા ઉપયોગી જાહેર સંસ્થાઓની સ્થાપના થાય, ત્યારે જે દ્રવ્યવ્યય થાય છે તે દ્રવ્યવ્યય દ્રવ્ય ઉત્પાદક કહેવાય છેઃ એ સહેલથી સમજી શકાય એવું છે. માટે જેમ બને તેમ પ્રજાવર્ગે રાજાને અર્થસાહાય્ય કરવી ને રાજ્યના કર પૂરેપૂરા ભરવા કે જેથી અમુક સંકટ સમયે બહુ ભોગવવાનું ન પડે.

**શારીરિક સાહાય્ય**

રાજ્યભક્તિને ખાતર જેટલું ન કરીએ તેટલું ઓછું છે. રાજાને સંકટ સમયે ઘણીવાર શરીરસાહાય્યની પણ જરૂર પડે છે. પહેલાં ક્ષત્રિયવર્ગ ધર્મને ખાતર લડાઇમાં ઉતરતો; જેનું ક્રમે ક્રમે ભિન્ન સ્વરૂપ એ આવ્યું, કે તેઓએ રાજ્યને ખાતર લડવાનું શરૂ કર્યું. ને તેમાંજ પ્રાણ ત્યાગ કરવો એ મોક્ષનું કારણ માન્યું. ચિતોડના ભીમસિંહ સાથે પાંચ હજાર સ્ત્રીઓએ ને આઠ હજાર રજપૂત વીરોએ દેહત્યાગ કર્યો હતો. શિવાજી માટે માવલાઓ ને રણજીતસિંહ માટે શીખ વીરો પ્રાણાર્પણ કરવા તૈયાર થયા હતા. પાછળ કહેવામાં આવ્યું છે, કે ગ્રીસમાં પૂર્વે પ્રજાવર્ગ એજ રાજ્યને સહાયક હતો. જ્યાં સુધી ગ્રીસમાં આ રિવાજ રહ્યો ત્યાં સુધી દેશની આબાદિ ને ચઢતી રહી.

આપણા શાસ્ત્રોમાં પણ યુદ્ધમાં મરણ થાય તેને પુણ્યદ ને મોક્ષ દાતા માન્યું છે. રજપૂતો પણ આજ સત્રને માનનારા હતા. તેથીજ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કેઃ—

**स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।**
**धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥**

**श्रीमद् भगवद्गीता.**

**અર્થઃ**–વળી સ્વધર્મ પ્રમાણે પણ તું યુદ્ધથી ચલિત થવાને અયોગ્ય છે; કારણકે ક્ષત્રિયોને ધર્મરૂપ યુદ્ધથી અન્ય કલ્યાણકારી નથી.

જેમ ધર્મને માટે મરવું શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. તેમ રાજાને માટે મરવું અર્થાત્ કે રાજ્યના બચાવ અર્થે પ્રાણાર્પણ કરવું

એ પણ મોક્ષદાતાજ છે. આ સિદ્ધાંત પછીના પ્રકરણોમાં યથાસ્થિત ચર્ચવામાં આવ્યો છે. વળી રાજ્યભક્તિ તે પણ એક ધર્મજ છે. ખરી રીતે કહીએ તો તેમાં અનેકાનેક ફરજોનું પ્રૌઢત્વ છે. માટે પ્રજાએ માત્ર રાજાનું કલ્યાણ ઇચ્છીનેજ નથી બેસી રહેવાનું પણ પ્રસંગ આવ્યે શરીરસાહાય્ય પણ આપવી જરૂરની છે. જાપાનની ઉન્નતિનું કારણ આજ છે.

હવે માત્ર એજ કે રાજા પ્રત્યે પુજ્યભાવના ને તેને પ્રસંગવશાત્ સંકટ સમયે સાહાય્ય કરવી, એજ ખરી રાજ્યભક્તિ છે. આવી રાજ્યભક્તિથીજ રાજા ને પ્રજા ઉભયનો ધર્મ સારી રીતે સચવાશે.

આવા પ્રકારની રાજ્યભક્તિ આપણામાં નિરંતર ચાલુ જ છે. દુનીઆના તમામ ઇતિહાસવેત્તાઓ અને સુધારકોને આપણી રાજ્યભક્તિ વિષે પ્રૌઢ ને ઉંચો મત છે. આપણા વેદોમાં, બ્રાહ્મણ ગ્રંથોમાં ને ઉપનિષદોમાં ઘડીએ ઘડીએ રાજ્યભક્તિનો બોધ કરવામાં આવેલો છે. તેથીજ ના. શહેનશાહ પંચમ જ્યોર્જે આપણી રાજ્યભક્તિવિષે ઉંચો મત આપતાં કહ્યું છે કે;

" + + + And I have been touched beyond words by the genuine love and devotion towards us which we feel have entered into the spirit of the people. "

અર્થઃ—× × × " અને વાસ્તવિક પ્રેમ તથા ભક્તિ દર્શાવનારો પ્રજાના અંતઃકરણમાં જે ખરો જુસ્સો ઉત્પન્ન થએલો અમારા જોવામાં આવ્યો છે, તેથી અમારા ઉપર જે લાગણી પેદા થઇ છે, તે શબ્દોમાં દર્શાવી શકાય તેવી નથી. "

આપણી રાજ્યભક્તિ માટે આથી વિશેષ શું પ્રમાણપત્ર હોઇ શકે ! આપણે છેવટે ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, તે દયાલૂ પિતા **ના. શહેનશાહના શબ્દોને વધારે દૃઢ કરવા આપણા અંતઃકરણને પવિત્ર ને મજબૂત બનાવે !**

## ધર્મભક્તિ કરતાં રાજ્યભક્તિ ચઢે.

આપણે શ્રીકૃષ્ણને ભગવાન્‌તુલ્ય માનીએ છીએ; એટલુંજ નહિ પણ તેઓનાં વચનોનેસ્વતઃ સિદ્ધ ગણીએ છીએ તેમણે પણ અર્જુન સાથે સંવાદ કરતાં અર્જુનનાં:—

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किंनो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ॥

\+ \+ \+ \+

\+ \+ अपि त्रैलोक्य राज्यस्य हेतोः किं नु महीकृते ।

ધર્મ ને રાજ્ય સંબંધી સંવાદ.

અર્થઃ—હે કૃષ્ણ ! હું વિજયને નથી ઇચ્છતો, રાજ્યને નથી ઇચ્છતો, તેમ સુખને પણ નથી ઇચ્છતો. રાજ્યથી ભોગ–વૈભવથી ને જીવિતથી મને શું લાભ છે ?

\+ \+ \+ \+

ભાવાર્થઃ—કદાપિ મને જો ત્રિલોકનું રાજ્ય મળે તો પણ કોઈના આત્માને હાની પહોંચાડવાની મારી ઇચ્છા નથી. તો આ પૃથ્વીના રાજ્ય માટે તો હું શેનોજ હાની પહોંચાડું.

આવાં વચન સાંભળી શ્રીકૃષ્ણભગવાન્ કહે છે, કે **संभावितस्य चाकिर्तिः मरणादतिरिच्यते.** 'પ્રતિષ્ઠિત પુરૂષોને મરણ કરતાં પણ અકીર્તિ વધારે દુઃખકર છે.' માટે તું વૈરાગ્યનો ત્યાગ કરી સ્વધર્મ પાલન કરવા માટે તૈયાર થા ! જો તું આ યુદ્ધ નહિ ધારણ કર તો તારી આબરૂ તથા શૂરત્વ કલંકિત થશે, એટલુંજ નહિ પણ સાથે પાપ પણ ભેગું થશે. સર્વ તને તુચ્છકારશે અને બાયલો ગણશે. આવાં ઘણાં વચનોથી શ્રીકૃષ્ણ અર્જુનને ધર્મ કરતાં રાજ્યની અગત્ય સમજાવે છે. જેનું પરિણામ એ આવે છે કે પાંડવો કૌરવો ઉપર વિજય મેળવી આર્યાવર્તની પ્રજાને અત્યંત સુખના પ્રવાહમાં ન્હવરાવ છે.

શ્રીકૃષ્ણભગવાનની અને અર્જુનની સંવાદશ્રેણી ધર્મભાવના અને રાજ્યભાવનાની સ્પર્ધાની છે. તેમાં અન્તે રાજ્યભાવના ચઢે છે. શ્રી કૃષ્ણ અને શ્રી રામચંદ્ર અગરજો ઇશ્વર તુલ્ય મનાય છે; પરન્તુ તેનું વાસ્તવિક કારણ શોધીએ તો એજ લાગશે કે તેઓ રાજ્યવ્યવહારના શ્રેષ્ઠપણાથીજ પ્રસિદ્ધિમાં આવી ઇશ્વર તુલ્ય મનાય છે. રાજ્યને લગતા તેઓએ યજ્ઞ યજ્ઞના વ્યવહારો ને પ્રજાની આબાદિને લગતાં કાર્યોજ માત્ર કર્યા છે. તેઓએ નથી એકે ધર્મ સ્થાપ્યો કે નથી લોકોને અમુક માર્ગનો બોધ કર્યો. તેઓની જે પ્રસિદ્ધિ છે તે માત્ર રાજ્યપ્રકરણી બાબતને લઇનેજ. આ સ્થાને તેઓના સદ્‌વિચાર, વિવેક ને આચાર, એ ગૌણપદે વિરાજિત છે.

રામ અને કૃષ્ણની પ્રસિદ્ધિ.

વળી ધર્મભક્તિને રાજ્યભક્તિનો આધાર છે; કારણ કે રાજાની પ્રસન્નતા ને રાજ્યભક્તિ સિવાય ધર્મપ્રચાર થતો નથી. શરૂઆતથી ગૌતમબુદ્ધ ને મહાવીરને સંભારીએ. તેઓને પણ રાજ્યનોજ આશ્રય લેવો પડયો હતો. બુદ્ધધર્મ ને ચંદ્રગુપ્ત, અશોક, શિલાદિત્ય, ને કનિષ્ક વગેરે રાજાઓનો આશ્રય હતો એ સુવિદિત છે. જ્યારે જૈનધર્મને ભરત ચક્રવર્તિ, કુમારપાળ ઇત્યાદિ રાજાઓને પ્રસન્ન રાખવા પડયા હતા. ત્યાર પછી શંકરાચાર્યે, રામાનુજે, કબીરે ને સહજાનંદે રાજ્ય ભક્તિનેજ પ્રશસ્ય ગણી હતી. કદાચ કોઇએ રાજ્યસેવા નહિ કરી હોય તો કોઇએ પ્રજાસેવા તો કરી હશેજ; પરન્તુ પ્રજા એ રાજ્યનું અંગ છે માટે પ્રજાસેવા પણ રાજ્યભક્તિમાંજ ગણાય. ક્રાઇસ્ટ તથા પયગંબરને જનસમૂહની સેવા બજાવવી પડી હતી. તે એટલે સુધી કે મરણાંતે પણ તેઓએ જનસમૂહને ઉપદેશવામાંજ પોતાનું કર્તવ્ય માન્યું હતું.

ધર્મને રાજ્યનો આશ્રય જોઇએ.

જ્યાં જ્યાં આપણે જોઇશું ત્યાં ત્યાં ધર્મ સંસ્થાપકોને રાજ્યની સેવા અથવા તો રાજ્યનું અંગ પ્રજા–તેની–સેવા બજાવવી પડી છે. અગર જો તેમાં ધર્માચાર્યોનો ઉદ્દેશ પ્રજાને શ્રેય ફલ આપનારો છે, જેથી પ્રજા તેમજ રાજા એની જાણેજ ધર્માચાર્યોને આશ્રય આપે છે એ ખરી વાત; પરન્તુ એ સમજવું જોઇએ, કે તેમાં ધર્માચાર્યની કોઇપણ પ્રકારે અનિચ્છા નથી. અર્થાત્ કે પ્રત્યેક ધર્માચાર્યને રાજ્યાશ્રય સિવાય નથી ચાલતું.

વળી ઘણીવાર રાજાઓ પણ ધર્મને આશ્રય આપવો એમ પોતાની ફરજ સમજે છે. ના. શહેનશાહ પંચમજ્યોર્જ જ્યારે હિંદુસ્તાનમાં પધાર્યા ત્યારે તેઓશ્રીએ ભિન્ન ભિન્ન સંપ્રદાયના આચાર્યોની મુલાકાત લીધી હતી.

રાજ્ય અને ધર્મનું તોલન.

આપણા હિંદુસ્તાનમાં ધર્મની ખાતર પણ પ્રાણાર્પણ થયું છે, ને રાજ્યની ખાતર પણ થયું છે. તેમાં જુઓ? કોની કીર્તિ અત્યાર સુધી પ્રકાશી રહી છે. પરન્તુ ન્યાય ખાતર કહેવું જોઇએ, કે આ સંબંધે ધર્મ અને રાજ્યના પ્રદેશનો વિચાર કરવાનો છે. જ્યાં ધર્મનો પ્રદેશ મહાન્ અને વિશાળ છે ત્યાં ધર્મભક્તોની કીર્તિ અચળ છે ને જ્યાં રાજ્યનો પ્રદેશ વિશાળ અને મહાન્ છે ત્યાં રાજ્યભક્તોની કીર્તિ અચળ છે. આપણા હિંદુસ્તાનમાં જો કે ઘણા ઘણા ધર્માચાર્યો અને તત્વાચાર્યો થયા છે. તેઓને પારદેશીય લોકો મુક્ત કંઠે વખાણે છે. છતાં પણ તેઓનું આપણા દેશમાં પૂરેપૂરૂં સન્માન નથી. એનું કારણ માત્ર એજ કે આંહિંયાં અનેક ધર્મની જાળ પથરાયેલી છે. સ્વામિનારાયણ પંથવાળા શૈવાચાર્યને, તથા શૈવાચાર્ય પંથવાળા વૈષ્ણવાચાર્યને વખાણતા નથી. આ રિવાજથી આપણા દેશનો અમુક વર્ગજ શ્રીમદ્ શંકરાચાર્ય કે વલ્લભાચાર્યને વખાણે છે. અર્થાત્ કે આપણા દેશના સમગ્ર જનસમાજમાં ધર્મભક્તો કરતાં રાજ્યભક્તોની કીર્તિ અમર છે. તેમ હોવાનું બીજું કારણ પણ એ છે કે. આહિંયા ધર્મ પ્રદેશની ભિન્નતા છે ને રાજ્ય પ્રદેશનું ઐક્ય છે. અર્થાત્ રાજ્યપ્રદેશ વિસ્તારવાળો છે. યુરોપમાં આથી ઉલટું છે. ત્યાં ધર્મપ્રદેશ વિશાળ હોવાથી ને રાજ્યપ્રદેશ ગૌણ હોવાથી રાજ્યભક્તો કરતાં ધર્મભક્તોને વિશેષ માન છે. આપણા દેશમાં જ્યારે ચંદ બારોટ, શિવાજી ને પ્રતાપની કીર્તિ અમર છે ત્યારે યુરોપમાં લ્યુથરની કીર્તિની અમરતાનો ઘણા ખરા સ્વીકાર કરે છે. યુનૈટેડસ્ટેટ્સમાં લ્યુથર કરતાં જ્યોર્જ વોશિંગ્ટનની કીર્તિ વિશેષ અમર ગણે છે. કારણ કે ત્યાં રાજ્યપ્રદેશ વિસ્તરાયેલો છે. આવા આવા અપવાદો છતાં પણ આધુનિક સમયમાં ધર્મભક્તિ કરતાં રાજ્યભક્તિને વિશેષ માન

અર્વાચીન સમય

અપાય છે. આંગ્લભૌમ વાસીઓ લ્યૂથર કરતાં ડયુકવેલિંગ્ટનને કંઇ ઓછું માન આપતા નથી. જાપાનના લોકો અત્યારે ધર્મભક્તિ કરતાં રાજ્યભક્તિને વિશેષ ઇચ્છે

છે. ત્યાં ધર્મ નથી જોવાતો પણ વફાદારી જોવાય છે. અત્યારે દુની-આના ઘણા દેશોમાં વફાદારી યા રાજ્યભક્તિ જોવાનો સમય આવી લાગ્યો છે.

ઉત્તમતા કોની?

ધર્મપ્રચારમાં અમુક વ્યક્તિનું શ્રેષ્ઠત્વ સમાયેલું છે જ્યારે રાજ્ય-પ્રચારમાં સર્વ વ્યક્તિનું શ્રેષ્ઠત્વ સમાયેલું છે. માનવ જાતનાં અંતઃકરણ ઉપર કદાચ ધર્મની સત્તા નહોય, પરન્તુ રાજયની સત્તા તો હોયજ. ધર્મના કાયદાને કોઇક ભાગ્યશાળીજ માન આપતો હશે પણ રાજ્યના કાયદાને તો લુચ્ચો ને શઠ પણ માન આપવાને પાછી પાની કરતો નથી. ધર્મ સ્વીકાર સ્વેચ્છા પુરઃસર થાય છે જ્યારે રાજ્ય સ્વીકાર ફરજ પુરઃસર કરવો પડે છે. પછી ચ્હાય તો તે હિંદુ હોય, મુસલમાન હોય કે પારસી હોય.

પ્રત્યક્ષ પ્રમાણ

અનુમાન પ્રમાણનો ત્યાગ કરી ન્યાય્યના પ્રત્યક્ષ પ્રમાણનોજ સ્વીકાર કરીએ તો આપણી શ્રધ્ધા ધર્મભકિત કરતાં રાજ્યભકિત ઉપર વધારે ચોંટશે. કારણકે ધર્મભકિતનું ફલ પ્રત્યક્ષ નથી પણ અન્યના કહેવા મુજબ આનુમાનિક છે. **પણ રાજ્યભકિતનું ફલ તો પ્રત્યક્ષ ને આનુભવિક છે.** જે આપણે ચાલતા જમાનામા અને ચાલતા-પ્રચલિત રાજ્યમાં નજરે નિહાળીએ છીએ.

રાજ્યભક્તિ એજ ધર્મ.

વળી રાજ્યભકિત એ કંઇ જુદો ધર્મ નથી. પરન્તુ ધર્મભકિતનો માત્ર પર્યાય શબ્દ છે. ધર્મ પ્રત્યેની વફાદારી, વડીલો પ્રત્યેની વફાદારી ને સજ્જનો પ્રત્યેની વફાદારી કરતાં રાજ્ય પ્રત્યેની વફાદારીની કંઇ ન્યૂનતા નથી. અત્યારના પ્રચલિત મતોનું દિગ્દર્શન કરીએ તો, માત્ર એટલુંજ કહેવું ઉચિત છે કે એ ધર્મોના ઝઘડા અને વિતંડાવાદમાં પડયા કરતાં સત્ય અને ફલદ રાજ્યભકિતનો માર્ગ ગ્રહણ કરી એજ ધર્મનું પાલન કરવું એ વધારે શ્રેયસ્કર છે.

## ધર્મ અને રાજ્યભક્તિઃ—

જેઓના અંતઃકરણમાં ધર્મની પરંપરા છે, ધર્મ એજ જેઓનું લક્ષ્ય બિંદુ છે, ધર્મથી મોક્ષ મળે છે એવી જેની માનીનતા છે અને દેવદેવીઓ એજ કલ્યાણકારક છે એવી જેની અંધશ્રદ્ધા છે, તેવાઓને આ પ્રકરણ ઉપયોગી થશે ખરૂં.

કર્મ, જ્ઞાન ને ભક્તિ.

આપણાં ધર્મશાસ્ત્રોની સંકલનામાં મોક્ષને માટે કર્મ જ્ઞાન ને ભક્તિ તથા ભક્તિનાં સાધનો બહુધા કલ્પવામાં આવ્યાં છે હિંદુસ્તાનનો કોઇ સંપ્રદાય કર્મને આધારે, તો કોઇ જ્ઞાનને આધારે, તો કોઇ ભક્તિને આધારે ઉદ્‌ભવેલો જોવામાં આવે છે. મતલબકે કાંતો કર્મ વડે પ્રભુ પ્રાપ્ત થાય, કાંતો જ્ઞાનવડે પ્રભુ પ્રાપ્ત થાય ને કાંતો ભક્તિવડે પ્રભુ પ્રાપ્ત થાય. આ ત્રણમાંથી હરકોઇ એક માર્ગ ગ્રહણ કરવાથી પ્રભુ પ્રાપ્ત અવશ્ય થાય છેજ. ભગવદ્‌ગીતાનો ગ્રંથ દુનીઆમાં સર્વ માન્ય થઇ પડયો છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં આ ત્રણે માર્ગનું બહુ સ્પષ્ટતાથી સ્વરૂપ સમજાવ્યું છે. રાજ્યભક્તિ એ વિષય પણ કર્મ, જ્ઞાન ને ભક્તિની સ્પર્ધામાં ઉતરે છે એ હવે પછી આપણે જોઇશું.

ભક્તિમાર્ગની રાજ્યભક્તિ.

ભક્તિમાર્ગની રાજ્યભક્તિ સાથે બહુધા સાત્વિક સ્વભાવનું બંધારણ હોય છે. આ માર્ગના રાજ્યભક્તોના પંથ નિરાળા છે. તેઓ રાજ્યના કાયદા સહન કરે છે, રાજાનાં વચનો પ્રમાણ રૂપ માને છે, તેના દુર્ગુણને સગુણ રૂપે જુએ છે ને પોતાનું દૃષ્ટિબિંદુ રાજ્ય કલ્યાણ તરફ પ્રેરે છે. આવા રાજ્યભક્તોને સુખદુઃખની લાગણી ન હોઇ ગુણાતીત રાજ્યભક્ત કહી શકાય. કારણ કે—

**समदुखःसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ।**
**तुल्यप्रियाप्रियो धीर स्तुल्यनिंदात्मसंस्तुति ॥**

**श्रीमद् भगव गीता.**

અર્થ:—જેને સુખદુઃખની સમાન લાગણી છે, કર્ત-વ્યમાં જે સ્થિર છે, જેને પત્થર, સોનુ ને લોઢું સરખી કિમતનું છે, પ્રિય વસ્તુ પણ જેને સરખી છે, ને અપ્રિય વસ્તુ પણ જેને સરખી છે, તથા જેને નિંદા ને સ્તુતિ તરફ સમાન ભાવના છે, તેને ગુણાતીત કહે છે.

આવા ગુણાતીત રાજ્યભકતને માત્ર રાજ્યકલ્યાણનીજ વાંછના હોય છે. આ શ્રેણીમાં આપણા પૂર્વજો–ઋષિ મુનીઓ છે. દુર્યોધનનાં અનેક દુર્વચનો સહન કરતાં કરતાં પણ પરમપિતા ભીષ્મે રાજ્યસેવા ખાતર શ્રદ્ધાપૂર્વક યુદ્ધ કર્યું હતું. બ્રહ્મર્ષિ વશિષ્ઠે પણ રાજ્યભક્તિ તરફ આવુંજ ગુણાતીતપણું દર્શાવ્યું હતું. હાલનાં નાટકોમાં પણ ક્યાંક ક્યાંક આવા પ્રકારની રાજ્યભકિત જોવામાં આવે છે. અમુક રાજા પ્રધાનનો તિરસ્કાર કરી તેને તેની પ્રધાનની પદ્વી ઉપરથી દૂર કરે છે. ને અન્યના કથન મુજબ ચાલે છે. આમ છતાંય પ્રધાન પોતાની ગુણાતીત સાત્વિક રાજ્યભક્તિનો ત્યાગ ન કરતાં રાજાને ખાતર ને રાજ્યને ખાતર અનેક સંકટો સહન કરી, રાજાને અન્તે સન્માર્ગે પ્રવૃત્તિ કરાવે છે. ઘણા ઇતિહાસકારો અકબરના ચરિત્રને શંકાની દૃષ્ટિથી જુએ છે છતાંય તે શામાટે પ્રસિદ્ધિમાં આવ્યો? કારણ માત્ર એજ કે તેના પ્રકૃતિમંડળની સાત્વિક રાજ્યભકિત. આ વિષે પાછળ ઘણું કહેવાયું છે.

આ પ્રમાણે ભકિત માર્ગની રાજ્યભકિત સાત્વિક સ્વભાવ સાથે ગુણાતીતપણું ગ્રહણ કરે છે. આ રાજ્યભકિતનો મુખ્ય ધર્મ શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી ફળ રૂપે પ્રકાશ ઉદ્દભવે છે. અર્થાત્ કે રાજ્યની આબાદિ વધે છે.

જ્ઞાનમાર્ગની રાજ્યભકિતમા રજોગુણ પ્રધાન છે. કારણ કે આ રાજ્યભકિત એ ભકિત માર્ગની રાજ્ય-ભકિતથી ભિન્ન છે.

**જ્ઞાનમાર્ગની રાજ્યભક્તિ.**

**लोभः प्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ।**
**रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥**

**श्रीमद् भगवद्गीता**

**અર્થ—હે અર્જુન ! રજોગુણની વૃદ્ધિ થયા પછી લોભ—અધિક દ્રવ્ય મેળવવાનો અભિલાષ, પ્રવૃત્તિ—મહેનતુપણું, કર્મારંભ—ઉદ્યોગ, અશાન્તિ-કર્મો કરવાના ઉત્સાહનો પ્રવાહ, સ્પૃહા—પરસ્પર સાહાય્ય; એ વગેરે ઉત્પન્ન થાય છે.**

કાજી ન્યાય્ય ચૂકવે છે એ જ્ઞાનમાર્ગની રાજ્યભકિત છે. આવા રાજ્યભકતો બહુધા અન્યને રાજ્યભકિતનો ઉપદેશ આપે છે. પૂર્વ કાળમાં રાજ્યભકિત ઉપર શ્રદ્ધા ચોંટાડવા ઉપદેશકો મોકલતા. તેઓ પોતાના જ્ઞાનનો અન્યને લાભ આપી કૃતાર્થ થતા. આથી તેઓને જ્ઞાન જોડે રાજસ વૃત્તિનો ખપ પડતો; કારણ કે એક વ્યકિતને ક્રોધ દર્શાવવો પડતો બીજી વ્યકિતને આનંદ સાથે શાંત મુદ્રા દર્શાવવાની જરૂર પડતી. પૂર્વકાળમાં નગરમાં રહેનારા પુરોહિતો અને બ્રાહ્મણોની રાજ્યભકિત આવા પ્રકારની હતી. તેઓ પોતે રાજ્યભકત રહી અન્ય પ્રજાવ્યકિતને રાજ્યભકિતનું પઠનપાઠન કરાવતા. વળી પરદેશ જઇ વસેલા દેશવાસીઓને પણ આવી રીતે રાજ્યભકિત દર્શાવ્યા સિવાય બીજો કોઇ માર્ગ નથી. તેઓ ત્યાં રહ્યા પ્રત્યક્ષપણે ભકિતમાર્ગની રાજ્યભકિત ન દર્શાવી શકે તેમજ સ્વાર્પણ પણ ન આપી શકે; પરન્તુ પોતાના જ્ઞાનનો સદ્દ્યય કરી રાજ્યભકિત વા વફાદારી દર્શાવે છે. સમગ્ર રૈયત પણ રાજાનું શુભ ઇચ્છી તેને માનપત્ર ઇત્યાદિ જે આપે તે પણ જ્ઞાનમાર્ગની રાજ્યભકિત કહેવાય. વળી લેખકો, સાહિત્ય દ્રષ્ટા, નાટકકારો ને નવલકથાકારો પોતાના લેખદ્વારા કે વકતૃત્વદ્વારા જ્ઞાનમાર્ગની રાજ્યભકિતનો ફેલાવો કરી રૈયતને રાજા પ્રત્યે વફાદાર રહેવાનું ઉત્તમ શિક્ષણ આપે છે. જે શિક્ષણનો લાભલઇ રૈયત તેને અમલમાં મૂકી રાજાની પ્રસન્નતા મેળવે છે.

સિવાય જેઓ બહારથી હુન્નરાદિ ને કલાદિનું શિક્ષણ લઇ આવે છે, તદુપરાંત શિક્ષણના સામાન્ય નિયમો અને ધર્મના સાર્વત્રિક સિધ્ધાંતોનું પણ જ્ઞાન સંપાદન કરી લાવે છે, તેઓ પણ તે જ્ઞાનનો લાભ પ્રજાજનને આપી રાજ્યસેવાનું મહદ્ કાર્ય બજાવે છે.

જેઓ તત્વજ્ઞાનના ગંભિર વિષયોને ચર્ચે છે, તથા સત્યાસત્યનો નિર્ણય કરી પ્રજાને સત્યના સુરક્ષિત માર્ગે પ્રેરે છે તેઓ પણ રાજ્યસેવાજ કરે છે એમ કહીશું તો ખોટું નહિ કહેવાય. વળી કેટલાક

ધર્મના ધતિંગો, વહેમનાં સંકટો, ને ધર્મના છિન્નભિન્નતાને તિલાંજલી આપી પ્રજાને ઇશ્વરધર્મ બતાવે છે તેઓ પણ રાજ્યભકિતજ કરે છે. અગર જો ભકિતમાર્ગીઓ જેટલું તેઓ કામ કરે છે કે નહિ એ અનુભવની વાત છે, છતાંય આપણે તો ભકિતમાર્ગનીરાજ્યભકિત કરતાં જ્ઞાનમાર્ગનીરાજ્યભકિતને ન્યૂનાધિકતા નહિ આપીએ.

આ પ્રમાણે જ્ઞાનમાર્ગની રાજ્યભક્તિમાં રાજસ્વૃત્તિ અંતરગત છે, જેથી રાજસ્વૃતિના તમામ ગુણો જેવા કે પ્રવૃત્તિ, કર્મારંભ, ઉદ્યોગને સ્પૃહા વગેરેનો યથાઘટિત આ પ્રકારની રાજ્યભકિતમાં સમાવેશ થાય છે.

કર્મમાર્ગની રાજ્યભક્તિ

શ્રી અર્જુને કર્મપરાયણ થઇનેજ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. જો તેણે કુરૂક્ષેત્રનું યુદ્ધ ન કર્યું હોત તો કૌરવો પ્રજાને કયા કયા સંકટમાં નાંખત એ અત્યારે કહેવું વ્યર્થ છે. પ્રજાના એ ઉત્તમ સુખનું વાસ્તવિક રત્ ' : અર્જુનનેજ પ્રાપ્ત થયું છે એમ કહીએ તો ચાલે. દુનીઆની ઝીણામાં ઝીણી રજ પણ કર્ત્તવ્યથી વિમુખ નથી. કારણ કે એ પણ ગતિતત્વને અધીન રહેલી છે. જો આમ છે તો આપણે શી રીતે કર્ત્તવ્યના પ્રદેશનો બહિષ્કાર કરી શકીએ ? અજ્ઞાન કુલી તેમજ જડ જંગલી પણ ઉદરપૂર્તિ કરવાનું પોતાનું કર્ત્તવ્ય સમજે છે; પરન્તુ આપણી, કુલીની ને જંગલીની કર્ત્તવ્ય દૃષ્ટિમાં ઘણી ભિન્નતા છે. આપણા કર્ત્તવ્યની રંગભૂમિ ઘણી વિશાળ છે. એ રંગભૂમિમાં એક નહિ પણ અનેક પ્રવેશ રચી પાત્ર-ે ાપણે આપણું કર્ત્તવ્ય દર્શાવવાનું છે.

આપણા ઐહિક કત-ન પૂર્ણાહુતિ રાજ્યભક્તિમાં થાય છે. કારણ કે રાજ્યભક્તિમાં પાછળ કહ્યા પ્રમાણે આપણા એકનો નહિ પરન્તુ સમગ્ર વ્યકિતનું કલ્યાણ ને સ્વાર્થ સમાયેલો છે. તેથીજ શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને સ્વકર્તવ્યનો બોધ દેતાં "**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः**" "તારા ધર્મના અનુષ્ઠાનમાંજ તારૂં કલ્યાણ છે. અન્યધર્મ-ફરજ—ભયકારક છે." એમ કહી રાજ્યભક્તિનું ચારિત્ર શિખવ્યું છે

આવી રીતે કર્ત્તવ્યનિષ્ઠ પુરૂષો રાજ્યભક્તિને પોતાનોજ ધર્મ ગણી રાજા તથા રાજ્યનું પરમ હિત સાધે છે. તેમાંના કેટલાક પ્र-

ધાન, સેનાપતિ કે નગરરક્ષક થઇ રાજ્યના તથા રાજાની સેવા બજાવે છે. જ્યારે કેટલાક દ્વારપાળ, રાજ્યપરિચારક ને અંગરક્ષક રૂપે માત્ર રાજાનીજ સેવા બજાવે છે. અગર જો આ સર્વે પોતાના કર્ત્તવ્યના પ્રમાણુમાં મહેનતાણું લેછે, છતાં પણુ તેથી રાજ્યોન્નતિ થવાનો વિશેષ સંભવ છે. તેવાઓથી પાછલા કાળમાં રાજ્યની ઉન્નતિ થઇ છે, હવેના કાળમાં થાય છે ને ભવિષ્યકાળમાં થશે. પ્રાચીન ઇરાનના ઇતિહાસમાં થએલી થર્મોપેલીની લડાઇ પછી સરદાર માર્ડોનિયસે, ખશયારસા રાજાને એટલી બધી મદદ કરી હતી કે અવનત થએલું ઇરાન પુનઃ સતેજ થયું. તે એટલે સુધી કે ઇરાનના લડવૈયાઓ મહાન્ સિકંદર જેવા યુદ્ધવીરને પણુ હંફાવવા શક્તિમાન્ થયા હતા. ગેરીબાલ્ડી ને મેઝીનીએ પોતાના રાજ્યને ખાતર પ્રાણુ ત્યાગ કરવાની પણુ તૈયારી કરી હતી; એ ઇતિહાસવેત્તાઓથી અજાણ્યું નથી. આવા પ્રકારની કર્મયુક્ત રાજ્યભક્તિ કોણુ કહે છે કે ગોક્ષદાતા નથી ! જો તેમ ન હોયતો અત્યારે લશ્કરમાં લાખો ને કરોડો માણુસ એકઠાંજ ન થાય. જ્યારે ફ્રાન્સને જર્મની વચ્ચે લડાઇ ચાલતી હતી ત્યારે પ્રિન્સ બીસ્માર્ક નામનો જર્મનીનો રાજ્યનીતિ કુશળ માણુસ રાત્રિ દિવસ લડાઇના પરિણામના ને જર્મનીની ભવિષ્યની સ્થિતિનાજ વિચાર કરતો હતો. મેકમેહોન નામના ફ્રાન્સના સેનાપતિએ પોતાની સિત્તેર વર્ષની ઉમ્મરે પોતાનો રાજા નાઠો છતાં પણુ રાજ્યભક્તિને અવલંબી રહી અનેક ગોળીઓના ઝપાટા ખાઇ પ્રાણુ ત્યાગ કર્યો હતો. તેજ લડાઇમાં આરબ લોકોએ ફ્રાન્સ તરફથી પોતાના કર્ત્તવ્યના ક્ષેત્રમાં દૃઢ રહી જે રાજ્યભક્તિ બનાવી છે તે નહિ વિસરાય એવી છે. રૂશ અને જાપાનની લડાઇ વખતે એક જાપાની ડોશીના બે પુત્રો લડાઇમાં મરણુ પામ્યા તેથી તે રડવા બેઠી. તેને કોઇએ પૂછ્યું કે તું શા માટે રડે છે ? તેના ઉત્તરમાં તેણે કહ્યું કે હું આ મારા બે પુત્ર મરી ગયા તેને માટે નથી રડતી, પણુ લડાઇમાં મોકલવાને ત્રીજો પુત્ર નથી તેને માટે રડું છું. આ કર્ત્તવ્યની શું ઓછી દૃઢતા કહેવાય ?

અત્યારના જમાનામાં કર્તવ્ય નિષ્ઠાયુક્ત રાજ્યભક્તિની બહુ જરૂર છે.

૧૮૫૭ ના બળવા સમયે શિખ ને ગુરખાએ શું ઓછી રાજ્યભક્તિ દર્શાવી હતી ! આ જમાએ મહેનતાણાનો સવાલ નથી. તે વિષે

પાછળ કહેવામાં આવ્યું છે. મહેનતાણું નહિ લેનારા એવા ઘણાક છે કે જેઓએ પોતાના રાજ્યાભિમાનની ખાતર પ્રાણ ત્યાગ કર્યો છે. રાષ્ટ્રની એકતા સમયે મનુષ્યહૃદયમાં ઐક્ય ભાવ પ્રકટે છે. ત્યારે ક્યાં મહેનતાણું મળે છે. ત્યારેતો જનસમાજ **રાજ્યભક્તિ કરવી** એજ મહેનતાણું મળ્યું એમ સમજે છે. તે વખતે જે બને છે તે માત્ર હૃદયની વીરરસતાને લઇનેજ બને છે.

જે ધર્મકર્તવ્યથી ને જે ક્રિયાકર્તવ્યથી આપણે મોક્ષનો અભિલાષ રાખીએ છીએ. **તેજ મોક્ષ નિશ્ચિત ને અવિચળ પણે રાજ્યભક્તિથી મળે છે.** કર્મ સંયુક્ત રાજ્યભક્તિમાં તામસ્‌વૃત્તિનું પ્રાધાન્ય છે. અત્યારનો જમાનો તામસ્‌વૃત્તિનો ઉપાસક છે. તેને તેજ જોઇએ છીએ. પરન્તુ સ્મરણમાં રાખવું કે તામસ્‌વૃત્તિ એ આપણને અવિચાર ને અજ્ઞાનમાં ન દોરી જાય. જો તેમ ન બને તો જાણવું કે આ વૃત્તિ એ અર્વાચીન સમયમાં રાજ્યભક્તિને માટે અત્યુત્તમ સાધન અને ઉત્સાહ તથા દૃઢતાપ્રેરક સહાયક છે. જે માનવીના હૃદયમાં ઉત્સાહ ને દૃઢતા નથી તે માનવી કર્તવ્યથી વિમુખ છે એમ કહીશું તો અસ્થાને નહિ ગણાય.

આ પ્રમાણે સત્વગુણ સંયુકત ભકિતથી, રજોગુણ સંયુકત જ્ઞાનથી ને તામસ્‌ગુણ સંયુકત કર્મથી, આપણે રાજ્યભક્તિ દર્શાવી શકીએ. ભક્તિ, જ્ઞાન ને કર્મ એ આપણો પરાપૂર્વથી ચાલ્યો આવેલો સામાન્ય ધર્મ છે. માટે રાજ્યભક્તિનો પણ એ સામાન્ય ધર્મમાં સમાવેશ કરીશું તો કોઇ ધર્મ શ્રદ્ધાળુ ના નહિ કહે, ને જો કહે તો તેના ઉપર રાજાનો, ઇશ્વરનો ને તેના કર્તવ્યનો દંડ છે એમ સમજવું. મતલબ કે એ ત્રણેનો તે ગુન્હેગાર છે જે ગુન્હાનું ફળ તેને તાત્કાલિક મળવું જોઇએ. માટે પ્રત્યેકે;—ઉપરના ત્રણ માર્ગમાંથી હરકોઇ માર્ગને ગ્રહણ કરી નિશ્ચિતપણે અડગ ધૈર્ય શ્રદ્ધા, ને આશા **રાખી રાજ્યભક્તિ એ કર્તવ્યનું યથાવત્ પાલન કરવું !**

# બાળકોએ રાજ્યભક્તિ શિખવી.

શિક્ષકો એ દુનીઆ છે, એ સત્ય ખોટું નથી. અત્યારના વૃદ્ધો ને યુવાનો એ એક વખતે બાલપણુમાંજ-ઉછરતા હતા. તે વખતે તેઓ શાળામાં ગુરૂ સાથે રહી તેની આજ્ઞાનું પાલન કરી વિદ્યાધ્યયન કરતા. જે જે યુદ્ધ વીરો

**શિક્ષકો એ દુનીઆ છે.**

ને ધર્મવીરો થયા છે ને દુનીઆમાં પંકાયા છે, તે વાસ્તવિકરીતે તેઓ નહિ પરન્તુ તેમના ગુરૂઓ છે એમ કહીશું તો તે શું અસત્ય લેખાશે ? સમગ્ર રાષ્ટ્રનો, ધર્મનો ને માનવ જિવનનો આધાર એક માત્ર શિક્ષક જિવન ઉપર છે. માનવ જિવનની શરૂઆત બાલવયથી શરૂ થાય છે. તેજ વયમાં બાલકને દુનીઆના અન્ય પદાર્થોના સંબંધમાં આવ્યા પહેલાં શિક્ષકના સમાગમમાં આવવાની જરૂર પડે છે. ત્યાંજ બાલક હવે પછીની ઝિંદગીનાં તમામ કર્ત્તવ્યોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. જે શિક્ષણ યુવા ને વૃદ્ધ વયમાં અનુભવે છે.

જરા સંકુચિત અર્થમાં શિક્ષકો એ રાજ્ય છે, એમ નહી કહી

**શિક્ષકો એ રાજ્ય છે**

શકાય ? એ પણ કહી શકાય એવું છે. રાજા રાજ્ય કરતાં શીખે, પ્રજા પ્રજાધર્મ બજાવે એ સૌ શિક્ષકનાજ પ્રતાપે. આ રીતે શિક્ષકોની કેટલી બધી અગત્યતા છે ? ખરી રીતે કહીએ તો આ અગત્યતાનું પરિમાણ નહિ બંધાય; કારણ કે તે અપરિમિત છે. પરતુ જેવી રીતે ને જે પ્રકારે અત્યારનો જમાનો શિક્ષકનું મહત્વ સ્વીકારે છે તેવું એ મહત્વ નથી; પણ જે પ્રતાપે ને જે પ્રયત્ને અત્યારનો જમાનો ઉત્પન્ન થયો છે તે કરતાં પણ શિક્ષકનું મહત્વ વિશેષ છે ! અર્થાત્ કે એક તરફ અત્યારના જમાનાના જ્ઞાનનું ઐક્ય કરીને મૂકો ને બીજી તરફ શિક્ષકનું મહત્વ મૂકો તો તે બન્ને લગભગ સરખાં થશે.

તેજ શિક્ષકો બાળકોને જેવા પ્રકારનું શિક્ષણ આપશે તેવા

**ઇશ્વરભક્તિને રાજ્યભક્તિનું શિક્ષણ.**

પ્રકારના શિક્ષણને વિદ્યાર્થીઓ ગ્રહણ કરશે. બાળકોને મુકરર થએલા પાઠો, સામાન્ય જ્ઞાનના અમુક વિષયો ને આંકડાથી શરૂ થતા હિસા-

ઓને શરૂઆતમાં કોશણે મૂકી તેઓને ઇશ્વર તથા રાજાની ઓળખ કરાવી તેની ભક્તિ શિખવવી એ જરૂરનું છે. તેઓને ન્હાનપણમાંજ ઇશ્વરભક્તિના ઉપદેશ સાથે નીતિ સત્ય ને શ્રદ્ધાનું જ્ઞાન આપવું, તથા રાજ્યભક્તિની સાથે દઢતા ને હિંમતનું જ્ઞાન આપવું. જો બની શકે તો બાળકો જાતેજ ઇશ્વર અને રાજાના નિયમોનું ઉલ્લંઘન કરવાથી જે ફળ મળે છે તેનો અનુભવ જુએ, કરે, સમજે ને બીજાને દર્શાવે, એમ થવું જોઇએ. આ અનુભવ ભિન્ન ભિન્ન પ્રકારની રમતોદ્વારા બહુ સારી રીતે થઇ શકશે. સિવાય તેઓ રાજાને પરમપૂજ્ય માને એવું શાસ્ત્રીય શિક્ષણ આપવું. પ્રાતઃકાલમાં અથવાતો શાળા સમયે તેઓ ઇશ્વરનું ને રાજાનું સ્મરણ કરી, ઇશ્વર પાસે રાજાનું કલ્યાણ ઇચ્છે એવું શિક્ષણ મળશે તો તે રાજ્યભક્તિનુંજ શિક્ષણ લેખાશે. જે સ્થાને આમ થતું ન હોય ત્યાં થવુંજ જોઇએ. તથા શાળાના વખતપત્રકમાં જો બની શકે તો ઇશ્વરભક્તિ ને રાજ્યભક્તિના જુદાજ વિષય ગોઠવવા. બાલકોને ઉપયોગી થઇ પડે તેવાં રાજ્યભક્તિનાં નાનાં નાનાં ક્રમવાર પુસ્તકો બનાવરાવી તેમાંથી બાળકોને શિક્ષણ આપવું એ બની શકે તેવું છે. જો આમ બને તો જે કાર્ય દીર્ઘ સમયે થવાનું હોય તે ઘણાજ અલ્પ સમયમાં ફલિભૂત થાય. વળી શિક્ષકોની શાળાઓમાં પણ રાજ્યભક્તિનાં પુસ્તકો તથા તેવા ઇતિહાસો શિખવવા જોઇએ. કેટલાક દેશોમાં અત્યારે આવી પદ્ધતિ પ્રમાણે શિક્ષણ અપાય છે.

**નીતિ, સત્યને શ્રદ્ધાનું શિક્ષણ.**

ઇશ્વરી જ્ઞાન આપતી વખતે બાળકોને શરૂઆતમાં નીતિનું શિક્ષણ આપવું. તેઓને નીતિનાં દષ્ટાંતો આપી નીતિની કેટલી અમૂલ્ય કિંમત છે તે બતાવવું. તેઓના કુમળા ગુપ્તહૃદયમાં નીતિની એવી સજ્જડ છાપ પડવી જોઇએ, કે તેમને અનીતિ, એનું લેશપણ દર્શન ન થાય. વળી તેઓ તે તરફ તિરસ્કારની દષ્ટિથી જુએ એમ થવું જોઇએ. આ પ્રકારનું શિક્ષણ આપતાં એટલું યાદ રાખવું કે રખેને તેઓને નીતિનું દઢિકરણ કરવા માટે અનીતિનાં દષ્ટાંતો આપવાં પડે ! શિક્ષાપદ્ધતિનો ચાલાક હશે તે નીતિના ફાયદા સમજાવશે, પણ અનીતિના ગેરફાયદા નહિ સમજાવે

સત્યનું શિક્ષણ એ પણ દષ્ટાંતોથી ફલિભૂત થાય છે. દષ્ટાંત

સિવાયનું સત્ય વ્યર્થ છે. તેમાં પણ બનતે પ્રયત્ને સત્યનાજ લાભ સમજાવવા ને અસત્યને કોરાણે મૂકવું. વાચન સમયે સત્ય તથા તેને લગતા પાઠોનું વિશેષ વિવરણ કરી, બાળકોના હૃદયમાં સત્યની અગત્ય ઠસાવવી. તેઓને અસત્ય બોલતાં ન પકડવાં; પરંતુ તેં સત્ય નથી કહ્યું, તું સત્ય ન બોલ્યો ! એમ કહી પકડવાં. આથી તેઓમાં સત્યને સદાચારની કિંમત વધશે.

શ્રદ્ધાના શિક્ષણ સમયે કેટલીક વસ્તુઓ કે જે પ્રત્યક્ષ ન દેખાતી હોય તેને અનુમાનથી સિદ્ધ કરવી પડે છે—માન્ય કરવી પડે છે. એ ન્યાયનો ઉપયોગ કરી શિક્ષકે જગતકર્તાની ખૂબીઓ દર્શાવી ઇશ્વરનું અસ્તિત્વ કબૂલ કરાવવું. તથા તે દયાલુ પિતા પ્રત્યે શ્રદ્ધાપૂર્વક જોતાં શિખવવું. એટલુંજ નહિ પણ સત્તાનું ઐક્ય સમજાવવું. આ પ્રમાણે બાળકો સત્તાનું ઐક્ય કબૂલ કરશે એટલે તુરતજ તેઓને સત્તાના ગૌણ પ્રદેશનું ભાન કરાવી શકાશે. આથી તેઓ સહેલાઈથી રાજ્યસત્તાનો સ્વીકાર કરશે. રાજ્યસત્તાના સ્વીકાર પછી બાળકો રાજ્યભક્તિનેજ પોતાનું કર્તવ્ય સમજશે. ત્યાર પછી આ કર્તવ્યના શિક્ષણદ્વારા સંતોષકારકરીતે રાજ્યભક્તિનું શિક્ષણ અપાશે.

**રાજ્યભક્તિનું શિક્ષણ**

શિક્ષણમાં બનતાં સુધી વિનિત રાજ્યભક્તિના શિક્ષણનો ઉપયોગ કરવો. તે હદ એટલે સુધી લંબાવી જોઇએ કે બાળકો રાજા પ્રત્યે વફાદાર રહી તેને ઇશ્વરથી ગૌણ સત્તાધારી પુરુષ માને. સાથે રાજાનું વચન એ માનનીય ને આદરણીય છે, એમ પણ સમજાવવું જોઇએ. તેઓનામાં શિક્ષકે રાજાની ન્યાય્ય પરાયણતા વિષે બહુ સદ્‌ભાવના ઉત્પન્ન કરવો. જો બાળક રાજાની ન્યાય્ય પરાયણતા વિષે સંદિગ્ધ રહેશે તો તે રાજ્ય ભક્ત થશે કે નહિ એ સંદિગ્ધતાજ સમજવી. માટે જેમ બને તેમ શિક્ષકે રાજાનાં ન્યાય્ય પરાયણતાનાં દષ્ટાંતો ને અહેવાલો દર્શાવી, બાલહૃદયમાં રાજા વિષે ઉચ્ચતર મત બેસાડવો. આથી કરી ભવિષ્યમાં રાજ્યમાં સુખશાંતિ અને કલેશરહિતપણું રહેશે.

**દઢતા ને હિંમત.**

સાથે સાથે ન્હાનપણમાંથીજ બાલકોને દઢતા ને હિંમતના અંકુરો ઉગાડવાની જરૂર છે. તેઓ કદાચ રાજ્યભક્ત હશે, રાજાનું કલ્યાણ ઇચ્છનાર હશે; તોપણ જો તેઓમાં દઢતા ને હિંમત નહિ હોય તો તેઓની રાજ્યભક્તિ

વ્યર્થ છે; કારણકે કોઇવાર રાજ્યભક્તિ શબ્દથી બતાવવી પડે છે, તો કોઇવાર કર્ત્તવ્યથી પણ બતાવવી પડે છે. અફગાનિસ્તાનના રાજાને આપણા દેશીએ ઉપનામથી સંબોધ્યો, તે ત્યાંના એક બાર વર્ષના છોકરાએ સાંભળ્યું તેથી તે છોકરો તેને મારવા દોડયો. જો આસપાસથી મદદ ન મળી હોત તો તેમાંથી વિપરીત પરિણામ આવત. હમણાં જ્યારે નામદાર શહેનશાહ હિંદમાં પધાર્યા ત્યારે તેઓની પાસે એક ન્હાનું છોકરૂં દોડી ગયું હતું. જેને નામદાર શહેનશાહે બોલાવી સાબાશી આપી હતી. શરૂઆતની પધરામણી ટાણે મુંબઇ શહેરમાં તે નામદારને સત્તાવીસ હજાર વિદ્યાર્થીઓએ પ્રેમભાવનાથી નિર્દંભી રાજ્યભક્તિના ઉદ્ગારો કહાડયા હતા. કહેવાનો આશય એ છે કે રાજા પ્રત્યે આવી વફાદારી હોવાની જરૂર છે. અગર જો પ્રથમનું દૃષ્ટાંત ઉદ્દામ વફાદારીનું છે, પરંતુ તેમાં પણ હિંમત ને દૃઢતાનો અંકુર છે. પછીનાં બે દૃષ્ટાંતો વિનિત રાજ્યભક્તિનાં છે; જેમાં હિંમત ને દૃઢતાનો શાન્ત અંકુર છે.

રાજ્યની સલાહ શાન્તિમાં ને પરદેશી રાજ્યોની બ્હીક ન હોય એવી રાજ્યસ્થિતિમાં વિનિત રાજ્યભક્તિ એ માત્ર રાજ્યના ચાલુ રક્ષણને માટે છે. પરન્તુ રાજ્યની ભયભરેલી સ્થિતિમાં વિનિત રાજ્યભક્તિના દૃઢતા અને હિંમતના શાંત અંકુરોને તેજ કરી ઉદ્દામ રાજ્યભક્તિનું સ્વરૂપ દર્શાવવું પડશે. માટે જો બાળકોને ન્હાનપણમાંથીજ હિંમતવાળાં ને દૃઢતાનું શિક્ષણ લેનારાં કર્યાં હોય તો ભવિષ્યમાં રાજ્યની ગમે તેવી ભયભરેલી સ્થિતિમાં પણ તેઓ બહુ ઉપયોગી થઇ પડશે. બાળકોની આ વૃત્તિને શિક્ષક રમતદ્વારા ખીલવી શકશે. જે વૃત્તિ યુવાન વયમાં કેળવાઇ પ્રૌઢ બનશે.

તહેવારો.

વળી રાજ્યમાં રાજાનો જન્મદિવસ તથા તખ્તારૂઢ દિવસ વગેરે તહેવારો આવે છે; તે સમયે શિક્ષકો ધારે તેટલું રાજ્યભક્તિનું શિક્ષણ આપી શકશે. રાજાની છબીને સભામંડપ વા મેળાવડામાં આણી તેને નમન્ કરાવી બાળકો પાસે રાજકલ્યાણનું સંગિત કરાવવું. વળી પ્રસંગોપાત ન્હાનાં બાળકોને ઇનામ વા કંઇ મિષ્ટ પદાર્થ મળે તો તેઓ રસાશાએ રાજ્યભક્તિ એ ફાયદાકારક છે એમ સમજે.

ઉચ્ચ શિક્ષણ.

આ શિક્ષણ એ શરૂઆતનું છે, પરન્તુ જેમ જેમ બાળકોનો અભ્યાસક્રમ વધતો જાય તેમ તેમ તેઓને રાજ્યભક્તિનું ચઢતી પાયરીનું શિક્ષણ આપવું જોઇએ. આ વખતે તેઓને આપણા વેદ અને પુરાણને લગતા પ્રાચીન ઇતિહાસનો તથા પ્રજા તરીકે અદા કરવાની ફરજોનો અભ્યાસ કરાવવો. તે સિવાય જ્ઞાનની વિશેષ સુદૃઢતા ખાતર મનુસ્મૃતિ, ચાણાક્ય-નીતિ કે શુક્રનીતિનો અભ્યાસ જારી હોય તો વિશેષ સારૂં. આથી તેઓ પોતાની રાજ્ય પ્રત્યેની ફરજો બરાબર અદા કરતાં શિખશે. વળી ઉચ્ચ અભ્યાસક વિદ્યાર્થીને જગતના ઇતિહાસનો અભ્યાસ કરાવી તેમાંથી રાજ્યભક્તિનું તત્ત્વ સિંચન કરતાં શિખવવું. કોઇ કોઈ વાર વિદ્યાર્થીઓ પાસે રાજ્યભક્તિના કે પ્રજાધર્મના નિબંધો પણ લખાવવા.

વળી પરદેશી રાજ્યોના વડાઓ ભલે રાજ્ય કરે પણ પ્રજા તરીકે તો પ્રજાનું એજ કર્ત્તવ્ય છે કે, તેણે રાજાને વફાદાર રહેવું. જો અસલના ઇંગ્લાંડવાસી નૉર્મન્ લોકોને વશ ન રહ્યા હોત તો અત્યારે આટલી બધી જે ઇંગ્લાંડની જાહોજલાલી છે તે હોત કે નહિ ? એ વાત ઇતિહાસ જાણે ! આવી બાબતોનું વિદ્યાર્થીઓને સ્ફૂટન કરી બતાવી, તેઓ અવળે માર્ગે ન જાય એ યાદ રાખવું. તેઓએ જાણવું જોઇએ કે પરદેશી રાજાઓ ઘણીવાર દેશને લાભ કર્ત્તા થઇ પડે છે. યુનેટેડ્ સ્ટેટસની ઉન્નતિ પણ પરદેશી પ્રજાને લઇનેજ થઇ છે. કેનેડા અને આખા દક્ષિણ અમેરિકાની ઉન્નતિનું કારણ પણ તેજ છે. ઇરાનની ઉન્નતિ પણ યાહુદીઓને લઇનેજ થઇ હતી. આ પ્રમાણે ઘણા ખરા દેશોની ઉન્નતિ પરદેશીઓના હાથેજ થએલી છે: કારણ કે તેઓ આપણા સુધારાને માન આપી, તેમાં તેઓના સુધારાનું મિશ્રણ કરી દેશમાં પ્રવર્તાવે છે. માટે જે સત્તાવાન્ હોઇ, પ્રજાને સુખ આપે, ને તેઓને વ્યાપારાદિની અત્યુત્તમ સવડ કરી આપે તેજ રાજા સર્વોત્કૃષ્ટ છે; પછી તે ગમે તે જાતનો હોય કે ગમે તે દેશનો હોય. વળી બાળકોને જેમ બને તેમ આગળ જતાં ભ્રાતૃભાવનું વધારે શિક્ષણ આપવું. જેથી તેઓની મત ભિન્નતા મટી રાજ્યભક્તિના વિચારનું ઐક્ય થશે.

ઉચ્ચતર શિક્ષણ આપવામાં શિક્ષકે એક વાત લક્ષ્યમાં રાખવા

ઉચ્ચ શિક્ષણમાં શું લક્ષ્યમાં રાખવું.

જેવી છે તે એ કે તેણે રાજસત્તાની, કાયદાની કે વર્તનની બિલકુલ ચર્ચા ન કરવી. ન ભૂલવું જોઇએ કે રાજાને એક કરતાં વધારે વ્યકિત-પર સત્તા ભોગવવાની છે. એટલુંજ નહિ પણ એ સત્તાની સાથે પ્રજાના સામાન્ય સુખનો ને તેની સગવડતાનો પણ વિચાર કરવાનો છે. આવી પરિસ્થિતિમાં રાજ્યમાં થતા કાયદા પ્રત્યેક વ્યક્તિને અનુ-કૂલ પડે એમ બનવું દુર્લભ છે. પ્રજાની કોઇ ન્હાની સુની વ્યકિતને રાજાનો એ કાયદો કદાચ પ્રતિકૂલ પણ હોય તેથી તેનાપર ટીકા કરવી એ અયોગ્ય છે; કારણ કે રાજા જે કંઇ કરે છે તે પ્રજા અર્થેજ કરે છે. આમ છતાંય શિક્ષકે કે વિદ્યાર્થીએ શાળા સંબંધીના હરકોઇ કાયદામાં પોતાને બોલવાનો હક છે એમ સમજવું.

છતાંય શિક્ષક કે વિદ્યાર્થી નહિ ચર્ચવાયોગ્ય વિષયને ચર્ચે, ને પોતાનું ગુરૂત્વ દર્શાવવા પ્રયત્ન કરે, તો રાજા રૂઠે છે. જેનું પરિણામ બહુ ખરાબ આવે છે. તે એટલે સુધી કે શિક્ષકની આજીવિકાને તથા તેના આત્મસમર્થન કાળને હાની પહોંચે છે. જ્યારે સમજુ વિદ્યાર્થીને તો ઝિંદગીભરની વિષમતા આવી લાગે છે. સિવાય બન્નેના કુટુંબને રાજ્ય તરફથી હાની પહોંચે એ તો જુદું. મનુ ભગવાન્ કહે છે કે; **“ રાજા ધારે તે કરી શકે, તેને અશિષ્ટાચરણવાળી પ્રજાનું ધન લુંટવાનો ને તેને પીડવાનો હક છે. ”**

વિદ્યાર્થીઓએ શિક્ષણનો સદૂપયોગ કરવો. ?

માટે શિક્ષકોએ રાજ્યભકિતનું પદ્ધતિ પુરઃસર વાસ્તવિક શિક્ષણ આપવું. તેમ વિદ્યાર્થીઓએ પણ તે શિક્ષણનો સદુપયોગ કરી આચારમાં મૂકવું. જો પોતાની શારીરિક સ્થિતિ ઉત્કૃષ્ટ હોય તો તેથી; માન-સિક સ્થિતિ ઉત્કૃષ્ટ હોય તો તેથી; ને આધ્યાત્મિક સ્થિતિ ઉત્કૃષ્ટ હોય તો તેથી રાજ્યભકિત કરવી. પરન્તુ રખેને વિદ્યાર્થી પોતે મેળવેલા શિક્ષણનો દુરૂપયોગ કરી પોતાના અપૂર્ણ જ્ઞાન ને અવિચારના પ્રતાપે આત્મવૃતિને અરાજ્યભકત બનાવે નહિ; એ સરતમાં રાખવું. કારણ કે વિદ્યાર્થી અવસ્થા પછીની ઝિંદગી યૌવન મદની ગણાયછે. જે બહુ ઉચ્છૃંખલ ને અસ્વાભાવિક હોય છે. અર્થાત્ કે વિદ્યા પ્રાપ્ત કર્યા છતાં પણ તેની સ્થિરતા રહેવી એ મુશ્કેલ છે. આ ઝિંદગી દરમિયાન ઘણા મૂર્ખ વિદ્યાર્થીઓ પોતાનું ઉચ્છૃંખલત્વ દર્શાવી પો-

તાની તથા પોતાના કુળની કીર્તિનો નાશ કરે છે. આ વખતે તેણે પોતે સંપૂર્ણ છે એ અભિમાનનો ત્યાગ કરી પોતાના કરતાં અલ્પજ્ઞ પણ અનુભવી વડીલોની સલાહ પ્રમાણે વર્તવું જોઇએ ?

જ્ઞાન સંપાદાન કર્યા પછી વિદ્યાર્થી ગમે તે જાતનો ધંધો કરે કે ગુજર કરે; પરન્તુ પ્રત્યેકમાં તેણે રાજ્યભક્તિને તો ઉત્સાહપૂર્વક વધારીજ લેવી. તથા રાજાજ પોતાના અંતઃકરણમાં છે એમ સમજી ન્યાય્યને સત્યતાપૂર્વક પોતાનું ભરણ પોષણ કરવું. આથી ઇશ્વર અને રાજા બન્નેની સંતુષ્ટતામાં વૃદ્ધિ થશે.

## ગૃહસ્થાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં રાજ્યભક્તિનું પોષણ.

આપણાં વેદાદિ શાસ્ત્રોમાં ને પ્રચલિત પુરાણોમાં સાધારણ રીતે વિદ્યાર્થી અવસ્થાના અભ્યાસની ૨૦ થી ૨૫ વર્ષ સુધીમાં વિચારપૂર્વક પૂર્ણાહુતી કલ્પવામાં આવી છે. જમાનો પણ સાધારણ રીતે આજ પદ્ધતિને પૂર્ણ માનપૂર્વક સ્વીકારે છે. આપણા દેશમાં ક્યાંક ક્યાંક એ લુપ્ત થએલી પ્રાચીન પદ્ધતિનો સંતોષકારક રીતે પ્રચાર થવા માંડયો છે.

વિદ્યાર્થી અવસ્થા પૂરી.

પ્રભુ ઇચ્છા હશે તો ઘણાંજ થોડાં એટલે માત્ર ગણ્યાં ગાંઠયાં વર્ષમાં સંપૂર્ણ જવાબદારી સાથે આપણે એ રીતમા પારંગત થઇશું. જેઓને ન્હાનપણમાંજ પરણાવવામાં આવે છે, તેઓ કઇ ગૃહસ્થાવસ્થામાં આવી જતા નથી. કારણ કે ન્યાતનાં સખ્ત બંધારણ, વડીલોની આજ્ઞા, વ્હેલાં પરણવું એ આબરૂદારનું ચિહ્ન છે એવી માનીનતા, એ વગેરે કારણોને લઇને બાળકોને પરણાવવામાં આવે છે. વાસ્તવિક રીતે તો તેઓ ૨૪–૨૫ વર્ષેજ ગૃહસ્થપદને લાયક થાય છે. વિદ્યાર્થી અવસ્થાની પૂર્ણાહુતીમાં સજ્જન થએલો સજ્જન ઘણું ઘણું જ્ઞાન સંપાદન કરેછે. તેઓ સંપૂર્ણ રીતે શિષ્ટાચાર, રાજ્યનીતિ ને ન્યાય્યપદ્ધતિનું શિક્ષણ

લઇ, પોતાના ભરણપોષણને માટે યોગ્ય વિદ્યા સંપાદન કરે છે. એ વિદ્યા સંપાદન કર્યા પછીની ઝિંદગી એ ગૃહસ્થાવસ્થા ગણાય છે.

ગૃહસ્થાવસ્થાની શરૂઆતમાં પ્રત્યેકને ધર્મમૂર્તિ કરતાં પ્રેમમૂર્તિ થવાનો અભિલાષ હોય છે. આ નિયમ બહુ કાળથી પ્રચલિત ને પુરાણો છે. તે અત્યારે પણ માનનીય ને આવકારદાયી છે; પરન્તુ તેનો વિષમાર્થ થવા લાગ્યો છે. પ્રેમને નામે અનેક અનિષ્ટાચાર, દુઃસહભાવના ને અનારોગ્ય શરીરો તથા હૃદયો થવા લાગ્યાં છે. વળી કેટલાક મૂર્ખાઓ તો આ રીતિને અનુમોદન આપતા દેખાય છે એ અઘટિત ને ગેરવાજબી છે.

પ્રેમમૂર્તિ.

ગૃહસ્થાવસ્થાની શરૂઆતમાં પ્રત્યેકને પ્રેમમૂર્તિ બનવાનું હોય છે એ ખરી વાત, પરન્તુ તેની પણ અમુક દરજ્જે હદ હોય છે. અત્યંત પ્રેમનું ફલ બે પ્રકારનું આવે છે. એક તો અતિઇષ્ટ ને બીજું અતિઅનિષ્ટ આ બન્ને ફલની પ્રાપ્તિમાંથી ગૃહસ્થે શિષ્ટફલની પ્રાપ્તિ કરવા પ્રયત્નશીલ થવું.

ઇષ્ટ પ્રેમ મુહૂર્તની સ્થાપના અર્થે ગૃહસ્થે ઘણું ઘણું કરવાનું છે. આતિથ્ય સત્કાર, પરોપકાર, ઉત્તમ સંતતિની આકાંક્ષા, વ્યવહાર અને વ્યવહારધર્મનું સેવન કરવું જોઇએ.

સિવાય જે જ્ઞાન પોતે વિદ્યાર્થી અવસ્થામાં પ્રાપ્ત કર્યું હોય, તેને બહાર લાવી તદ્દ્વારા જનસમૂહને તેનો લાભ આપી, ન્યાય્યી· વર્તન ને સદ્વ્યવહાર ઇત્યાદીનું યથાશક્તિ પાલન કરી, પ્રાપ્તજ્ઞાનનો સદુપયોગ કરવો. વિદ્યામઠોને આશ્રય આપવો, અથવા વિદ્યામઠોને અધીન રહી શિક્ષણનું કાર્ય કરવું. લોક સંપ્રદાયને માન આપી, તેની આજ્ઞામાં રહી, તેઓને સન્માર્ગે પ્રેરવા પ્રયત્નશીલ થવું.

વિદ્યાનો વ્યય કરવો.

છતાં આવી રીતે લોકસંપ્રદાયને માન આપતાં સ્વામિસંપ્ર· દાયનું અર્થાત્ રાજા તરફનું કર્ત્તવ્ય ન ભૂલવું જોઇએ. અજ્ઞાન લોકોને, કેટલાક ઉદ્ધત યુવાનોને તથા વિદ્યાર્થી અવસ્થા ભોગવતા બાળકોને, વફાદારીનું શિક્ષણ આપતાં રહેવું. ને બને તો પોતાના

સમાગમમા આવતા પ્રત્યેક સજ્જનને, યુવાનને કે વિદ્યાર્થીને રાજ્યભક્તિનું સ્મરણ કરવા કહેવું; એટલુંજ નહિ પણ તેના લાભ સમજાવી પોતાની ફરજમાંથી મુક્ત થવું. જો પોતે વિદ્વાન હોય, કવિ હોય કે લેખક હોય તો પોતાની વાણી શક્તિદ્વારા, કાવ્યશક્તિદ્વારા કે લેખનશક્તિદ્વારા જનસમૂહને સવળે માર્ગે દોરવો. આથી પોતાની આજીવિકાના સાધન ઉપરાંત કીર્તિની વૃદ્ધિ ને રાજાની પ્રસન્નતા પ્રાપ્ત થશે.

બાળકોને સુધારવાને, તેઓને યોગ્ય શિક્ષણ આપવાને, સંપૂર્ણ રીતે નૈતિકને કર્ત્તવ્ય પરાયણ બનાવવાને, તથા તેને લાયક વિદ્યાર્થી કરવાને માત્ર શિક્ષકજ બંધાયેલો છે એવું નથી. ખરી રીતે કહીએ તો શિક્ષક કરતાં બાળકો સંબંધીની વિશેષ જવાબદારી તેઓનાં માબાપોને શીર છે. કારણ કે બાળકોમાં માબાપનું સુખ, વૈભવ ને આર્થિક સામર્થ્ય સમાયેલું છે. શિક્ષક જે કંઇ કરે છે તે માત્ર તેની ફરજને લઇનેજ કરે છે. આથી ઘણીવાર માબાપો બુમાટ ઉઠાવે છે કે મારા છોકરાને શિક્ષકે કંઇ ન શિખવ્યું. ખરી રીતે જોઇએ તો એમ બુમ ઉડાડનાર માબાપો એ બાબતમાં સંપૂર્ણ ગુન્હેગાર છે.

**સંતતિને શિક્ષણ.**

જે છોકરાંઓ રાજા ને રાજ્ય પ્રત્યે બેવફા રહી ઉભયનું અનિષ્ટ ચાહે છે; તેમાં શિક્ષકો કરતાં માબાપો વિશેષ ગુન્હેગાર છે કારણ કે તેઓ પુત્રનાવર્તનને ગેરવાજબી જાણતાં છતાં, પુત્ર લોભમાં તણાઇ જઇ, તેને તેમ કરતાં અટકાવતાં નથી. મોટી ઉમ્મરનો કોઇ વિદ્યાર્થી કંઇ ગેરરીતિ ચલાવે તો બિચારા શિક્ષક ઉપર ઘણીવાર મંડાણુ મંડાય છે એ ગેરરીત છે. આ કરતાં પોતાના પુત્ર ઉપરજ એ ગુન્હાનો અંકુશ મૂકી શિક્ષાને પાત્ર કરવો એ વધારે સારૂં છે.

શાળામાં શિક્ષક તરફથી ને ગૃહમાં માબાપ તરફથી છોકરાંને સુનીતિ ને શિષ્ટાચારનું શિક્ષણ મળતું હોય તો અમે નથી કહેતા કે એ છોકરાં બેવફા બને? પરન્તુ એમ કરવું નથી, ને નાહક ગૃહસ્થ નામ ધારી, સંતતિ સુધારવી છે એ બનવું અશક્ય છે.

જે સજ્જનો સુશિક્ષિત છે તે સજ્જનોએ તેનો લાભ અવશ્ય કરીને પોતાની સંતતિને આપવો જોઇએ. હંમેશાં બાળકો રાજ્યભક્ત રહે, રાજાનું કલ્યાણ ઇચ્છે, તેના આજ્ઞાપાલક તથા આજ્ઞાધારક બને એવું શિક્ષણ તેઓને ગૃહમાં મળવું જોઇએ. સાથે પોતે પણ તેવુંજ વર્તન ચલાવી સંતતિના અંતઃકરણમાં રાજ્યભક્તની દઢ છાપ બેસાડવી. ગૃહપત્ની ને બાલિકાઓ પણ એવાંજ જ્ઞાનબોધક ગીતો ને વાર્તાઓનું પરિશીલન કરે તો ઠીક કહેવાય.

ઘરનાં બાળકો પરસંગતિમાં જઇ આવી કંઈ અશિષ્ટાચાર શીખી ન આવે ને તે શિખેલાનો પ્રયોગ ન અજમાવે તે તરફ ખાસ કરીને માબાપે લક્ષ્ય રાખવું. તેઓને કુસંગતિ કરતાં અટકાવવાં. તદુપરાંત જે શાળામાં છોકરાં જતાં હોય, ત્યાં જઇ જે શિક્ષણ મેળવતાં હોય, તથા જે પ્રયોગોદ્વારા સામાન્યજ્ઞાન પ્રાપ્ત કરતાં હોય, તે તરફ માબાપે કાળજીવાળાં રહી, તેમની ટેવો પર હંમેશાં દેખરેખ રાખવી.

આવી રીતે ગૃહસ્થોનું રાજ્યભક્તિ બાબે કર્ત્તવ્ય છે; પરન્તુ અત્યારે એ પ્રકારના ગૃહસ્થ ધર્મનું વિસ્મરણ થઇ અન્યમાર્ગે પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે એ શોચનીય છે.

યૌવનાવસ્થાના અંતથી વૃદ્ધાવસ્થાની શરૂઆત થાય છે, ત્યારે બહુ કરી મનુષ્ય જિવન ઇશ્વરપરાયણ થવા મંથન કરે છે. આ સાથે ઘરના એ વૃદ્ધ વડીલોએ ઘરના પ્રત્યેક મનુષ્યના શિક્ષક થઇ ભવિષ્યની સંતતિને સ્વરૂપ અને શિક્ષક બનાવવી એ વધારે સુઘટિત છે. પૂર્વકાળમાં આપણા દેશમાં ઘરના વૃદ્ધ વડીલ આગળ દરરોજ રાત્રે તમામ ગૃહમંડળ ભેગું થતું, તે સમયે વૃદ્ધ વડીલના કંઠદ્વારા ઘણી પુરાણી ને રાજકીય બાબતોનું શ્રવણ થતું.

**વૃધ્ધોનું કર્ત્તવ્ય.**

વળી ઘણા ખરા વૃદ્ધો તો રાજ્ય દરબારમાંજ રહેલા ને ઉછરેલા હતા. તેઓ આ સંબંધે શિક્ષણ આપવું તેનેજ પોતાનો ખરો ધર્મ સમજતા.

છતાંય આપણે કદાચ આશ્રમવ્યવસ્થાને માન આપીએ તો તે સમયે વાનપ્રસ્થી તેમજ સંન્યાસાશ્રમી વૃદ્ધો પોતાનું રાજ્યભક્તિનું કર્ત્તવ્ય શી રીતે બજાવી શકે ? એ મહદ્ પ્રશ્ન છે; પરન્તુ સમજવું જોઇએ, કે રાજ્યનું કલ્યાણ અનેક રીતે થઇ શકે છે. તેઓ પોતાની માનસિક વૃત્તિદ્વારા ને ચારિત્રદ્વારા રાજાનું તથા પ્રજાનું શ્રેય ઇચ્છી

શકે છે. વળી તેઓની સદ્ધાર્મિક પ્રવૃત્તિ તે પણ એક પ્રકારે રાજ્ય કલ્યાણનોજ માર્ગ છે. કારણકે ધર્મની એક્તા ને દઢિકરણમાં રાજ્યનું ભવિષ્યનું સુખ સમાયેલું છે. માટે ધર્મની એક્તા ને દઢિકરણ થાય તેવા ધર્મની યોજના કરી સ્થાપના કરવી એ વૃદ્ધ પ્રજાજન–ઋષિઓની ફરજ છે. અત્યારે પણ પાશ્ચાત્ય પ્રજામાં ધર્મગુરૂ–બીશપોને લોકો પૂર્ણ પ્રેમપૂર્વક સત્કારે છે તેનું શું કારણ? તેનું કારણ માત્ર એ કે તેઓ રાજ્યના કલ્યાણનો ધર્મ સ્થાપે છે તથા રાજ્ય વિરૂદ્ધના ધર્મનુ ઉચ્છેદન કરે છે. એ બીશપોની ખાસ કરીને એજ ફરજ હોઇ શકે કે, તેઓએ રાજ્યની વૃદ્ધિ થાય ને ચઢતી થાય એવા ધર્મ નિયમો યોજવા. એજ પ્રતાપે રોમનો પોપ આખા યુરોપખંડમાં પૂજ્ય ગણાતો હતો. આપણા દેશમાં પણ વાનપ્રસ્થ ધારણ કરેલું એવા શુક્રમુનિ, પ્રસિદ્ધ રાજ્યદ્દષ્ટા વૃદ્ધચાણાક્ય તથા ઋષિ મુનીઓએ રાજ્યનીતિનાં અગમ્ય પુસ્તકો બનાવી રાજ્યનું કલ્યાણ ઇચ્છયું હતું. સિવાય પ્રસિદ્ધ તત્વવિવેચક માધવાચાર્ય કે જેઓ એક સમયે મહીસુરના દીવાન હતા તેઓએ પંચદશી આદિ ઉપયોગી ધર્મગ્રંથો બનાવી રાજાની સ્તુતિ કરી હતી. ત્યારપછી ધર્મપાલક જાણીતા જૈનમુનિ હેમચંદ્રાચાર્યે પણ પોતાની સંસ્કૃત વાણીમાં સિદ્ધરાજ અને કુમારપાળની સ્તુતિ ગાઈ છે.

છેવટે ગૃહસ્થોને અને વૃદ્ધપ્રજાજનોને નીચેની સલાહ અયોગ્ય નહિ લેખાય.

**इमंदेवा असपत्नꣳ सुवध्वं महते य।**

**ज्यैष्ठ्याय महते जानराज्यायेन्द्रस्येन्द्रियाय॥**

**યજુર્વેદ.**

**અર્થઃ–હે વિદ્વજ્જનો! આ રાજ્ય તથા ધન પાલનાર્થે મહાવિદ્વાન ને પરમ ઐશ્વર્યયુક્ત રાજાને સર્વ સંમતિ કરી, પક્ષપાત રહિત, પૂર્ણ વિદ્યાને વિનયયુક્ત સર્વાધીશ માનો? તથા સર્વ ભુગોળ–પૃથ્વી–શત્રુરહિત કરો?**

આ ઉપરથી પ્રાપ્ત થાય છે કે વેદાદિમાં પણ ગૃહસ્થોએ રાજ્યભક્તિ દર્શાવવા ઔત્સુક્ય દર્શાવવું એમ નિર્દિષ્ટ છે.

# સ્ત્રીઓ શી રીતે રાજ્યભક્તિ બતાવી શકે?

દુનીઆનું કેવું ભવિષ્ય ચિતરાશે, એ કોઇથી કહેવાતું નથી. જગતમાં કંઇ એવી અનુપમ શક્તિ છે, કે તેના નિર્ણયમાં અનેક જણે ઝિંદગી ગાળી છે ને અનેક જણ ગાળશે; કારણકે એક વખતે દુનીઆમાં કંઇ જોવામાં આવે છે તો બીજે વખતે તેમાં અજબ જેવો ફેરફાર થઇ જુદુંજ દર્શન થાય છે. પૂરાણા ઇગ્લાંડના મૂર્તિપૂજક લોકો ભાગ્યેજ એમ જાણતા હશે કે, અમારા દેશ ઉપર રોમન ને સાકસનીના લોકો રાજ્ય સ્થાપન કરશે, ને ત્યારપછી નૉર્મન સત્તા વૃદ્ધિગત થશે! એટલુંજ નહિ પણ બ્રિટન બે હજાર વર્ષ પછી દુનીઆમાં એક નામાંકિત તથા કળાકૌશલ્યનો પહેલવાન દેશ થશે એવો તો એમને સ્વપ્ને પણ કયાંથી ખ્યાલ હોય! અમેરિકાના રાતા લોકોને પોતાના દેશની અત્યારની સ્થિતિનું તે વખતે ભાન હશે? તેઓ જે નહિ ધારતા તે પણ થવા પામ્યું છે. આ પ્રમાણે જેમ દેશોમાં ફેરફાર થાય છે તેમ મનુષ્યવૃત્તિમાં પણ ફેરફાર થાય છે. હાલમાં પાશ્ચાત્ય પ્રજાની ધર્મભાવના ને રાજ્યભાવના પ્રથમના કરતાં ઘણીજ ભિન્ન છે. તે ભિન્નતાએ અત્યારે ઘણુંજ ભિન્ન સ્વરૂપ પ્રકટયું છે. જે પાર્લામેંટમાં પ્રથમ ગૃહસ્થવર્ગ બેસતો તેમાં અત્યારે ગૃહસ્થાવર્ગ પણ બેસવાને માટે ઉધત થયો છે. વળી ક્યાંક ક્યાંક તો સ્ત્રીઓએ રાજ્યસત્તાની તમામ લગામ ધારણ કરવાની ઇચ્છા પણ પ્રદિંત કરી છે. અત્યારના જમાનાને અનુસરતી તેઓની આ માગણી યુક્તાયુક્ત છે કે નહિ, એ આપણે નહિ જોતાં તેઓના કર્ત્તવ્ય તરફ દષ્ટિપાત કરીશું તો વધારે ઠીક ગણાશે.

દુનીઆનું ફરતું ચક્ર.

નેપોલિયન પોતાની માતાની પ્રશંસા કરતાં કહે છે કે, "સરસ રીત તો એજ છે દો માતાને જ્ઞાન." અર્થાત્ કે જેઓને દેશની આબાદિ કરવાની ઇચ્છા હોય તેઓએ માતાને જ્ઞાનવાન બનાવવી. જન્મથીતે શાળાએ જ્યાં સુધી બાળક ન જાય, તેટલા વખતમાં બાળકનો ખરો શિક્ષક એ તેની માતા છે. માતા જેવા સંસ્કારો બાળહૃદયમાં પાડશે ને

પ્રથમ શિક્ષક માતા.

તેઓનાં હૃદયને જેવું સંસ્કારશે તેવું તે ઉત્તમ વા કનિષ્ટ થશે. જો માતા ધારશે તો બાળકને ધર્મવીર, યુદ્ધવીર કે જ્ઞાનવીર બનાવી શકશે; ને જો ધારશે તો કમતાકાત ને નામર્દ પણ બનાવી શકશે. તેઓના વિવેક, મર્યાદા, સત્સંગતિ ને કર્ત્તવ્યપાલનના ગુણો પણ તેની માતાદ્વારાજ ખીલવાય છે. અને ત્યારપછી માતા તરફથી એ નંખાયેલા પાયા ઉપર શિક્ષક તરફથી ઇમારત ચણાય છે.

બાળકને નીતિ, સત્ય, દયા ને પરોપકાર ઇત્યાદિ સદ્ગુણોનું શિક્ષણ જો તેઓની માતા તરફથી મળે તો તેઓ ભવિષ્યમાં એ સદ્ગુણોના નેતા થઇ નામાંકિત થાય. આ માટે સ્ત્રીઓનું તો એજ કર્ત્તવ્ય હોવું જોઇએ કે, તેણે પોતે પ્રામાણિક ને ધર્મશીલ બની બાળકોને તેવી કેલવણી આપવી. એક વખત રૂશિઆના એક ગામડાની મજુરણ બાઇએ પોતાને ત્યાં ઉતરેલા મુસાફરોની પડી રહેલી સોનામહોરની કોથળીને પોતાની પાસે જેવી ને તેવી આબાદ સ્થિતિમાં રાખી હતી. ત્યાર પછી સાત વર્ષે તેણે તે કોથળી મૂળ ધણીને પાછી આપી હતી. એ સાત વર્ષ દરમિયાન ડોશી ઉપર ઘણાં ઘણાં સંકટો પડયાં હતાં, છતાં પણ તેણે તેમાંથી એક પણ સોનામહોર બગાડી નહતી. એક વિધવા બાઇ શહેરના એક ગૃહસ્થ પાસે આશ્રય માગવા આવી. આથી તે ગૃહસ્થે તેને પૂછ્યું, કે "બાઇ તમારે મહિને કેટલી મદદ જોઇશે ?" તે સ્ત્રીએ ઉત્તરમાં બે પૌંડની મદદ જણાવી. તે ગૃહસ્થે એક બેંક ઉપર પાંચ પાંઉડનો ચેક લખી આપી તે બાઇને રવાના કરી. બાઇએ તે ચેક બેંકના કલાર્કને આપ્યો. કલાર્કે વાંચી પાંચ પૌંડ ગણી આપ્યા. બાઇએ કહ્યું કે તમો સાહેબ ભૂલો છો. અંદર બે પૌંડ લખ્યા છે ને તમે મને પાંચ પૌંડ શામાટે આપો છો ? કલાર્કે ફરીવાર વાંચી જોયું તોપણ તેજ. આથી તે કલાર્ક ગૃહસ્થ પાસે પૂછવા ગયો. જઇને બાઇ સાથે થએલી તમામ હકીકત તેણે કહી. આથી, તે ગૃહસ્થ બાઇના પ્રામાણિકપણાની તારીફ કરવા લાગ્યો. સાથે બીજા પાંચ પૌંડ પણ વધારે આપ્યા.

સ્ત્રીઓએ પ્રામાણિક ને ધર્મશીલ થવું.

બ્રિટનની એન એસ્કીયુએ સત્યધર્મની ખાતર પ્રાણ તજવા તૈયારી કરી હતી. ન્યાયાધીશોએ તેને કહ્યું કે જો તું તારા વિચાર અને

ધર્મનો ત્યાગ કરે, તો તને સજામાંથી મુક્ત કરવામાં આવશે. પરન્તુ તેણે પોતાના દૃઢ ને સત્ય મતનો બિલકુલ ત્યાગ કર્યો નહતો. ને દેહાંત દંડની શિક્ષા સહન કરી હતી. ગાર્ગી યાજ્ઞવલ્કય ઋષિને પ્રશ્ન પૂછતી એ જાણુવાજેવા છે.

**ગાર્ગી**—યાજ્ઞવલ્કય ! પાણીથી આ દુનીઆ વ્યાપ્ત છે ત્યારે દુનીઆ કોનાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—વાયુથી.

**ગાર્ગી**—વાયુ કોનાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—ક્ષિતિ, અપ, તેજ મરુત અને વ્યોમથી.

**ગાર્ગી**—એ કોનાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—ગાંધર્વ લોકદ્વારા.

**ગાર્ગી**—એ શાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—સૂર્ય લોકથી.

**ગાર્ગી**—સૂર્યલોક શાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—ચંદ્રલોકદ્વારા.

**ગાર્ગી**—એ શાથી?

**યાજ્ઞવલ્કય**—નક્ષત્ર લોકથી.

**ગાર્ગી**—એ શાથી ?

**યાજ્ઞવલ્કય**—દેવલોકથી.

**ગાર્ગી**—એ શાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—ઇંદ્ર લોકથી વ્યાપ્ત છે.

**ગાર્ગી**—ઇંદ્રલોક શાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—બ્રહ્મલોકથી વ્યાપ્ત છે.

**ગાર્ગી**—બ્રહ્મલોક શાથી વ્યાપ્ત છે ?

**યાજ્ઞવલ્કય**—**નેતિ નેતિ**—અર્થાત કે હે ગાર્ગી ! આ પ્રશ્ન એ અતિ પ્રશ્ન હોઇ નહિ ચર્ચવાયોગ્ય છે. ત્યાર પછી ગાર્ગી યાજ્ઞવલ્કયને શૂન્યમાં શું હોય ! નભ મંડળના પરભાગમાં અને ક્ષિતિજના નીચેના ભાગમાં શું હોય ! એ વગેરે પ્રશ્નો પૂછી અદ્વૈતવાદનું સમર્થન કરે છે. યાજ્ઞવલ્કય ઋષિની ધર્મપત્ની મૈત્રેયી પણ આવાજ વિદ્વત્તાયુક્ત પ્રશ્ન પૂછતી.

ફ્લોરેન્સ નાઇટિંગલ, સતી સીતા ને દ્રૌપદીની દયાયુક્ત ક્ષમાથી ભાગ્યેજ કોઇ કથારસિક અજાણ્યું હશે. પોતાને અસહ્ય દુ:ખ દેનાર દુઃશાસનને પણ દ્રૌપદીએ ક્ષમા બક્ષી હતી.

ત્યારે તેઓ શી રીતે રાજ્યભક્તિ દર્શાવે ?

હવે જ્યારે સ્ત્રીઓ પ્રામાણિક, ધર્મશીલને ક્ષમાવાન્ થાય તો તેઓ રાજ્યભક્તિનું શી રીતે દર્શન કરાવી શકે એ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. પણ જો વિવેક દૃષ્ટિથી વિચારાય તો એમજ માલમ પડે કે, અગર જો સ્ત્રીઓ રાજ્યભક્તિ નથી દર્શાવતી એ ખરી વાત, પરન્તુ એમ છતાંય તે રાજ્યભક્ત નરોથી ઉચ્ચતર છે; કારણ કે તે તેવા રાજ્યભક્ત નરોની જનની છે. મહાવીર વૉશિંગ્ટનને સુધારનાર તેની મા મૅરી વૉશિંગ્ટનજ હતી. વૉશિંગ્ટન કહે છે કે, "મારા પિતાનો ચહેરો ને સ્નેહમયભાવ મને યાદ છે. પરન્તુ મારી વિદ્યા, બુદ્ધિ ને માનમર્યાદાનું મૂળ તો મારી માજ છે." અર્થાત્ કે સ્ત્રી બાળકોને રાજ્યભક્તિનું શિક્ષણ આપી શકે છે ખરી. કહો ! આ કરતાં તેઓ કઇ વધારે રીતથી રાજ્યભક્તિ દર્શાવી શકે !

છતાંય અત્યારે તો ઘણીખરી સ્ત્રી પરોપકારનાં કામો કરી પ્રજા ને રાજા ઉભયનું કલ્યાણ સાધે છે. કેટલીક સ્ત્રીઓ વિદ્વાન બનીને રાજ્ય સેવા બજાવે છે. ભાસ્કરાચાર્યની પુત્રી લીલાવતીએ અંકગણિત બનાવી આર્યાવર્ત ઉપર શું ન્યૂન ઉપકાર કર્યો છે ? આમ અને આવી રીતે ઘણી સ્ત્રીઓએ જન સમાજને સન્માર્ગે પ્રેરી ધર્મનાં તત્વોનું પણ દર્શન કરાવ્યું છે. ભક્ત કવિ મીરાંબાઇએ સર્વને પ્રેમલક્ષણા ભક્તિનું શિક્ષણ આપ્યું છે. કરમા અને શબરીએ સંસાર ત્યાગનું દૃષ્ટાંત આપી જનમંડળ ઉપર ધાર્મિક ક્રિયાઓની શ્રદ્ધા સાથે દૃઢતાથી છાપ બેસાડી છે. પાશ્ચાત્ય દેશોમાં રાજ્યકુમારી ઇલિઝાબેથ તથા રોઝાગોબાના નામે ઘણી સ્ત્રીઓએ અનેક પરોપકારનાં કાર્યો કર્યાં છે. તે પણ પરોક્ષ રીતે રાજ્યભક્તિજ સમજવી.

બળવા વખતે સ્ત્રીઓની સાહાય્ય.

ઇ. સ. ૧૮૫૭ ના બળવા વખતે આપણને ઘણી રાજ્યભક્ત સન્નારીઓનાં ચરિત્રો હસ્તગત થાય છે. જે નિમકહરામી બનેલા સિપાઇઓને અંગ્રેજો તરફથી અનેક તરેહનાં સુખો પ્રાપ્ત થયાં હતાં; તેનો ઉપકાર ભુલી જઇ, તેઓએ નિંદ્યકાર્યો કરી અંગ્રેજોને હેરાન કરવા

જે પ્રયત્ન કર્યો હતો, તેમાં આપણા દેશની સ્ત્રીઓએ અંગ્રેજો પ્રત્યે વફાદાર રહી, ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. મીરતની લડાઇમાં ઉન્મત્ત થએલા અશુભવૃત્તિવાળા સિપાઇઓએ ત્યાંના અંગ્રેજોને દુઃખ દીધું. ને તેઓનો નાશ કરવાના નિંદ્ય પ્રયત્નો કર્યા, ત્યારે તેમાંથી માત્ર એક ઘાયલ થએલો ડાકટર ને બે સ્ત્રીઓ બચવા પામી હતી. ડાકટરને એટલું સખ્ત લોહી નીકળ્યું હતું, કે તેનું તમામ શરીર એ વેદનાથી ક્ષીણ થઇ ગયું હતું. છતાં પણ તેઓ બળવાખોર સિપાઓના ભયને લીધે ત્યાંથી ચાલી નીકળ્યાં. રસ્તામાં એક ગામડાની સ્ત્રીએ ડાકટરના જખમને ધોઇ તેના ઉપર પાટો બાંધ્યો. તથા ત્રણે જણને પોતાને ત્યાં ઘણીજ ગુપ્ત રીતે રાખવાનું વચન આપ્યું. ત્યાંથી તેઓ ત્રણ જણાં બળવાખોરોના ભયને લીધે તે કરતા પણ વધારે સુરક્ષિત જગાપર જવા નીકળ્યાં. થોડા સમય પછી બલગઢની રાણી પાસે ગયાં. રાણીએ એ ત્રણેની ઘણીજ આગતાસ્વાગતા કરી; અને તેઓને અન્નવસ્ત્રની પૂરતી સાહાય્ય આપી.

વળી કાપાકાપીના ભયંકર સમયમાં ફૈજાબાદના કમીશનરે પોતાના પટાવાલાને પોતાની સ્ત્રીને કોઇ નિર્ભય સ્થાને લઇ જવા કહ્યું. આથી તે પટાવાલો મડમ સાહેબને લઇ કોઇ નિર્ભય સ્થાને લઇ જવા નીકળ્યો. રસ્તામાં એક નદી કાંઠે તેઓ થોભ્યાં. તેવામાં બળવાખોરોનો ભય જણાયો, તેથી તે બન્ને જણાં સત્વર પાસેના ગામમાં દોડી ગયાં. મડમ સાહેબને એક ગરીબ મજુરણ બાઇએ પોતાની પાંઉ શેકવાની ભઠ્ઠીમાં સંતાડયાં. બળવાખોરોએ આવી તે બાઇના ઘરમાં તપાસ કરી. ઉપરાંત તે મજુરણને ધમકી સાથે કહ્યું કે જો કોઇને ઘરમાં સંતાડયું છે, એમ ખબર મળશે તો તને મારી નાંખીશું. એમ છતાંય તે મજુરણે તેમજ પાડોસણ બાઇઓએ રાજયભક્તિના કર્ત્તવ્યમાં અડગ રહી કમીશનરની સ્ત્રીનું રક્ષણ કર્યું.

બુંદીના રાજાની ધર્મપરાયણ રાણીએ અંગ્રેજોને તેઓનાં બાળબચ્ચાં સાથે નિર્જન અરણ્યમાં કષ્ટ પામતાં જોઇ; તેઓને માટે પોતાના સેવકો દ્વારા દૂધ, ઘી, ધાન્ય તથા વસ્ત્રોનો સંચય મોકલાવ્યો હતો. રાણીની આવી સમયાનુસાર સાહાય્યથી ઘણા અંગ્રેજો સુરક્ષિતપણે દિલ્હી જઇ પહોંચ્યા. જો રાણીએ આ પ્રમાણે મદદ ન કરી હોત તો તેમાંના ઘણાખરાનો પ્રાણ જાત. રાણી જાણતી હતી કે આમ વર્તન ચલાવવાથી પોતાના પ્રાણને હાની છે; પરન્તુ

તેની દરકાર ન રાખતાં તેણે પોતાના કર્ત્તવ્યનેજ શ્રેષ્ઠ માન્યું હતું.

વીરરત્ના સંયુક્તા પૃથુરાજ સાથે રહી શાહબુદ્દીન સામે લડી હતી. સતી પદ્મિનીએ અલાઉદ્દીનને ધાપ ખવરાવી પોતાના પતિને જંજીરમાંથી મુક્ત કર્યો હતો. હજારો રજપૂત સ્ત્રીઓ અને કન્યાઓએ મુસલમાન રાજ્યતંત્રમાં તેઓના જુલ્મથી કંટાળી રાજ્યભક્તિને ખાતર પ્રાણ આપ્યા છે.

રજપૂત રમણીઓની રાજ્યભક્તિ.

જોધપુરના રાજાએ દિલ્હીના પાદશાહ ઔરંગઝેબથી ડરી જઇ પોતાની મોટી પુત્રી કેસરબા પાદશાહને પરણાવી પોતાના તખ્તનું રક્ષણ કર્યું હતું. ઘણા વર્ષ પછી કેસરબા પીયેર આવી ત્યારે પોતાની ન્હાની બેન વીમલાને મળવા ગઇ. વિમલા આ સમયે ધાર્મિક ક્રિયાનું અનુષ્ઠાન કરતી હોવાથી, તેણે કેસરબાને કહ્યું, "તુ યવનની સ્ત્રી થયેલ હોવાથી અસ્પર્શ્ય છું માટે મને અડીશ નહિ." વિમલાનાં આ વચન સાંભળી કેસરબાને બહુ ખોટું લાગ્યું. તેણે તે વખતે વિમલાના દેખતાં પ્રતિજ્ઞા કરી કે "જો હું પણ તને મારી માફક પાદશાહની બેગમ ન કરૂં તો મારૂં નામ કેસરબા નહિ." ત્યાર પછી કેસરબાએ શહેનશાહતમાં પાછાં જઇ ઔરંગઝેબના કાન ભંભેર્યા તથા લડાઇને માટે શરૂઆત કરવાનું સૂચન કર્યું. આ તરફ વિમલાએ અગમચેતી વાપરી ઉદેપુરના રાણા રાજસિંહનો પતિ તરીકે સ્વીકાર કરી, પોતાને સાહાય્ય કરવા, તથા ઔરંગઝેબ સામે લડાઇમાં ઉતરવા પત્ર લખ્યો. રાજસિંહ વિમલાનું પાણિગ્રહણ કરવા તૈયાર થયો. પોતે પરણીને આવે ત્યાં સુધી "આપણા રાજ્યમાંથી ઔરંગઝેબને રોકવા કોણ શક્તિમાન્ છે" એવો તેણે પ્રશ્ન કર્યો. રાણાના ચંદાવત નામના બહાદૂર સેનાધીશે ઔરંગઝેબ સામે થવાની હામ બીડી. ચંદાવત લડાઇમાં શૂરો ને વીરનર હતો. તેની સ્ત્રી સૌંદર્યનો નમુનો ને ગુણનો ભંડાર હતી. લડાઇમાં જતી વખતે પોતાની સ્ત્રીના સૌંદર્યમાં અંજાઇ જઇ ચંદાવત મોહિત બની ગયો. ઘણો સમય ગયો તોપણ તેને લડાઇમાં જવાનું સુઝયું નહિ; પરન્તુ અંતે પોતાની સ્ત્રીના દુરાગ્રહથી રાજપૂત ધર્મ બજાવવા રણમાં નીકળ્યો ખરો; છતાં પણ સ્ત્રી ઉપરના મોહનો સમૂળો નાશ થયો નહિ. જતી વખતે તે ક્ષણે ક્ષણે ઝરૂખામાં ઉભેલી વ્હાલી પત્નીનું મુખ

બહાદુર રજપૂત રમણી.

પાછો ફરી જોતો હતો. આથી તેની સ્ત્રીએ ધાર્યું કે જ્યાં સુધી સ્વામિનાથમાં મ્હારા સૌંદર્યનો મોહ રહેશે ત્યાં સુધી તે કદિ પણ લડાઇમાં જીતશે નહિ. ને છેવટે ઉદેપુરના રાણાને માથે હીણપતનું કલંક ચઢશે. આમ વિચારી દાસી પાસે તરવાર મંગાવી પોતાનું મસ્તક ધડથી જુદું કરી, તે એક થાળમાં મૂકી દાસી સાથે ચંદાવત પાસે મોકલ્યું ને કહેવરાવ્યું, કે "મહારાજ ! આ રાણીસાહેબે આપને આ છેવટની ભેટ મોકલી છે." ચંદાવત ક્રોધે ભરાયો, તેનો મોહ ગયો, ને તેનામાં શૂરનું અપ્રતિમ તેજ આવ્યું. એનું પરિણામ એ થયું કે ઔરંગજેબ સજ્જડ હાર સાથે મેવાડની ભૂમિથી વિમુખ થયો.

પ્રાચીન ગ્રીક ઇતિહાસ જોતાં માલમ પડે છે કે, સ્ત્રીઓ લડાઇમાં જવાને માટે મોટું માન સમજતી. વળી દુનીઆના કોઇક દેશોમાં તો સ્ત્રી લશ્કરજ રાખવામાં આવે છે, એટલુંજ નહિ પણ સ્ત્રીના વડેજ રાજ્ય બંધારણ બંધાય છે. ત્યાં પુરૂષો માત્ર નામનાજ છે. આ પદ્ધતિ ઘણે ભાગે પશ્ચિમ આફ્રિકાના કોઇક ભાગમાં છે.

આ પ્રસંગે **જોન ઑફ આર્કનું** દૃષ્ટાંત ઘણું આકર્ષક થઇ પડશે. ઇ. સ. ના ચૌદમા સૈકાના આરંભમાં ફ્રાન્સના ચોથા ચાર્લ્સ રાજાનું મૃત્યુ થયું. તે વેળાએ ઇંગ્લાંડની ગાદી ઉપર ત્રીજો એડવર્ડ રાજ્ય કરતો હતો. તે એ મરણ પામેલા ચોથા ચાર્લ્સનો ભાણેજ થતો હતો. વળી ચોથા ચાર્લ્સને સંતતિ નહિ હોવાથી ફ્રાન્સની ગાદી ઉપર ત્રીજા એડવર્ડનો હક પહોંચતો હતો. પરન્તુ એ હક ફ્રાન્સના કાયદાથી વિરૂદ્ધ હતો. વળી બીજા કેટલાંક કારણસર રાજા

જૉન ઓફ આર્ક.

એડવર્ડને પણ ફ્રાન્સની સલ્તનત પોતાને તાબે કરવાની જરૂર જણાઇ. તેથી તેણે ફ્રાન્સની વાત ન ગણકારતાં રાજા ફીલીપ જોડે વાદ-વિવાદ આરંભી લડાઇની શરૂઆત કરી. આ લડાઇ લગભગ ૧૦૦ વર્ષ ચાલી હતી. ફ્રાન્સ લોકો મૂળે પ્રમાદિ ને આજકાલ કરનારા છે. તે તેઓની આ લડાઇ પછી જર્મન લોકો સાથે લડાઇ થએલી તેથી સ્પષ્ટ સમજવામાં આવ્યું છે. વળી તેઓનામાં મોટામાં મોટા દુર્ગુણ એ છે કે તેઓ ક્ષણે ક્ષણે વગર વિચાર્યું સાહસ કરે છે. તેઓની આવી લજ્જાસ્પદ પ્રકૃતિનો લાભ લઇ એડવર્ડ રાજાએ ફ્રાન્સના તમામ કિલ્લા જીતી લીધા. એટલુંજ નહિ પણ દીર્ઘકાલની લડાઇના પરિ-ણામે આખો ફ્રાન્સ દેશ નિર્ધન ને પાયમાલ થઇ ગયો. લોકોને

ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. હવે તેઓને નિરાશા સિવાય બીજા કશાની આશા રહી નહતી. આ શતકીય યુદ્ધમાં ફ્રેંચોએ ઘણા પ્રયત્નો કર્યા પણ તેઓના એ બધા પ્રયત્નો પ્રારબ્ધવશાત્ નિષ્ફળ ગયા. પંદરમા સૈકાની શરૂઆતમાં અંગ્રેજોએ અહનિલસના કિલ્લાપર ઘેરો ઘાલ્યો ને ફ્રેંચોને પાછા હઠાવ્યા. સૌને એમ લાગ્યું કે હવે ફ્રેંચો પોતાનો દુરાગ્રહ છોડી દઇ તાબે થશે, પરન્તુ એવામા અઢાર વર્ષની એક બાલિકાએ અદ્વિતીય શૌર્ય બતાવી ફ્રેંચોનો તથા ફ્રાન્સનો ઉદ્ધાર કર્યો. આ બાલિકાનું નામ જૉન હતું તે ડેમ્રોમી ગામડાના એક ખેડુતની કન્યા હતી. પોતે ન્હાનપણમાંથીજ ધીર ને શાન્ત સ્વભાવની હતી. તેને પોતાના દેશની ને રાજાની એકદમ લાગણી સ્ફૂરી આવી. ડેમ્રોમી ગામડામાં કેટલાક લશ્કરી સિપાઇઓ હતા. તેઓને તે મળી ને તેમની માર્ફત સરદારને કહેવરાવ્યું કે મને લડાઇમાં જવાની રજા મળવી જોઇએ. હું ખાત્રીપૂર્વક કહું છું કે હું **જીતીશ ને ફ્રાન્સનું કલ્યાણ કરીશ**. અગર જો સરદારને ખાત્રી ન થઇ પરન્તુ દુઃખની વખતે મનુષ્ય પ્રત્યેક ઉપાય અજમાવી જુએ છે; એ ન્યાયે તેણે જૉનને રાજા પાસેથી લડવાની રજા અપાવી. જૉને ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી, લશ્કરી પોશાક પહેરી, ઘોડેસ્વાર થઇ, ગણ્યાંગાંઠયાંજ માણસોને લઇ લડવા ચાલી. જ્યારે આ અઢાર વર્ષની શૂરવીર બાલિકા હાથમા સફેદ ધજા લઇ ઑર્લિયંસ તરફ આવી ત્યારે ફ્રેંચ લશ્કરમાં હિંમતનો જન્મ થયો. આ તાજી હિંમતથી ફ્રેંચોએ પોતાના ગયેલા તમામ કિલ્લાઓ પાછા લીધા. ને પોતાની ગયેલી આબરૂ પાછી મેળવી. વિજય મેળવી જૉન ઓફ આર્કે રાજાના પગમાં પડયા પછી પોતાને ગામ જવાની રજા માગી; પરન્તુ રાજાએ થોડા સમયને માટે તેને પોતાની પાસે રાખી. થોડા વખત પછી અંગ્રેજે બીજીવાર ફ્રાન્સ ઉપર ચઢાઇ કરી ત્યારે પણ જૉન ઉત્સાહપૂર્વક લડવા આવી; પરન્તુ આ વખતે દુર્ભાગ્યે તેનું મૃત્યુ થયું.

માનો કે સ્ત્રીઓ કિલ્લાઓના બચાવ ન કરી શકે, તોપો ને બંદુકોના ગોળાઓ ન ફેંકી શકે કે રણમાં જઇ તરવાર ન ફેરવી શકે, તેથી શુ થયું ? પણ તેઓ જે રાજ્યભકત વ્યક્તિઓ ઉત્પન્ન કરી શકે છે. એજ તેઓના કર્ત્તવ્ય તરીકે બસ છે. એમ છતાંય જો

સ્ત્રીઓ શૂરવીર ને બહાદૂર થવા ધારે તો થઇ શકે તેમ છે. આપણા દેશમાં તો '**અબળા**' શબ્દેજ નખ્ખોદ વાળ્યું છે. સ્ત્રી એ અબળાથી ઓળખાય ને હિંમત વગરનો પુરૂષ એ મરદ નામથી ઓળખાય એ કેવો અન્યાય્ય. થોડા વખત પહેલાં કચ્છની એક ભરવાડણને આપણા દેશના એક વણિક વેપારી જોડે બોલાચાલી થઇ. એમાં કારણવશાત્ તે વેપારીને એમ બોલવું પડ્યું કે, "જા જા, રાંડ તારો રાજા શું કરવાનો છે?" તેના ઉત્તરમાં તે ભરવાડણે પોતાનો દાંતનો જબરો ચુડો જોરથી તે વણિકના માથામાં માર્યો તે સાથેજ વેપારીને ચકરી આવી ને ભોંયપર પડ્યો. ઘણાં માણસો તે વખતે ત્યાં હાજર હતા, જે તમામ કહેવાતા મરદોજ હતા, પણ કોઇએ પોતાના જાતભાઇના દુઃખ સામું જોઇ તે ભરવાડણને ઠબકો સરખો પણ ન દીધો. કહો આ ભરવાડણ મરદ, કે માર ખાનાર વણિક મરદ? જો આ ભરવાડણને તેની હિંમત તથા રાજ્યભકિત સાથે બુદ્ધિની ખીલવટનું શિક્ષણ મળ્યું હોય તો તે કેવું સારૂં?

**શારીરિક ને માનસિક શક્તિઓની ખીલવટ.**

દરેક સ્ત્રીએ શારીરિક ને માનસિક બન્ને શકિતઓ ખીલવવાની જરૂર છે. કારણ કે શારીરિકશકિત એ માનસિકશકિત વગર નકામી છે. ને માનસિકશક્તિ એ શારીરિકશક્તિ વગર નકામી છે. શરીર ને મન એ બન્નેને એકબીજાનો આધાર છે. આપણી સ્ત્રી સમાજે પાશ્ચાત્ય પ્રજાના અયોગ્ય અનુકરણમાં ને માનસિકશકિતના ખાલી લોભમાં શારીરિકશકિત ગુમાવવા માંડી છે. આનુ પરિણામ છેવટે એ આવવાનું કે શારીરિક ને માનસિક બન્ને શકિતઓનો ક્ષય થઇ અજ્ઞાનતા ને નિર્બળતા અવશેષમાં રહેવાની. કારણ કે શારીરિકસ્થિતિ સાનુકૂલ હોય તોજ જ્ઞાન પ્રાપ્ત થવું સુલભ પડે છે. જે કુન્તા માતાના આશીર્વાદ કે માનસિકશકિતથી અભિમન્યુ કુરૂક્ષેત્રના વીરોને હંફાવવા શકિતમાન્ થયો, તેજ કુન્તા માતાએ જો માનસિકશક્તિની અવગણના કરી હોત તો એ યુદ્ધનું પરિણામ પાંડવોની તરફેણમાં આવત કે નહિ એ ઐતિહાસિક રીતે શંકાસ્પદ જેવું છે. હમણાંજ થોડા સમય પહેલા બંગાળાની બે બાઇઓએ શારીરિકશક્તિના પ્રતાપથી પોતાની જાતી આબરૂનું રક્ષણ કર્યું હતું.

લીલાવતીનું અંકગણિત એ તેની માનસિક ભાવનાથીજ પૂજ્ય ગણાય છે. બંગાળામાં ખના નામની એક બાઇ થઇ ગઇ તેણે એક વખત પોતાની માનસિક શક્તિથી ગણતરી કરી આકાશના તારાઓનો પણ ચોક્કસ આંકડો બતાવ્યો હતો. હઠી નામની બ્રહ્મકન્યા ન્યાય-શાસ્ત્રનો અભ્યાસ કરી સંપૂર્ણ વિદ્વાન્ થઇ હતી. કપિલ મુનિ સાંખ્ય શાસ્ત્ર બનાવવાને શક્તિમાન્ થયા તે તેમની માતા દેવહૂતિ-નાજ પ્રતાપથી.

શારીરિકશકિતની ખીલવટ યોગ્ય રીતે ગૃહસ્થાશ્રમ સમય નિર્ણિત કરવાથી, પ્રત્યેક કાર્યની મર્યાદા કરવાથી, ધનના ને કીર્તિના લોભમાં તણાયા વગર ઘરનુ પ્રત્યેક કાર્ય ઉત્સાહપૂર્વક કરવાથી થાય છે.

**આપણો દેશ ને ઇંગ્લાંડ.**

કહેવાય છે કે, ઈંગ્લાંડનાં બાળકોને શિક્ષણ આપનાર સ્ત્રીઓ છે. તેનાજ પ્રતાપે :અર્થાત્ મૂળ શિક્ષણની સૂક્ષ્મતાએ કરીને એ દેશ ઉચ્ચ સ્થિતિપર આવ્યો છે. પણ ત્યાં જોઇએ તેવો શારીરિક શકિતનો સંચય નથી. વાજબી કહેવું છે. કારણ કે, એકલા ઠંડા પ્રદેશથીજ શારીરિકશક્તિની ખીલવટ થાય છે એ માનીનતા ભૂલ ભરેલી છે. આફ્રિકા જેવા સખ્ત ગણાતા ગરમ પ્રદેશમાં રહેનારા હબસી લોકો શું ઓછા બળવાન છે? એમ છતાંય જો ઇંગ્લાંડમાં શારીરિકશક્તિની ખીલવટ તરફ લક્ષ્ય અપાય, ને સ્ત્રીઓ શારીરિક શક્તિ પ્રાપ્ત કરતાં શીખે તો; ઈંગ્લાંડ પ્રાચીન ભારત કરતાં પણ ઉચ્ચતર થાય એ નિર્વિવાદ છે.

આપણે આંહિયા અર્વાચીન સમયમાં તેથી ઉલટું છે. આપણી સ્ત્રીઓ હદ કરતાં વધારે સખ્ત કાર્યના બોજામાં કલાન્ત થયેલી હોઇ, તેઓ માનસિકશક્તિની ખીલવટનો વખત મેળવી શકતી નથી. તઓના ઉપર સંસાર વ્યવહારનો પુષ્કળ બોજો છે. અગર જો આથી તેઓને શારીરિકસ્થિતિ પ્રાપ્ત થાય છે, પરન્તુ તે માન-સિક શકિત વગર ચંદ્ર વગરના તારાથી ઢંકાયેલા આકાશ જેવી છે. એમ છતાંય હવે આપણા લોકોનું લક્ષ્ય તે તરફ ખેચાયું છે. કન્યા-શાળાઓ નીકળી છે. તેમાં પણ બહુધા સ્ત્રી શિક્ષકોનીજ માગણી થતી જોવામાં આવે છે. એ સ્ત્રી શિક્ષકોને જો અન્ય જોઇતાં સા-

ધનો ઉપસ્થિત થાય તો ધારીએ છીએ કે એ કન્યાઓ આપણા દેશની **વીરી** બને. અને તેમનું એ **વીરીત્વ** ભવિષ્યમાં રાજ્યને તથા પ્રજાને ફાયદાકારક નીવડે.

એ કન્યાઓના વીરીપણામાં ને તેઓને શિખવાની વફાદારીની ધૂનમાંજ વાસ્તવિક રીતે રાજ્યભક્તિનું તત્વગર્ભિત છે. તેઓના-થીજ વીરો ઉત્પન્ન થશે. એજ વીરો રાજવીરની સુવાસ પ્રસારી પોતાની અમરકીર્તિ ફેલાવશે. તેજ વીરીઓ પ્રજાને શારીરિક અને મા-નસિકશક્તિનું શિક્ષણ આપી શકશે. એટલુંજ નહિ પણ તેજ વી-રીઓ સંતતિને જ્ઞાનાંકિત કરી રાજ્ય પ્રત્યે વફાદારી રાખવાનાં ને ભક્ત બનવાનાં તત્વોનું શિક્ષણ આપશે. કારણ કે સંતતિનો ખરો શિક્ષક તેની માતા છે.

આ પ્રમાણે સ્ત્રીઓ કાંતો શારીરિકશક્તિથી ને કાંતો માન-સિકશક્તિથી ને કાંતો ઉભયશક્તિથી રાજ્યભક્તિનો પાઠ સમગ્ર પ્રજાજનને શિખવશે. જે શિક્ષણ એક પુરૂષ વ્યક્તિ આપવા ધારે તો કદાચ અશક્ય થઇ પડે. સ્ત્રી સમાજે મગરૂબ થવાનું છે કે, પોતે રાજ્યભક્તિ બતાવવાને સમર્થ છે. ને વાસ્તવિક શબ્દોમાં કહીએ તો તેઓ જાતેજ રાજ્યભક્તિ ઉત્પાદક છે.

આપણા દેશમાં એકંદરે જોતાં પ્રથમના કરતાં કેલવણીનું પ્રમાણ-સવિશેષ જોવામાં આવે છે. જેમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. પરન્તુ સ્ત્રી વર્ગમાં તેની જોઇએ તેવી વૃદ્ધિ થઇ હોય એમ જણાતું નથી. ભાગ્યેજ સેંકડે ૧ ટકો સ્ત્રી આપણે આંહિયાં ભણેલી હશે.

**ભણેલી સ્ત્રીઓને એક અગત્યની શિખામણ.**

જે સ્ત્રીઓ ભણેલી છે, તેઓએ પોતાનાજ હૃદયમા માત્ર ભણતર સાચવી રાખવાનું નથી; પરન્તુ તેનો બીજી સ્ત્રીઓને લાભ આપવાનો છે. નવરાશના વખતમાં સ્ત્રી સંમેલન થાય, એ બહુ જરૂરનું છે. તેથી સ્ત્રીઓમાં અનેક જાતની વિચારવૃદ્ધિ ને સદ્‌ગુણોનો ભંડાર થશે. ભણેલી સ્ત્રીઓએ છૂટના વખતમાં અન્ય અભણ બ્હેનોને સા-માજિક જ્ઞાન સાથે રાજકીય જ્ઞાનનો લાભ ને ભક્તિ સમજાવવી જ-રૂરની છે. રાજ્ય પ્રત્યે દરેક વ્યક્તિએ ફરજ બજાવવાની છે. તેમાં સ્ત્રી વ્યક્તિએ પણ ભાગ લેવાનો છે. પ્રાચીનકાળમાં કૈકેયી વગેરે સ્ત્રીઓએ રાજ્યકાર્યભારમાં સાહાય્ય કરી છે. જહાંગીર જેવો જ-

બરો પાદશાહ પણ રાજ્યકાર્યભારમા નૂરજહાંની સલાહ લેતો. આવી રીતે જો ધારે તો સ્ત્રીઓ પણ રાજ્ય કાર્યભારમાં નિપૂણતા દાખવી શકે. પ્રત્યેક સ્ત્રીએ આવી રીતે લાયક થવું એ દુર્લભ છે. પણ તેઓ આમાંનું કંઇક તો કરી શકે.

કેટલીક ભણેલી સ્ત્રીઓમાં પોતાની અલ્પ, પણ બીજી સ્ત્રીઓ કરતાં ઠીક ગણાતી વિદ્યા સંબંધે અભિમાન હોય છે, એ બહુ ખોટું છે. તેઓએ જાણવું જોઇએ કે અમારી બ્હેનપણીઓને સુધારવી તથા તેઓને સત્ય દિશા બતાવવી એ અમારી મુખ્ય ફરજ છે. વળી કેટલીક ભણેલી બ્હેનો તો બીજી સ્ત્રીઓને જોવાને માટે, તથા તેઓની જોડે વાતચીત કરવાને માટે પણ નાખૂશ હોય છે. આથી તેઓ રાજ્યભક્ત નહિ પણ અરાજ્યભક્ત ગણાય છે.

**ઇશ્વરી દુનીઆમાં દરેક મનુષ્યને એક સરખા હકો પ્રાપ્ત કરવાનો હક છે. તેમાં કોઈ કર્તવ્યની અણસમજથી, તે હકો પ્રાપ્ત ન કરી શકે, તો તે તરફ શું તિરસ્કાર બતાવવો? એવી રીતે તિરસ્કાર કરનાર પરમેશ્વરનો તિરસ્કાર કરે છે એમ સમજાશે; કારણ કે પ્રત્યેક વસ્તુ એ ઇશ્વરની કૃતિ છે.**

# રાજ્યભક્તિમાં રહેલો દેશોદયનો ધ્વનિ.

આજ કાલ અને પૂર્વે પણ અમારો દેશ ને તમારો દેશ એ વાગ્ભાવના પ્રચલિત છે ને હતી. પરન્તુ અમારો દેશ એ અજ્ઞાનતા ક્યાં સુધી રહેવાની. તમારૂં છે શું ? દુનીઆ તમારાથી દૂર નાસે છે ને તમે દુનીઆથી દૂર નાસો છો. ફલાણી વસ્તુ મારીજ છે, એ ભાવના કરશો તો એ વસ્તુ પ્રાપ્ત નહિ થાય; પરન્તુ તે વસ્તુ હુંમય છે. મારામાં ને તેનામાં લેશ પણ ભિન્નતા નથી એવી ભાવના કરશો, તો તે વસ્તુ તમારીજ છે. સઘળું જગતક્ષેત્ર પણ તમારૂંજ છે; પરન્તુ હવે સામાજિક પ્રમાણોથી ને ન્યાય્યના આશીર્વાદથી દેશની વ્યાખ્યા કરીશું.

આધ્યાત્મિક અર્થ.

સામાજિક સિદ્ધાંતોથી આ પ્રશ્નનું નિરાકરણ કરવું એ બહુ દુર્ઘટ કાર્ય છે. શું આપણો દેશ હિંદુસ્તાન છે ને એશીઆ નથી ? અમેરિકા ને યુરોપ એ આપણો દેશ નથી, એમ કહેનારા માત્ર એજ દલીલ કરે છે કે, તે સર્વે દેશની પ્રજાઓના વર્ણ, ભાષા ને આચારવિચાર ભિન્ન છે. વળી આબોહવાનું પ્રમાણ પણ એકસરખું નથી. આ નિર્ણય એ સર્વમાન્ય શાસ્ત્રીય રીતે નથી. પરન્તુ એ નિર્ણય સ્થૂલદૃષ્ટિએ છે. આપણાં શાસ્ત્રોમાં શરીરને પ્રદેશ કલ્પવામાં આવ્યો છે. કારણકે તેમાં માનવરૂપે ભિન્નભિન્ન વૃત્તિઓ છે. એ વૃત્તિઓનો શરીરમાં એક્તાપુર્વક સમાવેશ થાય છે. માટે શરીર એ પ્રદેશ છે. આ ઉપરથી એમ સાબિત થાય છે કે દેશ એમાં 'ઐક્ય' ની જરૂર છે. માનવ હૃદય એ પણ દેશ છે, કુટુંબ પણ દેશ છે; કારણકે તેમાં બનતા પ્રયત્ને કૌટુમ્બિક મંડળના વિચારનું ઐક્ય થાય છે. ગામડું પણ કદાચ દેશ અર્થમાં હોઇ શકે. પરન્તુ સમગ્ર દેશને દેશ કહેવો એ વિચાર ભૂલ ભરેલો છે. કારણકે તેમાં વિચારનું ઐક્ય ક્યાં છે. જો હિંદુસ્તાનના એકાદ માણસના વિચાર અમેરિકાના માણસોને આબેહુબ મળતા હોય તો તેનો દેશ હિંદ નહિ પણ અમેરિકાજ કહેવાશે. **માટે જ્યાં વિચારની, વૃત્તિની, સમજણની ને આત્માની એકતા છે, ત્યાંજ ખરો દેશ છે.**

સામાજિક અર્થ.

અત્યારનું દેશ સ્વરૂપ બહુ ભિન્ન છે. સમગ્ર દેશ સ્વરૂપ વ્યક્તિ

અત્યારે દેશ સ્વરૂપ.

સમુલ્હાસમાં વહેંચાયલું છે. જોઇએ તેટલી જાતના બ્રાહ્મણો છે, જોઇએ તેટલી જાતના વણિકો છે ને જોઇએ તેટલી જાતના ખોટી મગરૂબી ધરાવનાર ક્ષત્રિયો છે. કોઇના વિચાર, ધર્મ, કે સમજણની એકતા નથી. આપણા વિચારનું વલણ એક દિશાનું ભોગી નથી, પરન્તુ વિધવિધ દિશામાં જતું નિરૂપયોગી છે. આ ઉપરથીજ ના. શહેનશાહે મુંબઇમાંથી વિદાય થતી વખતે કહ્યું હતું કે:—

**"It is a matter of intense satisfaction to me to realise how all classes and creeds have joined together in the true-hearted welcome which has been so universally accorded to us. Is it not possible that the same unity and concord may for the future govern the daily relations of their private and public life ? The attainment of this would indeed be to us a happy outcome of our visit to India."**

અર્થ:—" અમોને તમામ પ્રજા તરફથી જે ભારે હર્ષમય આવકાર આપવામાં આવ્યો હતો, તેમાં આ દેશની સઘળી કોમોને ભિન્ન ભિન્ન સંપ્રદાય માનનારા વર્ગો એકત્ર થયા હતા. તે જોઇ મને ઘણો સંતોષ ઉપજ્યો છે. શું આ પ્રકારનો સંપને ઐકય તેઓના હમેશના જાહેર ને વ્યાવહારિક પ્રસંગોમાં જાળવી નહિ શકાય? જો તેમ બને તો અમારી આ મુલાકાતના સુખી પરિણામ રૂપ અમે તેને માનીશું. "

એકજ સ્થિતિ.

નામદાર શહેનશાહનાં આ વચનો અક્ષરશ: વાસ્તવિક છે. વસ્તુ સ્થિતિ આવી છે ત્યાં આપણે શુભ ભાવનાની શી રીતે આશા રાખી શકીએ ? ને જિવનના સાફલ્યનો શી રીતે માર્ગ હાથ લાગી શકે ? આપણા માનવા પ્રમાણે આપણી શકિત, શૌર્ય, વિદ્યા ને વિવેક વગેરે જેમનું તેમજ રહેવાનું. જે સ્થિતિમાં આપણે જન્મ લીધો તેજ સ્થિતિમાં મરણ

થશે. માત્ર સ્થૂલ સ્થિત્યાંતર થયા સિવાય બીજું કંઇ થવુ એ અત્યારના જિવનપ્રવાહને માટે ભવિષ્યવાદ કર્યા જેવું છે.

વિચારની એકતા.

માટે પ્રથમ નામદાર શહેનશાહના કથન પ્રમાણે સંપૂર્ણ રીતે દેશજન થવા માટે ને યથાર્થ દેશસ્વરૂપ બનાવવા માટે પ્રથમ એકતાની જરૂર છે. એકતા એ માનવીના હૃદયમાં તત્વ રૂપે છે. પ્રત્યેક મનુષ્યને હરકોઇ કાર્ય કરતી વખતે શરીરનાં અંગોની એકતા કરવી પડે છે. જો તેમ સંપૂર્ણ રીતે થાય તોજ કાર્ય સિદ્ધ થાય છે.

માનવીને વિચાર કરતી વખતે પણ અંતઃકરણ ને વૃત્તિઓનો નિગ્રહ કરી તેઓને એક ભાવનામાં એકતા પૂર્વક લીન કરવાની જરૂર પડે છે. આ પ્રમાણે કાર્ય અને વિચાર એકતા સિવાય સિદ્ધ થતાં નથી.

આમ છે તો દેશોદય જેવી મહાન્ ભાવના પ્રકટ કરવાને વિચારનું ઐક્ય કેમ ના હોવું જોઇએ? વિચારની અનેકતાનું પરિણામ જોવું હોય તો પાણિપાતનું પાંચમું યુદ્ધ પ્રસિદ્ધ છે. એક બાજુ સ્દાશીવભાઉના વિચાર ને બીજી બાજુ મરાઠા ને રજપૂત સરદારોના વિચાર. બન્ને પક્ષનાં હૃદય અભિમાનથી ને સ્વડહાપણના મમત્વથી મગરૂર થવા માંડયાં; એનો લાભ લઇ મહમદઅલ્લીએ તેઓને સજ્જડ ધાપ મારી હિંદને કુસપમાં વૃદ્ધિગત કર્યું.

રાજ્યભક્તિમાં ઐક્ય.

ત્યારે સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, રાજ્યભક્તિમાં ઐક્ય શાનું ? કેમ નહિ? રાજ્યભક્તિરૂપી કર્ત્તવ્ય પ્રજા પાસે રાજા બલાત્કારથી નથી કરાવતો; પરન્તુ પ્રજાને તેઓના એક કર્ત્તવ્યનું ભાન કરાવે છે. તેથી રાજ્યભક્તિ એ પ્રજાનું સ્વાભાવિક કર્ત્તવ્ય છે. એટલા માટે જ તેમાં પ્રજાના વિચારનું ઐક્ય હોવું જોઇએ. **જો એમ નહિ બને તો પ્રજામાં પક્ષ પડશે, કુસંપને કલેશ વધશે, પરદેશી રાજાઓ આવી જુલમ કરશે, પ્રજાની લક્ષ્મી અને મહા મહેનતે પ્રાપ્ત કરેલાં ગૃહસાધનો નષ્ટ થઈ સ્થાવર જંગમ મિલકત પાયમાલ થશે ને સમગ્ર દેશ અચલ અસ્તને અધીન થઇ ગરીબડો બની જશે.** એટલુંજ નહિ પણ સ્રીનું

માન ઘટી તેઓ હલકી ગણાશે. ને ઉચ્ચ તથા કુળવાન સ્ત્રીની કીર્તિ પર કાળા ડાઘા તો નહિ પણ છાંટડાંયે ઉડશે ખરાં. આ બધું પ્રજાનેજ આભારી છે. પ્રજાવર્ગે રાજ્યભક્તિ બતાવવી તે માત્ર રાજા માટે નહિ, પરન્તુ સમગ્રરાષ્ટ્રને માટે પણ ખરી. વળી વિચારની અનેકતાથી પ્રજામાં પક્ષ પડી જાય, જે પક્ષ પ્રબળ હશે તેની જીત થશે. એથી બીજા નિર્બળ પક્ષને હાની પહોંચશે. આવા પરિણામથી બન્ને પક્ષને સંરક્ષણની હાની થઇ કર વેરાનો બોજો વધશે.

જો સર્વ પ્રજાવર્ગનું ઐક્ય હશે તો આમાંનું કઇ પણ બનવું અસંભવિત છે. સાધારણ રીતે આપણે આપણા ઘરોમાં જોઇશું તો જણાશે, કે ભિન્ન ભિન્ન વિચાર દર્શાવતાં ઘરો પોતાનો અંત કેવી અવદશામાં આણે છે ? તેવીજ રીતે રાજ્ય-દેશ-નું સમજવું.

નાવિકોને વ્યાપાર ખેડવામાં સાહાય્ય કરતા: ઇ. સ. ના ૧૫ મા સૈકામાં સ્પેનના રાજાએ સમુદ્ર સમર્થન કરનાર, મહાન્ નાવિક કોલંબસને વ્યાપારને માટે આપણો દેશ શોધવા મોકલ્યો હતો. હીંગ, મરચું, ધાણાજીરૂં, રાઇ ને મેથી જેવી વસ્તુઓને માટે યુરપીય લોકોએ પોતાના આત્માની ખુહારી કરી છે. આપણે આંહિયાજ જુઓને ! જે અમદાવાદ પ્રથમ રાજનગર કહેવાતું, તે પ્રમાણમાં તેવું નથી રહ્યું. જે સુરત પ્રથમ ચોરાસી બંદરનો વાવટો ને સોનાની મૂર્તિરૂપ ગણાતું, તે સુરતની સુરત જતી રહી છે, ને એક નિરૂદ્યમી શહેર થઇ પડયું છે. ભરૂચને ખંભાતનો તો કોઇ ભાવ પણ પૂછતું નથી. પરન્તુ અત્યારનો સમય તદ્દન કંઇ નિરાશાજનક નથી. મચ્છીમારનું ન્હાનું ગામડું મુંબઇ તે હિંદુસ્તાનની સ્વર્ગપૂરી ને દુનીઆમાં આગેવાન શહેર ગણાય છે. અમદાવાદ પુનરૂજ્જીવિત થવા માંડયું છે. બીજાં પણ આપણાં ઇલાકાનાં ઘણાં શહેરો વેપારની હસ્તીમાં આવવા લાગ્યાં છે. તદપિ યથાસ્થિત વ્યાપારનું સ્વરૂપ ખીલ્યું નથી. તેનું મુખ્ય કારણ પ્રજાના કર્તવ્યની ખંડિતતા: એ છે. જો પ્રજા રાજા તરફ પ્રેમભાવના દર્શાવી, વ્યાપારમાં તેના વિચારને પ્રાધાન્ય આપશે, તોજ ઇચ્છિત ફળની સ્થિરતા થશે.

હુન્નર ઉદ્યોગ.

વ્યાપાર જેમ દેશોન્નતિનું જિવનસાધન ગણાય છે, તેવીજ રીતે હુન્નર ઉદ્યોગ પણ દેશોન્નતિનું જિવનસાધન છે. પ્રાચીનકાળમાં આપણા દેશમાં

હુન્નર–ઉદ્યોગની પૂરેપૂરી ખીલવટ હતી. તે સમયે વિમાનો હતાં. અગ્નિ નૌકા હતી, ને વિદ્યુત્ વિના સંદેશા ચલાવનારાં યંત્રો પણ હતાં. વિદ્વાનોએ ચંદ્ર અને સૂર્યના ભ્રમણનો નિશ્ચય કરવાને સૂક્ષ્મદર્શક ને દૂરબીનો બનાવ્યાં હતાં. ચરક ને સુશ્રુતમાં છેલ્લામાં છેલ્લી વૈદ્ય-વિદ્યાની શોધો છે. અત્યારના શિલા લેખો, સિક્કાઓ, જમીનમાંથી નીકળતાં હથીઆરો, પીરામીડો ને કેટલાંક જુનાં શહેરોની રચના એ પૂર્વકાળની હુન્નર–ઉદ્યોગની સાબિતી છે. હમણાંજ નિકળેલો રત્ન-જડિત ડાબલો કે જેમા ભગવાન્ ગૌતમબુદ્ધની રાખ હતી, તેમાં કેટલી હુન્નર–ઉદ્યોગ ખૂબી છે.

પ્રજાની વ્યાપારવૃદ્ધિ થશે એટલે તેનું તરતજ હુન્નર–ઉદ્યોગ તરફ લક્ષ્ય જશે. આ માટે આપણને મોજુદ દાખલો એક જાણીતા હુન્નરઉદ્યોગના નેતા પારસી સદ્‌ગૃહસ્થનો હાથ લાગે છે. હુન્નર-ઉદ્યોગમાં બહુકરીને ઉત્સાહ ને ધૈર્યનો ખપ છે. જેઓ અનુત્સાહી ને અધીરતાવાળા છે, તેઓ ઘણીવાર નાસીપાસ થાય છે. આપણે આપણા હુન્નર–ઉદ્યોગની ખીલવટ માટે તેને ઉછેરનારાં ને વધારનારાં કારણો શોધવાં જોઇએ. **ખરી રીતે કહીએ તો જે દેશનો વ્યાપાર ને ઉદ્યોગ સમગ્ર વ્યક્તિના હાથમાં છે, તેજ વ્યાપાર ને ઉદ્યોગ ખરો છે.** સ્વાર્થની ખાતર ને એકલે હાથે નફો મેળવવા માટે હુન્નર–ઉદ્યાગને ગુપ્ત રીતે વધારવો એ અવનતિનું ચિહ્ન છે. સંયુક્ત ભંડોળ કરી હુન્નર–ઉદ્યોગનાં કારખાનાં વધારવાં, ને પ્રદર્શનો ખોલવાં, એજ હુન્નર–ઉદ્યોગની ચડતીનું શુભ ચિહ્ન છે. **દ્રવ્યને ઘરના ચૂલા નીચે કે પાણીયારા નીચે દાટી રાખ્યા કરતાં તેને વ્યાપાર–ઉદ્યોગને માટે વહેતું મૂકવું એ શ્રેયસ્કર છે.** આપણા દેશમાં પંચાવન કરોડ પાઉન્ડ દ્રવ્ય નકામું પડેલું છે તે જો ઉદ્યોગ–હુન્નરને માટે વપરાય તો દેશને કેટલો બધો લાભ થાય? જે કામ પ્રજાવર્ગથી બની શકે તેવું છે, તેમાં રાજાની સાહાય્ય માગવી એ વ્યર્થ છે. દ્રવ્ય પ્રજાવર્ગ પાસે છે. બુદ્ધિ ને શક્તિ કદાચ જોઇએ એવા પ્રમાણમાં નહિ હોય, તો તેમાં રાજકીય સાહાય્ય માગવી પડે એ સંભવિત છે. જો રાજ્ય તરફથી પ્રજાને હુન્નર–ઉદ્યોગને માટે સ્વેચ્છા પુરઃસર માગવા પ્રમાણે સાહાય્ય મળે તો એનું પરિણામ એ આવશે કે પ્રજાનો પૈસો જેમનોતેમ રહી નિરૂપયોગી થઇ પડશે, ને રાજ્યમાં દ્રવ્યની તંગાસ પડશે. એટલુંજ નહિ પણ પ્રજા અનુદ્યોગી ને વૈભવી

બનશે. પરન્તુ જો રાજા પ્રજાના હુન્નર-ઉદ્યોગમાં ઉત્સાહ, કાર્યદક્ષતા, ને ભવિષ્યમાં જયની શુભાશા દેખશેતોજ સાહાય્ય આપવાને વિચાર કરશે.

ખરી રીતે જોઇએ તો આમાં રાજાને કંઇ લાગતુંવળગતું નથી. અન્તે એમાં પ્રજાનેજ નુકસાન છે. રાજા પ્રજાને માટે જે જે કરે છે તેના વિનિમયમાં પોતાને થએલા ખર્ચને માટે પ્રજા પાસેથી કર લે છે. ઉપરાંત રાજ્યભક્તિની પણ માગણી કરે છે. તેની આ માગણી પ્રમાણમાં બહુ અલ્પાંશ છે. તેમા નથી નાણાંનો ખર્ચ થતો, કે તેને માટે ઘરની માલમીલકતને બજારમાં નથી વટાવવી પડતી ? તેમાં જે ખપ છે તે માત્ર પ્રજાને પોતાના અંતરૂવિચારનો છે. ને કવચિત્ લગાર શારીરિક શક્તિનો વ્યય કરવો પડે છે.

દેશોદયનાં અંગ.

દેશોદયનું મુખ્ય અંગ એ રાજ્યભક્તિ છે; કારણકે તેથી રાજા પ્રસન્ન રહે છે ને દેશનો કલ્યાણમાર્ગ સધાય છે. રાજાની પ્રસન્નતા એજ પ્રજાની પ્રસન્નતા સુખ ને શાન્તિ છે. કારણકે ચાણાક્યે કહ્યું છે કે '**यथा राजा तथा प्रजा**' રાજા જો ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ, રાજા પાપી હોય તો પ્રજા પાપી, અર્થાત્ કે જેવો રાજા તેવી પ્રજા. ખરેખર પ્રજા એ રાજાનેજ અનુસરે છે. પરન્તુ ભૂલવું નહિ જોઇએ કે રાજાને પોતાને યોગ્ય રાજા બનાવવો એ પ્રજાનું કર્ત્તવ્ય છે. જો પ્રજા રાજ્યભક્ત હશે તો રાજા આત્મસમર્પણ કરીને પણ પ્રજાને લાભદાયક ઉપાયોની યોજના કરશે. વળી તે પ્રજાને વ્યાપારની, હુન્નર-ઉદ્યોગની, કારિગીરીની ને કેળવણીની ઉત્તમ સગવડ કરી આપશે. ઉપરાંત દ્રવ્યપ્રાપ્તિની, ધર્મની, વ્યવહારવર્ધક સાધનો ને વૈભવો વગેરે જે દેશોદયનાં અંગ ગણાય છે, તેની પણ વૃદ્ધિ કરી આપશે.

વ્યાપારની યોજના.

વ્યાપાર એ દેશોદયના ઉદયનું શુભ ચિહ્ન ગણાય છે. આજકાલ વ્યાપારને બહુ માનવંતો ગણવામાં આવે છે. જે દેશમાં ને જે પ્રજામાં વ્યાપારનું પ્રાબલ્ય છે, તેજ દેશ વાસ્તવિક રીતે ઉન્નત કેંદ્રમાં છે. ઇરાનની પ્રજાનો તમામ વ્યાપાર અન્ય પ્રજાઓ ખેડે છે. મોરોક્કો ને ત્રિપોલીમાં પણ આજ વ્યવસ્થા છે. તો તેઓની સ્થિતિ જુઓ ? ઇરાન ઉપર

રૂશિઆ શ્રુરકી કરે છે. ત્રિપોલીને માટે ટર્કી તથા ઇટાલીને ભયંકર લડાઇ કરવી પડી છે. જ્યારે મોરક્કો સંબંધની તકરાર હમણાં પ્રયત્ન ને સમજણથી શાન્ત પડી છે. આજથી પાંચસે વર્ષના યુરોપને ને આજના યુરોપને જોતાં આભ-જમીન જેટલો ફેર લાગે છે. યુરોપની આટલી બધી ચઢતીનું કારણ ત્યાંની પ્રજાનો પ્રબળ વ્યાપાર એજ છે. ત્યાંના રાજાઓ વેપારને માટે પોતાને ખર્ચે પરરાજ્યોમાં એલચીઓ મોકલતા ને નવી મનવારો બંધાવતા.

વિદ્વાનોએ જે શોધખોળો કરી છે એ સ્વબળથીજ કરી છે. ન્યુટને ગણિતશાસ્ત્ર ફેરવ્યું; સ્ટીવન્સે અત્યારની આગગાડીઓને જન્મ આપ્યો; લીંકે જગદ્વિખ્યાત દૂરદર્શક યંત્ર બનાવ્યું; ને એડીસને ચમત્કારિક ફોનોગ્રાફ બનાવ્યું. એ બધું જાત મહેનતનુંજ પરિણામ છે. હમેશાં હુન્નર ઉદ્યોગ કરનારાએ યાદ રાખવું, કે પોતે કંઇ પણ જનસમાજને ઉપયોગી કાર્ય કરવાને શક્તિમાન્ છે, એમ એણે બીજાને બતાવી આપવું જોઇએ. એમ કર્યા સિવાય નાહક ઉહાપોહ કરવો એ વ્યર્થ છે. કંઇ પણ ઉદ્યોગમાં સફળતા જોયા પછીજ રાજ્ય તરફથી મદદ મળે છે. કારણ કે રાજાનું કર્ત્તવ્ય રાજ્યભક્તિને ઉત્તેજન આપવાનું છે. પણ ઉદ્યોગ એવો હોવો જોઇએ કે જે રાજ્યને લાભકારી હોય. આપણી ન્યાય્યા બ્રિટિશ સલ્તનતમાં પ્રતિવર્ષે હુન્નર ઉદ્યોગને માટે ખાસ એલાયદું દ્રવ્ય ભંડોળ કહાડવામાં આવે છે.

આમ છતાંય સમગ્ર દેશ તરફ નજર નાંખતાં દેશનો વ્યાપાર અને હુન્નર ઉદ્યોગ ઉન્નતિના માર્ગમાં વહેતો જોવામાં આવે છે. આપણા ઇલાકામાંજ એકાદ હુન્નર ઉદ્યોગનું ને એકાદ કાચનું કારખાનું સંતોષકારક કામ કરતું જોવામાં આવે છે. સમગ્ર દેશમાં અત્યારે લગભગ બસેં ચાલીશ મીલો કામ કરતી છે. જેમાં વીશ કરોડ રૂપિયાનો ભંડોળ રોકાયેલો છે. જ્યારે આજથી લગભગ દસકા પહેલાં ૧૯૦ મીલોએ પંદર કરોડનો ભંડોળ રોકયો હતો. દિવાસળીનાં ને સાબુનાં કારખાનાંઓ ઉઘડવા માંડયાં છે, સરકાર તરફથી હુન્નર ઉદ્યોગની કેલવણી માટે કેળવાયેલા યુવાનોને પરદેશ મોકલવામાં આવે છે, ખેતીના વાવેતરમાં સુધારો થયા કરે છે, ને જંગલ ખાતામાં પણ પ્રથમ કરતાં સારૂં કામ થતું જોવામાં આવે છે. આથીજ ના. શહેનશાહે સમગ્ર દેશને શિખામણ આપતાં કહ્યું છે કે;

**I know that you cherish ambitions that India will one day become a great manufacturing as well as an agricultural country. I have watched with keen interest the progress of your business enterprises, and I trust that the success which has attended your commercial energy will attract more and more of the youth of this country to regard commerce as a distinguished and honourable profession.**

**"હું જાણું છું કે, તમો એવી ઉમેદ રાખો છો કે હિંદુસ્તાન એક દિવસ ઉદ્યોગહુન્નરોનાં કારખાનાં ધરાવનારો અને ખેતીવાડીનો દેશ થશે. તમારાં વ્યાપારાદિનાં સાહસિક કામો કેટલાં આગળ વધ્યાં છે તે મેં ધ્યાનથી તપાસ્યું છે. અને હું ભરૂસો રાખું છું કે તમારી વેપારીશક્તિને જે ફતેહ મળી છે તે ઉપરથી આ દેશનો યુવકવર્ગ વ્યાપાર પણ એક આબરૂભર્યો અને માનપૂર્વક ધંધો છે એમ વધારે ને વધારે સમજતો જશે."**

આ પ્રમાણે આપણી વ્યાપારીશક્તિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. તથા હુન્નર ઉદ્યોગને માટે આગેવાનીભર્યો ભાગ લેવાની કોશીશ કરે છે. અત્યારનો યુવક વર્ગ યુનિવર્સીટીની ડીગ્રી મેળવી ચાલીસ, પચાસ રૂપિઆની નોકરીમાં જોડાવાને તૈયાર થાય છે, તેને બદલે નામદાર શહેનશાહનાં વચનાનુસાર પ્રાપ્ત કેળવણીનો વ્યાપાર ને હુન્નર ઉદ્યોગાદિમાં વ્યય કરે તો હિંદ એ એક ધનાઢ્ય ને તેજસ્વી દેશ થાય. આપણી અત્યારની વ્યાપાર ને હુન્નરઉદ્યોગની કેળવણી જોઇએ તેવી વાજબી રીતે નથી આગળ વધતી, તેનું મુખ્ય કારણ યુવકવર્ગની અતડાઇ એ છે. **ભણવું એ નોકરીને માટે છે, ને જ્ઞાન મેળવવું એ ઉન્નતિને માટે છે.** એ યુવકસમાજે લક્ષ્યમાં રાખવું જોઇએ. અત્યારનો સમય જ્ઞાન મેળવવાનો છે. જ્યાં સુધી વિદ્યાર્થીઓ જ્ઞાન તરફ દુર્લક્ષ્ય રાખશે, ને હુન્નરઉદ્યોગ પાછળ જાત-મહેનત નહિ કરશે, ત્યાં સુધી તેઓ પૂરેપુરી ફતેહ નહિ મેળવી શકે. તેઓએ પ્રથમ બુદ્ધિ અને કૌશલ્ય મેળવવાની જરૂર છે. અને તે બન્ને

જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી હુન્નરઉદ્યોગ સહેલ થઇ પડશે. માટે જો હુન્નરઉદ્યોગમાં સંપૂર્ણ રીતે ફલિતાર્થ જોવો હોય તો **જ્ઞાન અને જાતમહેનત** એ બન્નેની ખાસ જરૂર છે.

ખરી રીતે કહીએ તો વ્યાપાર ને હુન્નર ઉદ્યોગ એજ દેશની આબાદી છે. ' વ્યાપાર ને હુન્નર ઉદ્યોગોએ મ્હોટી મ્હોટી શહેનશાહત સ્થાપી છે. તેનો તાજો દાખલો હિંદીજવાનોની સન્મુખ પડેલો છે. અંગ્રેજો માત્ર વ્યાપાર કરવાજ હિંદુસ્તાનમાં આવેલા હતા. તે વ્યાપારી પ્રજા આજે હિંદુસ્તાનની શહેનશાહતની ધણી છે. એટલુંજ નહિ પણ તે પ્રજાએ મેળવેલી કીર્તિ દુનીઆના બીજા કોઇ પણ દેશની તવારીખમાં નથી. '

કારિગીરી.

વ્યાપાર ને હુન્નરઉદ્યોગ ઉપરાંત રાજ્યભક્તપ્રજામાં કારિગીરીની પણ વૃદ્ધિ થવી જરૂરની છે. વસ્તુપાળે ને તેજપાળે શત્રુંજય ગિરનાર ને આબુ ઉપરનાં દેવસ્થાનો બંધાવી, કારિગીરીની અદ્‌ભૂતતા દર્શાવી, નામના મેળવી છે. એજ પ્રમાણે મૂળરાજે પ્રથમ રૂદ્રમાળ ને સિદ્ધરાજે સહસ્રલિંગ તલાવ બંધાવ્યું હતું. સિવાય કુતૂબે કુતૂબમિનારો ચણાવ્યો હતો. અને છેલ્લે મુગલપાદશાહ શાહજહાં તેણે તો નમુનેદાર તાજમહાલ ને દુનીઆમાં પ્રથમ પંક્તિનું ગણાતું મયુરાસન એ બે બનાવરાવી પુષ્કળ રીતે કારિગીરીને ઉત્તેજન આપ્યું હતું. ૧૯૧૨ ની સાલના દિલ્હીદરબારની કારિગીરી જોઇ ના. શહેનશાહે કહ્યું હતું કે, "આવો ભવ્ય ને અપૂર્વ મેળાવડો મેં આખી ઝિંદગીમાં જોયો નથી." આ આપણા દેશની કારિગીરીને માટે ઉત્તમ સર્ટિફીકેટ છે. આપણા કારિગરોનો નિરૂત્સાહિ મધ્યકાળ હવે જવા લાગ્યો છે. હમણાંજ રાજ્યાભિષેક ટાણે ભરાયેલા મુંબઇના પ્રદર્શનમાં કારિગીરીના અલૌકિક નમુનાઓ જોવામાં આવતા હતા. ૧૮૮૪ નું કલકત્તાનું મહાન્ પ્રદર્શન પણ આ પ્રદર્શનની સ્પર્ધામાં ઉતરે એવું હતું. કોંગ્રેસનાં પ્રદર્શનો ભરાય છે, તેમાં પણ ઠીક દેખાવ હોય છે. આ પ્રમાણે હવે કારિગીરી ને શોધકબુદ્ધિ વધતી ચાલી છે. કારણ કે લોકોને હવે જૂનું છોડી દઇ નવું નવું ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે. ' પ્રથમ ગાદીતકીએ બેસાતું તો અત્યારે રાઉન્ડટેબલ ને ખુરશીઓની જરૂર પડે છે. પ્રથમ કોડીઆમાં દિવેલ ભરી દિવો કરતા જ્યારે અત્યારે જુદીજુદી

જાતના લેંપો પ્રસિદ્ધ થવા લાગ્યા છે. પ્રથમ છાયાયંત્ર હતાં જ્યારે અત્યારે ચોવીસ કલાકની, આઠવાડીઆની, ને પખવાડીઆની ચાવી વાળી ઘડીઆળો સસ્તી કિંમતે મળવા લાગી છે.' અગર જો આમાંનો બધો માલ હિંદની કારિગીરીને આભારી નથી, પરન્તુ એનું પરિણામ એ આવશે કે હિંદી કારિગરોની જિજ્ઞાસા વૃદ્ધિ પામી આ સર્વની તપાસ તરફ વળશે. જે એક દિવસ શુભાશા ઉત્પન્ન કરશે. છતાં પણ આપણા દેશમાં બધાય કારિગરો શિખાઉ છે એમ નથી. કાઠિયાવાડમાં મહુઆ ગામની બનાવટનાં જેણે રમકડાં જોયાં હશે તેઓને ખબર હશે, કે એલચી, દ્રાક્ષ, સોપારી, લવિંગ, ખારેક, જાંબુ એ વગેરેના નમુના આબેહૂબ સાચાજ લાગે છે. છેલ્લાં ચારપાંચ વર્ષમાં તો હિંદના બધાય કારિગરો જાગૃત થયા છે. હિંદના ઘણા વિભાગમાં દેશી કારિગીરીની દુકાનો નીકળવા માંડી છે. સુથારોએ, તીજોરીવાળાઓએ, શાળ ચલાવનારાઓએ ને શિલ્પીઓએ પોતાનું બુદ્ધિ ચાતુર્ય બતાવવા માડયું છે. હિંદુસ્તાનના આગેવાન વિદ્વાન દેશીરાજકર્ત્તાઓએ પોતાના રાજ્યમા કલાભવનો વગેરે સસ્થાઓ સ્થાપિ છે. ના. સરકાર તરફથી પણ કારિગરોની કદર બુજાઇ ચાંદ તથા ઇનામો અપાય છે. દેશમાં કોતરકામ વાળી વસ્તુઓની ઘરાકી વધી છે. સિવાય રાજ્ય તરફથી પણ હુન્નર કામ શિખવવાના વિદ્યાલયો સ્થપાવા લાગ્યાં છે.

અત્યારે આપણને શિલ્પીકોતરકામ ને ઝીણું લકડકામ શિખવાનો સારો સમય છે. એટલુંજ નહિ પણ નવાનવા નમુનાઓ બનાવવાને સરકાર તરફથી જોઇએ તેવાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. અત્યારે જેટલું નહિ શિખાય તેટલું ભવિષ્યમાં નુકસાન છે. અત્યારે હુન્નર ઉદ્યોગનાં પ્રદર્શનો **જોઇનેજ** માત્ર આવવાનું નથી પણ **જાણીને–સમજીને** આવવાનું છે. કારિગરોએ મંદતાનો ત્યાગ કરી, પ્રમાદને છોડી દઇ, સમયને અનુસરવું એ વાજબી છે. તેઓએ યાદ રાખવું કે ઝીણામાં ઝીણી ટાંકણી, સોય ને સ્ટીલો હજી આપણે પરદેશમાંથી ખરીદી લાવીએ છીએ.

દેશના કારિગરોમાં બુદ્ધિ ચાતુર્ય છે પણ તેને વધારવાનું ચાતુર્ય નથી. ત્રાવણકોરના પ્રખ્યાત ચિત્રલેખક રવિવર્મા પછી કોઇએ નામના કહાડી નથી. મુંબઇમાં એક ચિત્રશાળા છે ખરી,

પણ હજી જોઇએ તેવું તેને જનસમાજ તરફથી ઉત્તેજન મળ્યું નથી. વિલાયતમાં એકએક ચિત્રની લાખ રૂપીઆ ઉપરાંત કિંમત અંકાય છે, ત્યારે આંહિયાં લાખ પાઇ જેટલી પણ કિંમત અંકાતી નથી. હિંદ બીજી બધી કારિગીરીમાં શિલ્પવિદ્યામાં નિપૂણ ગણાય છે; છતાં પણ હજી કોઇ એવો જબરો શિલ્પશાસ્ત્રી નથી થયો કે દેશને નવા ઉજાસમાં લાવી મૂકે. બધાયની ઇચ્છા પૂનાની કૉલેજમાં એલ. સી. બની નોકરી મેળવવાની છે એ બહુ શોચનીય બીના છે. મતલબ કે સરકાર પોતાની ફરજ બજાવે છે પણ પ્રજાને તેનો લાભ લેતાં વાર લાગે છે. રાજ્યનો ઉત્સાહ છે પણ પ્રજાનો ઉત્સાહ પ્રમાણમાં બહુ ઓછો જોવામાં આવે છે. કહે છે કે કાઠિયાવાડનો એક પ્રશ્નોરો નાગર કવિ નામે જગન્નાથ કરીને હતો, તે ચણાની દાળમાં અંબાડિસહિત હાથી ચિતરી આપતો. આવી બારિક કારિગીરીની જરૂર છે. સિવાય અમદાવાદમાં ભદ્રના કિલ્લા નજીકની એક મસિદની ભીંતના પત્થરમાં બારિક કોતરણીથી એ ઝાડો કોતરવામાં આવ્યાં છે. તે જોવા લાયક છે. હમણાંના કારિગરો પૂલ ને મકાનો સિવાય એવું બીજું કંઇ બતાવી શકતા નથી.

કેળવણી.

રાજ્યભક્તિનું પરિણામ **કેળવણી** એ પણ છે. હમણાંજ ના. શાહેનશાહે હિંદની કેળવણી ખીલવવાને પચાસ લાખ રૂપિઆની પ્રતિવર્ષના વધારા સાથેની સાહાય્ય કરી છે. કેળવણીનું ફળ એજ દેશોદય છે. **જેમ જેમ કેળવણીની પ્રગતિ વધારે, તેમ તેમ દેશોદયની આશા સમિપમાં સમજવી.** આ સૂત્રાનુસાર પાશ્ચાત્ય દેશોની ઉન્નતિ થએલી જોવામાં આવી છે. સારા ભાગ્યે અત્યારે દેશમાં કેળવણી પછવાડે ઠીક મહેનત લેવામાં આવે છે. હિંદુ યુનિવર્સીટી માટે રૂપિઆ બાવન લાખનું ને મોહમેડન યુનિવર્સીટી માટે રૂપિઆ પાંતરીસ લાખનું ફંડ એકઠું થયું છે. તેમાં પણ હજી વધારો થતો જાય છે. મુંબઇ ને અમદાવાદના આગેવાન શેઠીઆઓએ વિજ્ઞાનની કોલેજો સ્થાપવાને માટે લાખો રૂપીઆની સખાવત કરવા માંડી છે. જે સરકારની સહાનુભૂતિનું પરિણામ છે. ના. સરકાર તરફથી પણ કેળવણીને ફેલાવવા માટે પૂરતો પ્રયત્ન કરાય છે. લોકોને કેળવણીનો લાભ સમજાવી છોકરાંને નિશાળે મોકલતાં કરે છે. પરદેશ

અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને ના. સરકાર તરફથી પૂરતી સ્કૉલરશીપ આપી ઉત્તેજન અપાય છે. આ પ્રમાણે ચારે તરફ લોક-સમાજનું લક્ષ્ય કેળવણી તરફ દોડવા લાગ્યું છે. લોકોમાં વાચનનો શોખ થવા માંડયો છે. હિંદમાં લગભગ સાતસો વર્ત્તમાનપત્ર નીકળે છે, તેમાં આ ઇલાકાનાં લગભગ એકસોએંસી છે. પુસ્તકાલયો પણ ખુલવા માંડયાં છે. પ્રત્યેક દેશના સાહિત્યને માટે કાળજીપૂર્વક પરિ-ષદો સ્થપાવા લાગી છે. ભાષાના મૂળ તરફ કેટલાકોની અભિરુચી થતી જોવામાં આવે છે. નામદાર શહેનશાહે પણ કહ્યું હતું કેઃ—

**Education has given you hope and through better and higher education you will build up higher and better hopes**

**" કેળવણીથી તમારામાં આશા પેદા થઇ છે. અને વધુ ઉંચી કેળવણીથી તમો વધુ ઉંચી આશા રાખી શકશો."**

અત્યારે હિંદના કેળવણીના વધારા માટે રાજ્ય તરફથી પૂર્ણ ઉદારતાથી છ કરોડ રૂપીઆ જેટલી મોટી રકમ ખરચાય છે. તેમાં પણ દરવર્ષે વધારો થતો જાય છે. ફરજીઆત ને મુફત કેળવણી આપવા પાછળ વિચાર ચાલે છે, ને પ્રાથમિક શાળાઓની વૃદ્ધિ કરવાનો નિયમ તો લગભગ થઇ ચૂકયો છે.

આ સિવાય રાજ્યભક્તિના ફલ તરીકે આપણે અત્યારે અગ્નિરથો ને અગ્નિનૌકા જોઇએ છીએ. પૂર્વકાળમાં પણ આપણા દેશમાં આ સાધનો અસ્તિત્વ ધરાવતાં હતાં. આપણા પુરાણોમાં આપણે આશ્ચર્ય ને સંદિગ્ધતા સાથે વિમાનોની વાતો સાંભળતા હતા તે હવે શક્ય માનવા લાગ્યા છીએ. અર્જુન પાતાળમાંથી નાગ કન્યાને પરણી લાવ્યો હતો ને અગસ્ત્ય મુનિએ મહાસાગરનું પર્યટન કર્યું હતું, એ બધું સત્ય મનાવા લાગ્યું છે. વચ્ચેના કાળમાં આપણી વિચાર વ્યવહારની જિજ્ઞાસા અતૃપ્ત રહેતી તે હવે નથી. અત્યારે તો જોઇએ તેવાં સગવડ ભર્યા સાધનો છે. એક વસ્તુને એક જગાએથી બીજી જગાએ બીન હરકતે સહેલાઇથી મોકલી શ-કાય છે. પરસ્પરના વિચાર જુજ ખર્ચમાં એક ક્ષણ માત્રમાં જાણી

બીજાં સાધનો.

શકાય છે. આ સંધુ રાજ્યભક્તિનુંજ પરિણામ છે. જેમ જેમ પ્રજા રાજ્યભક્ત બનશે તેમ તેમ રાજાની તેના તરફ પ્રીતિ સંવૃદ્ધ થશે. ને પ્રજા જનનાં સુખ વૈભવાદિ સાધનોમાં વધારો થશે.

અત્યારે જે દ્રવ્યની છૂટ ભોગવીએ છીએ તે રાજ્યનાજ પ્રતાપ. જો ૧૮૬૪ ની સાલમાં બેંકોએ ખુવારી ન મેળવી હોત તો અત્યારે દ્રવ્ય કેટલા વિસ્તારમાં પથરાયલું જોવાત એ કહી શકાતું નથી. આપણે જે સોનું, રૂપુ, હીરા, માણેક વગેરે તેમજ હંમેશની ઉપયોગી વસ્તુઓ વાપરીએ છીએ, તે તમામની કિંમતનો આધાર આપણા ઉપર છે. આપણે જો વ્યાપાર હુન્નરને ખિલવીશું તો જે વસ્તુની ઘણી કિમત બેસે છે તે વસ્તુ ઓછી કિમતે મળતી થશે. ઘણી વાર દેશમાં નાણાંની અછત થઇ જાય છે ત્યારે જે લોન કે નોટ નીકળે છે તેમાં રાજાને પ્રજા ઉભયનો સ્વાર્થ સંગ્રહિત છે. જેઓ અર્થશાસ્ત્રના તર્કને જાણનારા છે તેઓ આ વાતનું વાસ્તવિક સ્વરૂપ સમજે છે.

ધર્મમાં પણ દેશોદયનું કલ્યાણ છે. પણ પાછળ કહ્યા પ્રમાણે ધર્મનો આધાર રાજ્ય સત્તા ઉપર છે. ભગવાન્ જરતોસ્થને જો ધર્મ નિષ્ઠ ગુસ્તાસ્પ રાજા તરફથી સાહાય્ય ન મળી હોત તો અત્યારે પારસી ધર્મનું અસ્તિત્વ પણ ન રહેત, એટલુંજ નહિ પણ અગ્નિ દેવનું માહાત્મ્ય આર્યોએ જે સાચવી રાખ્યું છે, તે પણ ન સચવાત. રાજા સિવાય ધર્મની એક્યતા સ્વીકારાયજ નહિ. મતલબ કે **ધર્મ એ રાજા કે રાજ્ય સત્તા સિવાય નિરાલંબી છે.** પરન્તુ યાદ રાખવું કે ધર્મના સિદ્ધાંતોને નિયમો વ્યર્થ જવા જોઇએ નહિ. ધર્મના સ્વીકાર માત્રથી દેશોદય નથી થતો પરન્તુ તેના સિદ્ધાંતો ને નિયમોને અનુસર્યાથી થાય છે. પ્રોટેસ્ટંટ ધર્મના વિચારે ઇગ્લાંડની ઉન્નતિમાં સાહાય્ય કરી છે એમ કહીશું તો ખોટું નહિ લેખાય. આ સાથે રાજાને પણ ધર્મભાવનામાં દૃઢતા જોઇએ. રાજાએ અમુક ધર્મમાંજ નહિ પણ રાજ્યના પ્રત્યેક ધર્મના વિચારોને માન આપવું ને તેમાં સત્યનું દર્શન કરવું. ઇ. સ. ના બીજા સૈકામાં ઇરાનની ગાદી ઉપર અરદેશર રાજા હતો તેણે રાજ્ય ત્યાગ કરતી વખતે પોતાના દિકરા શાહાપૂરને શિખામણ આપતાં કહ્યું હતું કે; **“ પ્યારા બેટા ! યાદ રાખજે, કે પાદશાહ તરીકે તારે તારા**

**દેશ અને ધર્મનો બચાવ કરવો જરૂરનો છે. તું ધર્મને તથા રાજ્યને એક બીજાથી ભિન્ન ગણુતો ના ! તું લગાર પણુ મગરૂબી કર્યા વગર તારા ધર્મીપણાનો દાખલો પ્રજાને આપજે ? ' માટે ધર્મ પણુ દેશોદયનું ચિહ્‌ન છે.**

જેમ જેમ દેશમાંજ વ્યવહારવર્ધક સાધનોની વૃદ્ધિ થાય તેમ તેમ આનન્દ અને વૈભવ પણુ વધે છે. પ્રજા રાજાનું અકલ્યાણુ સાધે ને રાજા પ્રજાનું અકલ્યાણુ ઇચ્છે, ત્યાં તેઓમા પરસ્પર વ્યવહારવૃદ્ધિ શી રીતે થવાની હતી ? આમ જ્યારે વ્યવહારવૃદ્ધિનો લોપ થાય ત્યારે વૈભવને આનન્દની પણુ શી રીતે આશા રાખી શકાય ? પણુ અત્યારની સ્થિતિ શાન્તિદા છે. વ્યવહારવર્ધક સાધનો લગભગ પૂરતાં છે. ને વૈભવ પણુ યથાશક્તિ ભોગવાય છે. પણુ હજી જોઇએ તેવું પ્રજાજનનુ ઐક્ય થએલું જોવામાં આવતું નથી, ત્યાં સુધી સપૂર્ણ દેશોન્નતિને માટે આપણે મૌન ગ્રહવું એ વધારે સારૂં છે. જેમ જેમ **પ્રજાવર્ગ રાજ્યભક્તિનું તત્વ સમજતો જશે તેમ તેમ વ્યવહાર સાધનોની વૃદ્ધિ થશે, પ્રજાનું ઐક્ય પ્રબળ થશે, ને દેશોન્નતિનો ચિરસ્થાઇ પાયો રોપાશે.**

વ્યવહારવર્ધક સાધનો સિવાય મનુષ્ય વ્યવહારજ્ઞ થાયજ નહિ. વ્યવહારમાંજ મનુષ્ય જિવનના કેટલાક અંશોનું પોષણુ થાય છે. જે જે દેશોનો ઉન્નતિક્રમ જોઇએ છીએ, ત્યાં ત્યાં આપણુને તુરતજ માલૂમ પડે છે, કે ત્યાંના લોકોને વ્યવહારનું અત્યુત્તમ શિક્ષણુ મળેલું હોય છે. તથા ત્યાં વ્યવહાર સાધનોનો પણુ સારો ક્રમ હોય છે. આપણે આંહિયાં વ્યવહાર સાધનો ખીલતાં જાય છે એ ખરી વાત; પણુ જ્યાં સુધી પાશ્ચાત્ય દેશોની માફક આપણે તેની પૂરેપૂરી અગત્યતા નહિ સ્વીકારીએ ત્યાં સુધી ધારવા મુજબ દેશોદય થવો કઠિન છે. અત્યારનાં વ્યવહાર સાધનો અગ્નિરથ, સંદેહપ્રવાહ ઇત્યાદિ છે. તે પણુ હજી સંપૂર્ણ યોગ્યતામય નથી. કેટલીક પક્ષાપક્ષી ને જાતિભિન્નતા જો તેમાંથી લુપ્ત થાય, તો એ વ્યવહાર સાધનો એક વખત દેશોદયનાં પ્રબળ કારણુ બની શકે ખરાં. પૂર્વે સમયમાં વ્યવહાર સાધનો પ્રબળ હતાં. આપણુા દેશના રાજાઓ સમુદ્રપારના રાજાઓ સાથે સગપણુથી જોડાતા. ગ્રીસને ઇજીપ્ત સાથે વ્યવહારપક્ષે સગપણુ હતું. સિકંદરે હિંદને ઘણું આપી ઘણું લીધું

હતું. અત્યારે જો કે તેવું થવાના પ્રયત્નો થાય છે, પણ જ્યાં સુધી જાતિભિન્નતા ને વિચાર વિરૂદ્ધતા છે, ત્યાં સુધી એ વ્યવહાર બહુજ અલ્પ કામ કરી શકશે. ખીલાતનો ખાન પરમભક્ત તરીકે આપણા દેશમાં મનાતો તે હવે ક્યાં છે? પૂર્વે ચીન ને જાપાન એ આપણો પ્રજાકીય વિભાગ ગણાતો તે હવે ક્યાં છે? અત્યારે તો બન્નેના આચાર, વિચાર આપણાથી તદ્દન વિરૂદ્ધ છે. ઇશ્વર કૃપા હશે તો જેમ જેમ વ્યવહાર સાધનોની વૃદ્ધિ થશે, તેમ તેમ આપણે સફળતા પ્રાપ્ત કરતા જઇશું. આ પ્રમાણે પ્રત્યેક પ્રજા રાજ્યભક્ત બને ને રાજા તરફથી પ્રસન્નતા મેળવી વ્યવહાર સાધનો પુરતી રીતે પ્રાપ્ત કરે તો દેશોદયનું કાર્ય સધાય.

**ભૂલભરેલા વિચાર**

અત્યારે દેશોદયને માટે બહુ પ્રયત્નો ને વિચારો યોજાય છે, પરન્તુ તેમાં ભૂલ ને અજ્ઞાનતા વધારે દેખાય છે. પ્રજાના વિચારની એકતાને સ્થાને અનેકતા જોવા આવે છે; સદ્‌વિચારને સ્થાને અસદ્ વિચાર પ્રયોજાય છે; ને રાજ પ્રસન્નતાને સ્થાને અપ્રસન્નતા ઉત્પન્ન થાય છે. દેશોદયની ઇચ્છા રાખનાર પ્રજાવર્ગે એટલું અવશ્ય યાદ રાખવું કે, **સામાજિક વિચારથી જેવો દેશોદય થાય છે તેવો ઉન્નત ને સાહસિક વિચારોથી થતો નથી.** કેટલાક દેશ હિતચિંતકોએ પોતાના લાંબા વખતના ભૂલ ભરેલા વિચારો અને પ્રગતિનો માર્ગ ફેરવ્યો છે. છેવટ નામદાર શહેનશાહે આપણા ઉન્નતિ ક્રમ માટે જે અગત્યની સંદેશા રૂપ શિખામણ આપી છે. તેનું સ્મરણ અસ્થાને નહિ ગણાય.

**To-day in India I give India the watchword of hope.**

**"આજે હું હિંદને આશાનો મુદ્રાલેખ રાખવા નવો સંદેશો કહું છું."**

આશા એ મધુર શબ્દ છે. આશાએ દુનીઆના નહિ ધારેલા નેમો પાર પાડયા છે. એજ આશાને આપણે વળગી રહી નામદાર શહેનશાહના પ્રતાપથી દેશનો ઉન્નતિક્રમ સાધીશું.

# સદ્ગુણો.

રાજ્યભક્તિ એ તત્વ જેવું વિશાળ છે, તેવુંજ તે ગહન પણ છે. સભાઓ ને સમાજો સ્થાપી ઇચ્છાઓ પ્રદર્શિત કરવી, તેના કરતાં અંતઃકરણની વિશુદ્ધ વાસનાઓને ઉત્તેજીત કરી સન્માર્ગે પ્રેરવી એ કંઇ ઓછું કલ્યાણકર નથી! મનુષ્યનું અંતઃકરણ ધર્મવૃત્તિના સંનિકર્ષ કરતાં મલિનતાથી વિરક્ત રહે એ વધારે સારૂં છે. જ્યાં સુધી માનવહૃદય મલિનતાનો ત્યાગ કરી પવિત્રતાનો સ્વીકાર ન કરે, ત્યાં સુધી મનુષ્યથી જે કાર્ય થાય તે અનિશ્ચિત ને અસ્થિર સમજવું.

મલિનતાના ત્યાગ સાથે સદ્ગુણના ગ્રાહક થવું એ જરૂરનું છે. **લાખો ને કરોડો રૂપિયા મળે એ સંભવિત છે; પણ લાખો ને કરોડો રૂપિએ એક સદ્ગુણ પ્રાપ્ત કરવો એ બહુ દુર્લભ છેઃ** એવો દીર્ઘ વિચાર કર્યા કરતાં હાલ તુરત તો દુર્ગુણમાંથી વિરક્ત રહેવા પ્રયત્ન કરવો એ વધારે લાભદાયી છે. જ્યાં સુધી દુર્ગુણ પ્રત્યે તિરસ્કાર ને અભાવ નહિ ઉત્પન્ન થાય ત્યાં સુધી સદ્ગુણના વિચાર કરવા એ નિરર્થક છે. દુર્ગુણના ત્યાગથી દુનીઆમાં રહેલાં અનેક વાસનાઓનાં પડો ઉથલપાથલ થયાં છે. અશોક વિષે કહેવાય છે, કે એક વખત તેના અંતઃકરણમાં એવું અભિમાન હતું કે તે પોતાનેજ યમ કે ધર્મમૂર્તિ સમજતો. આ માટે ગુન્હેગારોને શિક્ષા કરવા માટે તેણે પોતાનાજ રાજ્યમાં નરકસ્થાન બનાવ્યું હતું. આથી અનેક નિર્દોશીઓને પણ અશોકની ઇચ્છાને અધીન થઇ, તેલના કડકડતા તવામાં, અણીદાર તીક્ષ્ણ ખીલાવાળી શય્યામાં, ભયંકર અગ્નિમાં, તથા ક્રૂર ને ઘાતકી પશુઓને વશ થવું પડતું એટલુંજ નહિ પણ સમગ્ર દેશમાં અશોકની ક્રૂરતા અને નિર્દયતા વિષે એટલો બધો ઉહાપોહ થઇ ગયો હતો, કે તેનાં નિકટનાં સંબંધી પણ તેના તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોતાં; પરન્તુ દૈવકૃપાથી અશોકને જેમ જેમ દુર્ગુણત્યાગનું ભાન થતું ગયું, તેમ તેમ તેને સદ્ગુણની અમૂલ્ય કિંમત સમજાતી ગઇ. તેનું પરિણામ એ આવ્યું છે, કે અદ્યપિ એ અશોક જેવો બીજો અશોક નથી થયો. અત્યારે બૌદ્ધધર્મ ચીન, જાપાન, કેમ્બોડીઆ, સિલોન વગેરે સ્થળે પ્રચલિત છે, તેનું મુખ્ય કારણ અશોકની સદ્ગુણ ભાવના એજ હતું માટે જેમ બને તેમ સદ્ગુણાંકિત થવા પ્રયત્ન કરવો, એજ ખરૂં જિવન સાફલ્ય છે.

સદ્ગુણ પ્રાપ્ત કરવા

કર્ત્તવ્યનું ક્ષેત્ર બહુ વિશાળ છે. પ્રાણી માત્ર કર્ત્તવ્ય પરાયણ રહે: એ દયાળુ પિતા પરમેશ્વરને બહુ ગમે છે. આપણે કદાચ બીજાના દુઃખનું નિવારણ ન કરી શકીએ; પરન્તુ આપણા દુઃખમાંથી મુક્ત થઈ સુખોપાર્જિત સાધન તો પ્રાપ્ત કરી શકીએ ખરા. પરન્તુ એ બધું આપણી કર્ત્તવ્યનૈષ્ઠિકતામાં સમાયલું છે.

કર્ત્તવ્યનિષ્ઠા.

કર્ત્તવ્યથી વિમુખ થવું એ આત્માનું અકલ્યાણ સાધવા જેવું છે. "કામ કરતાં કરતાં મરવું એ શ્રેષ્ઠ છે." આ એક પ્રસિદ્ધ ન્યાયમૂર્તિનું આવશ્યક મંત્ર હતું. આખો જૈનમત કર્ત્તવ્યની મહાન્ ઇમારત પર સ્થિત થએલો છે. પ્રત્યેક ધર્મમાં, સમાજમાં ને સંસ્થામાં કર્ત્તવ્યનેજ અગ્રસ્થાન આપવામાં આવે છે. એમ છતાંય આપણે હજી તેનું યથાવિધિ પાલન કરતા નથી. તેથીજ આપણે આરંભમાં શૂરા અને અંતમાં અધુરા કહેવાઇએ છીએ. અત્યારે અમદાવાદ અને મુંબઇની ઘણીખરી મીલોને વિષમતા પ્રાપ્ત થઇ છે, એનું વાસ્તવિક કારણ કર્ત્તવ્યપરાયણતા સંબંધે અનાવડત એજ છે. હરકોઇ હુનર ઉદ્યોગની શરૂઆતઅને ખિલવટ કરવા પહેલાં તેને માટે સોંઘાં ન સારાં સાધનો ઉપસ્થિત કરવાની જરૂર છે. જ્યાં સુધી આ સાધનો, આપણા દેશમાં સારા પાયાપર ઉપસ્થિત ન થાય ત્યાં સુધી કોઇપણ ઉદ્યોગની પૂર્ણતા આપણે જોઇ શકીશું નહિ. અત્યારે આપણામાંના કેટલાકે ખીલા, સોયોને ટાંકણીઓ બનાવનારાં કારખાનાં કાઢવાની જરૂર છે. નહિ કે, બધાયેજ સુતરની મીલો કહાડવી. આ પ્રમાણે ઉદ્યોગની ખીલવટ કરવાથી ભવિષ્યમાં એ પરિણામ આવશે કે પ્રત્યેક ઉદ્યોગને માટે સોંઘાં ને સારાં સાધનો ઉપસ્થિત થશે.

જે કાર્ય હાથમાં લેવું તેને સારધાર પાર ઉતારવું એ આપણી ઇચ્છાનું પ્રાબલ્ય હોવું જોઇએ. શરૂઆતમાં ફતેહ ન મળે, એટલા માટે તેના સામું જોઇ બેસી રહેવાથી શું લાભ ? ફ્રાન્સનો પ્રસિદ્ધ કુંભાર બનર્ડ પાલિસીનું દૃષ્ટાંત જેણે વાચ્યું હશે તેને માલમ હશે કે કર્ત્તવ્યનિષ્ઠા એ મનુષ્યને કેટલા બધા અંધારામાં લઇ જઇ, અન્તે પ્રકાશ, સંતોષને ફતેહનો દેખાવ નજર સમક્ષ ખડો કરે છે. આ કુંભારનું અંતઃકરણ ઇટાલીની બનાવટનો મીનો ચહાવેલો એક પ્યાલો જોઇ તેની શોધ કરવા માટે જાગૃત થયું. પોતે ઇટાલી જઇ આ હુનર શિખી આવે એટલા પૈસા તેની પાસે ન હતા. તેથી તેણે જાતે જ એ શોધ કરવાનો વિચાર કર્યો. લગભગ ૨૦ ઉપરાંત વર્ષ તેણે એ શોધ પાછળ ગાળ્યાં. પરન્તુ એક લગાર માત્ર પણ ફતેહ મળી નહિ. છતાં પણ તે નાસીપાસ ન થયો. આખરે તેની પાસે ખાવાનું પણ સાધન ન રહ્યું. ઘરની સ્ત્રી અને છોકરાં તેને ધિક્કારવા

લાગ્યાં. ગામના માણુસોએ પણ તેને ગાંડો અને બેવકૂફ ગણ્યો. પરન્તુ તેણે પોતે પોતાનો આગ્રહ છોડયો નહિ. ભટ્ટીમાં મીનો બનાવવાને માટે બળતણુ જોઇએ. પણુ તે પૈસા વગર ક્યાંથી લાવવું ? આથી તેણે પોતાના ઘરનાં તમામ લાકડાં ખીલીઓ, અભરાઇઓ, બારસાખ વગેરેનો બળતણુ તરીકે ઉપયોગ કર્યો. છતાં પણુ સંપૂર્ણ ફતેહ મળી નહિ. આખરે મહા મહા પ્રયત્ને તેણે ચકચકીત સફેત મીનાનો શોધ કર્યો. તેની કારિગીરી આખા યુરોપમાં ફેલાઇ, જેમાંથી તેને ઘણી દોલત પ્રાપ્ત થઇ. વિદ્યા શોધક ન્યૂટનને કોઇ એમ પૂછતું કે તમોએ આટલી બધી શોધ શી રીતે કરી ? તેના ઉત્તરમાં તે માત્ર એટલુંજ કહેતો. કે " એકજ; તેવી રીતે અનેક બાબતો પર નિરંતર વિચાર કર્યાથી. "

સામ્યુઅલડના જિવનચરિત્રથી જે જ્ઞાત હશે, તેને ખબર હશે, કે માનવી કર્ત્તવ્યનિષ્ઠાથી ઉન્નતિના કેવા મહાન શિખરે જઇ શકે છે! સામ્યુઅલડ એક મજુરનો છોકરો હોઇ મોચીનો ધંધો કરતો હતો. પરન્તુ કમભાગ્યે તે ધંધો છોડી દઇ લુંટારાનો ધંધો કરવા લાગ્યો. ને ધંધામાં તે ઘણીવાર મરતાં મરતાં બચ્યો હતો. પણુ કેટલાક સમય પછી તેના હ્રદયમાં ધાર્મિક સંસ્કારની પ્રેરણા થઇ, જેથી લુંટારાનો હલકો ધંધો છોડી દઇ તેને અભ્યાસ કરવાની ઇચ્છા થઇ. તેણે અભ્યાસ કરવાનું શરૂ કર્યું; કાળ જતે તેની આભ્યાસિકવૃત્તિ એટલી બધી પ્રબળ થઇ કે જમતાં જમતાં પણુ તે વાંચવાનું જારી રાખતો. ભરણુપોષણુને માટે રાત્રે પોતાના મૂળ ધંધાને પુનઃ સતેજ કરી જોડા શીવવાનું કામ કરતો, ને દિવસે અભ્યાસ કરતો. આ આદમી આખર જતાં ઇંગ્લંડ અને અમેરિકામાં એક જબરા લેખક તરીકે પંકાયો. અત્યારે પણુ તેનાં આત્મિક જ્ઞાન સંબંધીના પુસ્તકો લોકોમાં પ્રેમપૂર્વક વંચાય છે.

ઉત્તમ રીતે મનુષ્યજિવન વ્યતિત કરવા માટે પરસ્પર સાહાય્ય હોવી જરૂરની છે. મજુરવર્ગ સિવાય ગૃહસ્થવર્ગ નથી ને ગૃહસ્થવર્ગ સિવાય મજુરવર્ગ નથી. એક વખત મજુરવર્ગ કારખાનામાં હાજર ન થાય તો ગૃહસ્થવર્ગની કેવી દશા થાય ? હમણાંજ ઈંગ્લાંડમાં આશરે મજુરવર્ગના દસ લાખ માણુસોએ પોતાના કામ ઉપર ગેરહાજર રહી હડતાલ પાડી હતી. ત્યારે ઈંગ્લાંડના ગૃહસ્થવર્ગની કેવી દશા થઇ હતી ? તેથી ઉલટું : એકદમ ગૃહસ્થવર્ગ મજુરી બંધ કરે તો મજુરોની શું

**પરોપકાર બુદ્ધિ**

દશા થાય ? એ પણુ વિચારવું જોઇએ; પરન્તુ દુનીઆમાં આવા પ્રસંગો બહુજ થોડા બને છે. કારણુ કે માનવ હ્રદયમાં ગુપ્ત રીતે પરોપકાર બુદ્ધિનું તત્વ રહેલું છે. એક ડોશી રેંટીઓ ફેરવી રૂ કાંતે ત્યારે વણુકર લુગડાં વણી શકે, ને ગૃહસ્થ લુગડાં પહેરી શકે. ઘાંચી, મોચી, દરજી, સુથાર ને અં-

ત્યજ એ તમામનો તેઓને પરસ્પર અને બ્રાહ્મણ ક્ષત્રિય આદિ ઉચ્ચ વર્ણને ખપ છે. બ્રાહ્મણ વગર સુથાર વગેરેનું જિવન ને સુથાર સિવાય બ્રાહ્મણનું જિવન અકારૂં થઇ પડે. આ સર્વ પરોપકાર બુદ્ધિનું રહસ્ય છે. અત્યારે આ વિચારને એક ગેરવાજબી સત્તાના રૂપમાં માનવામાં આવે છે. હરકોઇ ગૃહસ્થવર્ગ ગરિબ કે હરકોઇ નિર્બળનું રક્ષણ કરે તો તે બહુધા એમજ માને છે, કે મ તેના ઉપર મહદુપકાર કર્યો છે. જેઓ પરોપકાર બુદ્ધિના રહસ્યને નથી સમજતા, જેઓમાં આત્મજ્ઞાન અને વિવેક નથી તેઓજ આવી રીતે વિચાર શૂન્યતા દર્શાવે છે મનુષ્ય બીજાને માટે જે કંઇ કાર્ય યોજે છે, ને બીજાના કલ્યાણને માટે વિચાર કરે છે તે કઇ તેના ઉપર ઉપકાર નથી કરતો ! પણ પોતાની ફરજ બજાવે છે. જેઓ આ વિચારને સંપૂર્ણ રીતે અનુસરનારા છે તેઓજ ખરા પરોપકારી અને ઉદાર છે, એમ કહી શકાય. **પ્રત્યેક સજ્જને સમજવું જોઇએ કે પોતાનું શરીર ને બુદ્ધિ પોતાને માટે નથી પણ પરને માટે છે.** આપણા શાસ્ત્રો પણ પુકારતાં આવ્યાં છે, કે સજ્જન પુરૂષની પ્રવૃત્તિ એ પરોપકાર માટે છે.

પણ કહેવામાં આવે છે, કે હવે એવી રીતે પરોપકાર કરનારા સંત પુરૂષોનો જમાનો જતો રહ્યો છે. અત્યારે તો જેઓને સન્માનની આકાંક્ષા અને ક્ષુધા હોય છે તેઓજ કંઇક કરે છે. બાકી તો ઘણાખરા પોતાના દ્રવ્યને ગોદમાં સંતાડી ઉંઘનારા છે. વળી એમ પણ કહેવાય છે કે સતયુગનો જમાનો જતો રહ્યો છે. કલિયુગ બેઠો છે, એટલે ગમે તેટલો ઉપદેશ આપવામાં આવશે તોપણ પરોપકારને ધાર્મિક ફરજ તરીકે માનનારા તો ઘણાજ થોડા હાથ લાગશે. આ દલીલ બિલકુલ અસત્ય છે. **સમયને અધીન મનુષ્ય નથી પણ મનુષ્યને અધીન સમય છે** જેમ જેમ માનવવૃત્તિમાં વ્યુત્ક્રમ થતો ગયો તેમ તેમ સમય પલટાતો ગયો. જેનો ધર્મ હમેશાં સત્ય, દયા, ક્ષમા સ્વાભાવિક પરોપકાર, ને શુદ્ધજ્ઞાન એમાંજ સમાયેલો છે, તેને તો સદૈવ આ દુનિઆમાં સતયુગજ ભાસે છે જેઓનાં અંતઃકરણ આવા પ્રકારના ધર્મરહિત છે, તેઓને સદૈવ આ દુનીઆમાં કલિયુગ ભાસે એ સ્વાભાવિક છે. જ્યારે તમામ માણસો પરોપકાર એ કર્ત્તવ્ય સમજે અને તે પ્રમાણે આચારમાં મૂકે ત્યારે અત્યારનો કલિયુગી પવન લુપ્ત થઇ સતયુગની શાન્ત અને સ્વચ્છ લહેરો પ્રસરે ! એમાં શું સંશય ?

માબાપોએ બાળકોની વૃત્તિઓને તેઓની કુમળી વયમાંથી સંકુચિત ન બનાવતાં, તેની વૃત્તિઓને સન્માર્ગે પ્રેરી ઉદારતાથી વિવર્ધિત કરવી જોઇએ. બાળકોને ખાવા આપેલી જણસ તે એકલાં નહિ પણ સરખે ભાગે વહેંચીને ખાય એવી એમને ઉદાર સૂચના આપવી જરૂરની છે. તેઓના હૃદયમાં પવિત્ર સંસ્કારો સ્ફૂરે તેને માટે વડીલો-

એજ અનુકરણીય બની પરોપકારી થવું. માબાપોનું આવું શિષ્ટવર્તન જોઈ છોકરાંઓ સદ્વર્તનશાળી બનશે. જે આગળ જતાં પરોપકારના શાસ્ત્રરૂપે દીપી નિકળશે. જો બાળકો પોતે જાતે સંકટ સહન કરી અન્યને સુખ આપવાના ઉપાયો યોજતાં શિખશે તોજ વાસ્તવિક રીતે પરોપકારવૃત્તિની સંપૂર્ણપણે ખીલવટ થશે.

સત્યતાના સંબંધમાં પાછળ ભિન્ન ભિન્ન સ્થળે કહ્યું છે, પરન્તુ એ સદ્ગુણ એવો પ્રતાપી છે, કે તેના વિષે જેટલું ન કહીએ તેટલું ઓછું. આવી પ્રતાપીસત્યતા એ માનવજિવનનો અમૂલ્ય સદ્ગુણ છે. ઘોર–મહા ભયંકર કાળરાત્રિમાં લગાર પણ દીવો કે પ્રકાશ સત્યસ્થાનનું ભાન કરાવે છે. **તેવીજ રીતે પ્રકાશરૂપ સત્યતાએ માનવહૃદયના મલિનતારૂપ અંધકારને દૂર કરી શુદ્ધચૈતન્યજ્ઞાન દર્શાવે છે.** દુનીઆની ચોતરફ નજર ફેરવતાં પ્રત્યક્ષ થાય છે કે દુનીઆનો ઘણોખરો ભાગ સત્યતાના સિદ્ધાંતને ચાહનારો અને એમાંજ મસ્ગુલ રહેનારો છે. સત્યતા એ માનવીના

સત્યતા.

ઓજસ્પણામાં વૃદ્ધિભૂત કારણ થઇ તેની કિંમતનો અંક વધારે છે. તદન અસત્ય બોલનારો પણ કંઇ સત્ય વસ્તુને ભૂલી જતો નથી. **પાપ તથા નરકનું પગથીઉં અસત્યતા અને પુણ્ય તથા સ્વર્ગનું પગથીઉં સત્યતા છે.** અસત્ય બોલનારને પણ સત્યતામાં પ્રેમ ને રસજ્ઞતા ઉત્પન્ન થાય છે. સત્ય એ શરૂઆતમાં તો સંકટદાયી લાગે છે : ને એમ લાગવું એ સ્વાભાવિક છે; કારણ કે સારૂં સાંપડવું એ મુસ્કેલ છે. જો સદ્લાભ એમ સહેલાઇથી પ્રાપ્ત થતા હોત તો પછી પરમેશ્વરની પ્રાપ્તિ બધા સહેલાઇથીજ મેળવી શકત ? પરન્તુ જો ક્રમે ક્રમે સત્યતાનું આલંબન લેવાય તો તેમાં કંઇક એવી રસિકતા ઉત્પન્ન થાય છે, કે જેમ જેમ તે સમજાય તેમ આત્મા શુદ્ધ જ્ઞાનને પ્રાપ્ત કરી દુનીઆમાં નિરૂપાધિનજિવન વ્યતિત કરે છે.

ભારતભૂષણ રાજા હરિશ્ચંદ્રે **સત્યતાને માટે** ભારતવર્ષનું ચક્રવર્તિપણું, અનગલ રાજ્યલક્ષ્મી તથા રાજ્ય સત્તાનો ત્યાગ કરી, પોતાનાં સ્ત્રીપુત્રનો વિક્રય કરી, અંત્યજ સેવાનો સ્વીકાર કર્યો હતો. પરન્તુ તેનું ફલ જુઓ, કેવું શુદ્ધાનંદ રૂપ પ્રાપ્ત થયું ! જ્યારે ધર્મમૂર્તિ સત્યવાદી યુધિષ્ઠિરને પણ અર્ધ કિંચિત અસત્યને માટે હિમાળો સેવવો પડયો હતો. **આમન્યાચ્યી પિતા પરમેશ્વર સત્યનું ફલ સત્ય મારફતે અને અસત્યનું ફળ અસત્ય મારફતે આપે છે. તેને ત્યાં તો રાજા અને રંક બધા એકજ જમીન**

**ઉપર એક સાથે બેસનારા છે. એ દયાળુ પિતા આપણો ન્યાય્ય આપણાજ હાથે કર્મ મારફતે ચુકાવરાવે છે.**

કહેવામાં આવે છે, કે વ્યવહારમાં તો અસત્ય બોલ્યા સિવાય ચાલતું નથી; પરન્તુ આ તદ્દન ખોટું છે. જ્યાં સત્ય વ્યવહાર ચાલે છે. ત્યાં અસત્યની શું જરૂર છે ? હજી દુનીઆ કંઇ સત્ય વ્યવહારથી વિરક્ત નથી થઇ. દુનીઆના ઘણા ભાગમાં અને ઘણાં કુટુંબમાં સત્ય વ્યવહાર નજરે પડે છે, તે તરફ નજર કરો !

ઘણા લોકો ક્ષણે ક્ષણે અસત્ય બોલનારા છે. તેઓ અસત્યનેજ સત્ય માની બેઠા છે. પરન્તુ એ સઘળાએ દયાળુ પિતા પરમેશ્વરની પ્રાર્થના કરી સત્ય જ્ઞાનની યાચના કરવી જરૂરની છે. જેથી તેઓના હૃદયમાં સૂક્ષ્મવિચારશક્તિનો ઉદ્‍બોધ થઇ. આત્માનાં મલિન સત્વો નાશ પામી વિના વિલંબે **સત્ય પ્રકાશનાં** કિરણો સ્ફુરશે.

પણ રાજ્યભકિત સાથે આ પવિત્રતાને કર્ત્તવ્ય નિષ્ઠાને, પરોપકારને અને સત્યતાને શું સંબંધ ? આ પ્રશ્ન ઉપસ્થિત થવો એ સ્વાભાવિક છે. પણ સમજવું જોઇએ કે ઉપર કહેલા સર્વ સદ્‍ગુણોની રાજ્યભકિત દર્શાવવામાં આવશ્યકતા છે.

રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ; એ સદ્‍ગુણોને ગ્રહણ કર્યા સિવાય ટકી શકતો નથી. રાજામાં પરોપકાર વૃત્તિ ન હોય તો પ્રજા કર્ત્તવ્યનિષ્ઠ શી રીતે બને ? તેમ રાજામાં સત્યતા ન હોય તો પ્રજા પવિત્ર શી રીતે બને ? પ્રજાએ પોતાની કર્ત્તવ્યનિષ્ઠામાંથી ને પવિત્રતામાંથી ખંડિત ન થવું જોઇએ. ઉપરાંત સત્યવૃત્તિપૂર્વક પરોપકારનું સેવન કરવું જોઇએ. આથી સમગ્રરાષ્ટ્ર **ધર્મરાજ્ય થશે.**

રાજ્યભક્તિ સાથે આ સર્વને શું સંબંધ ?

પાછળ ધર્મભકિત કરતાં રાજ્યભકિત શ્રેષ્ઠ માનવામાં આવી છે. ધર્મની ઉન્નતિ કરવાનાં અનેક સાધનો છે. એમાં સાધન રૂપે ખસૂસ કરીને ઉપરોકત સદ્‍ગુણોની જરૂર છે. આ પ્રમાણે ધર્મોન્નતિ કરવામાં સદ્‍ગુણોની જરૂર છે, તો રાજભકિત કરવામાં શા માટે સદ્‍ગુણોની અનાવશ્યકતા હોઇ શકે ?

પુરૂષોએ, સ્ત્રીઓએ અને બાળકોએ રાજ્યભક્તિ એ કર્ત્તવ્યનું પાલન કરવા માટે સદ્‍ગુણી થવું જરૂરનું છે. રાજ્યભક્તિ એ ઉપરના સદ્‍ગુણોથી બનેલું સંબદ્ધ શરીર છે. ઉપર તો માત્ર ચારજ સદ્‍ગુણો ગણાવ્યા છે; તેથી એમ ન સમજવું કે દુનીઆ ઉપર પ્રાપ્ત કરવાના સદ્‍ગુણો અલ્પ છે. તેતો અનલ્પ છે. પરન્તુ ઉપરોકત સદ્‍ગુણોમાં ગૌણ રૂપે ઘણાખરા સદ્‍ગુણોનો સમાવેશ થઇ જાય છે; જેથી એ ચાર સદ્‍ગુણોને પ્રાધાન્ય આપ્યું છે. ઉપરના સદ્‍ગુણોમાંથી જો એ-

કાદ સદ્દગુણની ખંડિતતા માનવ હૃદયમાં થશે તો તેથી તેની રાજ્યભકિતમાં પણ ખંડિતતાજ થવાની. વળી એટલું પણ ખાત્રીપૂર્વક **સમજવું કે, જેના હૃદયમાં એક પણ સદ્દગુણ ખંડિત થયો, તે હૃદયમાં એક પણ સદ્દગુણ તે પછી રહેશે નહિ.** ક્રમે ક્રમે આકર્ષણના નિયમ પુરઃસર બધા સદ્દગુણો પલાયન કરી જશે.

અત્યારે તો આપણામાંના ઘણાની ઇચ્છા, દેશોદય કરવાની છે. જ્યાં જઇશું ત્યાં આજ વાતો સાંભળવામાં આવે છે. કોઇ સ્વદેશી માલ વાપરી દેશોદય કરવા માગે છે, તો કોઇ વકતૃત્વશકિતદ્વારા દેશોદય કરવા માગે છે, ત્યારે કોઇ વળી સાહસિક કાર્યોને પણ દેશોદય કરવાનું સાધન માને છે. ગમે તેમ હોય પણ સદ્દગુણો સિવાય એ ઉપાયો વ્યર્થવાદ જેવાજ છે. **સદ્દગુણ એજ સાંસારિક, વ્યાવહારિક ને આત્મિક ઉન્નતિનું સાધન છે.** મનુષ્યનું અંતઃકરણ સદ્દગુણથી જેવું આકર્ષાય છે, તેવું બીજા કોઇપણ આકર્ષક પદાર્થથી આકર્ષાતું નથી.

અત્યારે દેશોન્નતિના જે કંઇ ઉપાયો લેવાય છે તેને જ્યાં સુધી સદ્દગુણનું સંપૂર્ણપણે પોષણ નહિ મળે ત્યાંસુધી એ ઉપાયો અપૂર્ણ ને અજ્ઞાનમય છે એમ કહી શકાશે. સમજવું જોઇએ કે જે શિક્ષિત વર્ગ દેશોદય કરવા સંબંધે વિચાર યોજે છે તેઓનું મૂળ તત્વ **સદ્દગુણી બનો ! એજ છે. જો દેશની પ્રત્યેક વ્યકિત સદ્દગુણી બનશે તો બીજા કોઇપણ ઉપાયો કરતાં તેનાથી દેશોદય જલ્દી થશે; કારણ કે એ ઉપાય સોંઘો અને સહજ છે.**

હવે આ નિબંધ પૂરો કર્યા પહેલાં, **शंखचक्रगदाहीनोद्वि भूजः परमेश्वरः** એવા પરમેશ્વર રૂપ અને પિતારૂપ રાજાનું સ્મરણ આવશ્યક થઇ પડશે.

**દયાળુ પિતા પરમેશ્વર શહેનશાહ જયોર્જને દીર્ઘાયુઃ અર્પણ કરે !**

સમાપ્ત